# પ્રકરણ - (૭)

## આંગિક અભિનય અને સંસ્કૃત નાટ્યસાહિત્ય :

આધુનિક રંગમંચ ઉપર દૃશ્યના સ્થળ તથા વાતાવરણ ઉભું કરવાનું કાર્ય રંગતંત્રના વિવિધ કસબીઓ તેમજ રંગકર્મીઓ ધ્વારા પાર પાડવામાં આવે છે. અમુક ખાસ પ્રકારની શૈલીના નાટકો બાદ કરતાં મોટા ભાગના નાટકોમાં નટનું કાર્ય ' પાત્રસર્જન' પૂરતું મર્યાદિત રહે છે. દૃશ્યના સ્થળ અને વાતાવરણથી પ્રેક્ષકોને માહિતગાર કરવાનું કાર્ય તેને કરવું પડતું નથી. દૃશ્યબંધ અને પ્રકાશ આયોજનથી તે આપોઆપ સૂચિત થાય છે પણ પ્રાચીન સંસ્કૃત રંગમંચ ઉપર આવી સગવડ નહોતી. રંગમંચના મર્યાદિત વિકાસને કારણે બહુધા નટેજ પોતાના આંગિક તથા વાચિક અભિનય ધ્વારા દૃશ્યો સજીવન કરવા પડતાં.તે વખતે નટનું કાર્ય કેવળ 'પાત્રસર્જન' સુધી મર્યાદિત નહોતું. પોતાના આંગિક અભિનય ધ્વારા તે પાત્રાનુરુપ ચેષ્ટાઓ તો કરતો પણ સાથે સાથે દૃશ્યના સ્થળ અને વાતાવરણ સૂચિત કરવા માટે દૃશ્યબંધની કામગીરી પણ પોતાની વિશિષ્ટ આંગિક ચેષ્ટાઓ ધ્વારા પાર પાડતો. તે પાત્ર પણ બનતો અને આખ્યાનકાર narrator પણ. શબ્દના માધ્યમની સાથે સાથે શરીરના માધ્યમ વડે પણ તે આખ્યાનકારની વધારાની જવાબદારી નિપૂણતાથી અદા કરતો.

ભરતમુનિએ 'આંગિક અભિનય' અંતર્ગત આ બધી શકયતાનો સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કર્યો છે તે આપણે ગત પ્રકરણમાં જોયું. આ પ્રકરણમાં, સંસ્કૃત નાટ્ય સાહિત્યમાંથી કેટલીક સીમાચિહ્ન રુપ ગણાતી નાટ્યકૃતિઓના ઉદાહરણ ધ્વારા નટના આ વિશિષ્ટ કાર્યને સ્પષ્ટ કરી આપવાનો ઉપક્રમ છે. સ્થળ સંકોચને કારણે માત્ર નીચે જણાવેલી કૃતીઓજ પસંદ કરવામાં આવી છે. (૧) મૃચ્છકટિક (૨) માલવિકાગ્નિમિત્ર (૩) અભિજ્ઞાન શાકુન્તલ (૪) વિક્રમોવર્શીય (૫) રત્નાવલિ (૬) માલતી માધવ (૭) ઉત્તર રામચરિત (૮) વેણીસંહાર (૯) કર્પૂરમંજરી.

આંગિક અભિનયના ત્રિવિધ વિનિયોગ :

પ્રાચીન સંસ્કૃત નાટ્યસાહિત્યમાં, આંગિક અભિનયના ત્રિવિધ વિનિયોગ સૂચવાયા છે. (૧) સૂચ્ય, શાખા તથા અંકુર પ્રકારના શારીરાભિનય રુપે (૨) નાટ્યધર્મી શૈલીમાં પ્રયોજાતી સાંકેતિક, રુઢ, રીતીબધ્ધ આંગિક ચેષ્ટાઓ સૂચવતા વિવિધ રંગનિર્દેશ stage direction રુપે તથા (૩) કક્ષ્યાવિભાગ સાથે સંકળાયેલ વિવિધ ગતિપ્રચાર રુપે.

પ્રાચીન સંસ્કૃત નાટકોમાં, વિવિધ શ્લોકોનું પઠન અથવા ગાન, પાત્ર ધ્વારા રંગમંચ ઉપર થતું ત્યારે, શ્લોકના અર્થને સ્પષ્ટ કરી આપતો આંગિક અભિનય પણ નટ ધ્વારા પ્રયોજાતો. વળી કોઇ અન્ય પાત્ર, બનતી ઘટનાઓના વર્ણન રુપે કે ટીકા ટિપ્પણ રુપે શ્લોકનું પઠન કરતું અને તેને અનુરુપ આંગિક અભિનય પાત્ર રજૂ કરતું. કેટલીક પરિસ્થિતિઓમાં શ્લોકનું પઠન અથવા ગાન નેપથ્યમાંથી થતું અને રંગમંચ ઉપરનું પાત્ર તેના અર્થને સ્પષ્ટ કરી આપતો આંગિક અભિનય રજૂ કરતું. આ ત્રણે કિસ્સાઓમાં સૂચ્ય, શાખા કે અંકુર પ્રકારના શારીરાભિનયનો વિનિયોગ વાચિક અભિનયની પૂર્તિરુપે થતો. ભરતમુનિ ધ્વારા નિરુપિત અંગ-ઉપાંગોના વિવિધ વિનિયોગો તેમાં પ્રયોજાતા.

પ્રાચીન સંસ્કૃત નાટકોમાં, આંગિક અભિનયના સૂચક રંગનિર્દેશો stage directions પણ મળી આવે છે. આ પ્રકારના રંગનિર્દેશો મોટે ભાગે નાટ્યધર્મી શૈલીમાં પ્રયોજાતી સાંકેતિક, રુઢ, રીતિબધ્ધ પ્રકારની આંગિક ચેષ્ટાઓ ઇંગિત કરે છે, સ્વભાવિક અને અનુકરણાત્મક નહિ, તે તદ્દ્વિષયક વિસ્તૃત ચર્ચા પરથી સ્પષ્ટ થશે. કેટલાક વિધ્વાનો, આ રંગનિર્દેશો સ્વયં નાટ્યકાર ધ્વારા લખાયેલા હોવાનું અસ્વીકારી, શેકસપિયરના નાટકોમાં બન્યું છે તેમ - પૂર્વાભ્યાસ સમયે સહાયક દિગ્દર્શક અથવા રંગકર્મી ધ્વારા નાટ્યપ્રતમાં દિગ્દર્શકની સૂચના પ્રમાણે નોંધવામાં આવેલા નિર્દેશો છે અથવા લહિયાઓ ધ્વારા પાછળથી થયેલું ઉમેરણ છે એવો મત દર્શાવે છે.

ઉપરોક્ત બંને પ્રકારના વિનિયોગની વિગતવાર છણાવટ લગભગ નવ જેટલા સંસ્કૃત નાટકોના આધારે અત્રે પ્રસ્તુત કરવામાં આવી છે. કક્ષાવિભાગ સાથે સંકળાયેલ

આંગિક ચેષ્ટાઓ વિશે વિગતવાર ચર્ચા અન્યત્ર, ઉક્ષ્યા કક્ષાવિભાગને લગતા સ્વતંત્ર પ્રકરણમાં કરવામાં આવી છે.

પ્રાચીન સંસ્કૃત નાટકોમાં વસ્તુ સંવિધાનના એક ભાગ રુપે વિવિધ નૃત્યપ્રયોગોનો પણ સમાવેશ થયો છે. તેમાં પ્રયોજાતા આંગિક અભિનય વિશેની ચર્ચા પણ અત્રે આવરી લેવામાં આવી છે.

મૃચ્છકટિક :

લોકધર્મી અને નાટ્યધર્મી શૈલીનો વિરલ સમન્વય ધરાવતાં, લોકસંશ્રય, કથાવસ્તુવાળા 'પ્રકરણ' પ્રકારના રુપક 'મૃચ્છકટિક'માં કવિ શુદ્રકે, 'વસન્તસેના અનુસરણ પ્રસંગે'માં નિવૃત્યંકુર પ્રકારના શારીરાભિનયનો સુંદર વિનિયોગ કર્યો છે.

ચારુદત્ત અને વિદૂષક ઘરની અંદર બેઠેલા છે, તે સમયે, રંગનિર્દેશ પ્રમાણે 'વિટ, શકાર અને ચેટ જેની પાછળ પડયા છે તેવી વસન્તસેના પ્રવેશ કરે છે'. તે પછી વિટની ઉક્તિ છે,

વિટ : ઓ વસન્તસેના ! ઉભી રહે, ઉભી રહે.

ભયથી સુકોમળતાને બદલી નાખતી, નૃત્ય પ્રયોગમાં નિષ્ણાત ચરણોનો વિનિયોગ કરતી તું, ઉદ્વેગ પામેલા ચંચળ કટાક્ષવાળી દૃષ્ટિ નાખતી, શિકારીના પાછળ પડવાથી ડરેલી હરિણીની માફક શા માટે જાય છે ? (શ્લોક ૧૭)

વિટ દ્વારા પ્રસ્તુત શ્લોકના પઠન સમયે રંગમંચ પર વસન્તસેના નિષ્ક્રિય નહીં રહે. શ્લોકમાં કહેવાયું છે તેમ નૃત્યપ્રયોગમાં પ્રવીણ એવી વસન્તસેના, ડરેલી હરિણીની માફક ગતિ કરે છે અને તેના મોં ઉપર ઉદ્વેગનો ભાવ છે તથા દૃષ્ટિ ચંચળ અને કટાક્ષયુક્ત છે. વસન્તસેના આ તમામ ભાવો તથા ક્રિયા પોતાના આંગિક અભિનય દ્વારા સ્પષ્ટ કરી આપશે. હરિણપ્લુતા ચારીમાં ચરણ વિન્યાસ કરતી વસન્તસેનાની આંગિક ચેષ્ટાઓ અન્ય પાત્ર (વિટ) દ્વારા થતા શ્લોક પઠનની પૂર્તિરુપ હોવાથી તે ભરતમુનિએ જેને નિવૃત્યંકુર પ્રકારનો

શારીરાભિનય કહ્યો છે, તેનું ઉદાહરણ બનશે. ખરું જોતાં વસન્તસેના અનુસરણનો આખોય પ્રસંગ નિવૃત્યંકુર પ્રકારના શારીરાભિનયનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

આંગિક અભિનયના સૂચક રંગનિર્દેશો :

'મૃચ્છકટિક'માં આંગિક અભિનયના સૂચક એવા કેટલાક રંગનિર્દેશો પણ મળી આવે છે.

'અલંકાર ન્યાસ' નામના પ્રથમ અંકમાં વિટની આ ઉક્તિ -

વિટ : ઓ વસન્તસેના ! સાચેજ વાદળ અંદરના ભાગમાં છુપાયેલી વિદ્યુતની માફક તું સાંજના અંધકારથી દેખાતી નથી પણ ઓ ભીરુ ! માળાથી ઉદ્ભવતી આ સુવાસ તથા રણકાર કરતાં નૂપુર તને સૂચવશે.

પછી તરતજ વસન્તસેના 'સાંભળ્યું અને સ્વીકાર્યું' એમ સ્વગતપણે બોલે છે. ત્યાર બાદ રંગનિર્દેશ છે કે ' નાટ્યેન નૂપુરાણ્યુત્સાર્ય માલ્યાનિ ચાપનીય કિંચિત્પરિક્રમ્ય હસ્તેન પરામૃશ્ય ' અર્થાત 'અભિનયથી નૂપુર કાઢીને અને માળા ફેંકી દઇને, કંઇક ખસીને અને હાથથી અડકીને' અને તે પછી વસન્તસેનાની ઉક્તિ છે કે -

વસન્તસેના : ઓહો ! ભીંતના સ્પર્શથી સૂચવાયેલું આ ખરેખર બાજુનું બારણું છે અને સંયોગથી જાણું છું (કે) ઘરનું બાજુનું બારણું વસાયેલું છે.

રંગનિર્દેશ અને તે પછીની વસન્તસેનાની આ ઉક્તિ, વસન્તસેના નૂપુર કાઢવાનો તથા ચારુદત્તના ઘરની ભીંત તથા બારણું ફંફોસવાનો આંગિક અભિનય કરી રહી હોવાનું સૂચવે છે. આ આંગિક અભિનય આ પ્રકારનો હોઇ શકે.

(૧) બે સૂચિમુખ મુદ્રાયુક્ત હસ્તને એક બીજાની સન્મુખ જમણા પાર્શ્વમાં રાખી રાત્રિનું સૂચન કરશે.

(૨) બે અર્ધચન્દ્ર મુદ્રાયુક્ત હસ્ત વડે બાજુબંધ તેમજ નૂપુર કાઢવાનો અભિનય થશે.

(૩) ત્રિપતાક મુદ્રાવાળા હસ્તથી ચારુદત્તના ઘરનું બારણું સૂચવાશે.

(૪) પતાક હસ્ત વડે ઘરમાં પ્રવેશવાનો સંકેત થશે.

આમ પ્રથમ અંકમાં વસન્તસેનાનું અનુસરણ તેનું ભીંતને પકડીને ચાલવું, ચાલતા ચાલતા બારણું શોધવું અને બારણું ખોળી કાઢયા પછી અંદર પ્રવેશ કરવો વિગેરે 'આંગિક અભિનય' દ્વારા તાદૃશ કરવામાં આવશે.

વસંતસેનાની પ્રસ્તુત ઉકિત પછી તરતજ, ધ્યાનમાંથી ઉઠેલ ચારુદત્ત ફરી એકવાર વિદૂષકને ચકલામાં બલિ મૂકી આપવા આદેશ કરે છે. વિદૂષક, રદનિકા સાથે આવે તે શરતે એ કાર્ય કરવા તૈયાર થાય છે. તે રદનિકાના હાથમાં બલિ અને દીવો પકડાવી, બહાર જવા માટે બારણું ઉઘાડે છે. પછી તરતજ વસન્તસેનાની ઉકિત છે કે -

વસંતસેના : જાણે મારા ઉપર કૃપા કરવાના નિમિત્તથી બાજુનું બારણું ખુલ્યું. ત્યારે
પ્રવેશ કરું ? (જોઇને) અરેરે ! હરિ હરિ ! શું દીવો !

ઉકિતના અંતે રંગનિર્દેશ છે 'પટાન્તેન નિર્વાપ્ય પ્રવિષ્ટા' અર્થાત 'વસ્ત્રના છેડાથી દીવો હોલવીને પ્રવેશ'. રંગમંચ ઉપર મંચવસ્તુ તરીકે દીવો હોય તો હોલવવાની ક્રિયા સ્વાભાવિકપણે થશે પરંતુ જો ન હોય તો તે 'હંસાસ્ય હસ્તમુદ્રા' વડે નાટ્યધર્મી શૈલીમાં સૂચવી શકાશે. જો કે આ લક્ષણ ભરતમુનિ કથિત નહિ પણ 'અભિનયદર્પણ' અનુસાર છે. 'ધુતેકર સંવાહક' નામના બિજા અંકમાં આરંભમાં ચેટીની આ ઉકિત 'મનમાં કંઇ વિચાર કરતાં આર્યા આ રહયાં. તો જરા સહેજ પાસે જાઉં' પછી તરતજ રંગનિર્દેશ છે કે 'આસન ઉપર બેઠેલી ઉત્કંઠિત વસન્તસેના મદનિકા સાથે પ્રવેશે છે.' આ ઉત્કંઠિત 'અવસ્થા તે ભરતમુનિએ જેને પ્રણયની 'ઉન્માદ' અવસ્થા કહી છે તે. તેનો અભિનય સ્થિર દૃષ્ટિ, ઉંડો નિઃશ્વાસ તથા શૂન્યમનસ્ક દ્વારા થઇ શકે તેવું ભરતમુનિનું વિધાન છે. 'ઉત્કંઠ' નો ભાવ બે 'અવહિત્થ' હસ્ત વડે પણ સાંકેતિક રીતે નિરુપી શકાય. વસંતસેના ખરેખર શૂન્યમનસ્ક છે. પોતે શું કહયું તે પણ તેને યાદ નથી. ચેટી સાથેના વાર્તાલાપ દરમ્યાન તે ભ્રૂકુટિ ચઢાવીને બોલે છે (સભ્રૂક્ષેપમ્) એવો રંગનિર્દેશ છે. ભરતમુનિએ જેને ભ્રમરના વિવિધ હલનચલનમાં ગણાવી છે તે 'ઉત્ક્ષેપ' પ્રકારની ક્રિયા છે.

આજ અંકમાં આગળ, જુગારમાં નિષ્ફળ બનેલ સંવાહક જુગારના દોષ દર્શાવતો પ્રવેશ કરે છે અને કહે છે ''...જ્યાં સુધી આ સભિક અને ધૂતકર (જુગારી) મને બીજે શોધે છે ત્યાં સુધી હું અવળા પગલે સૂના મંદિરમાં પ્રવેશી દેવ બની જાઉં.' અને દશ સોનામહોર માટે લેણદારોથી પીછો કરાયેલ જુગારી સંવાહક અવળે પગલે શૂન્ય મંદિરમાં પ્રવેશે છે. અહીં હસ્તમુદ્રાઓના વિનિયોગનો અવકાશ રહેલો છે જેમ કે સંવાહક બનતો નટ બે 'કર્તરિમુખ હસ્ત' વડે મંદિરનું ગોપૂરમ્ દર્શાવશે અને બે પતાક હસ્ત વડે તેમાં થતો પ્રવેશ સૂચવશે. ધૂર્ત જુગારી દેવની પ્રતિમા બની ઉભો રહે છે અને માથુર તથા ધુતકરને ભુલાવામાં નાખે છે. દેવાળીયાને શોધવામાં નિષ્ફળ ગયેલ માથુર અને ધુતકર ત્યાં જુગાર રમવા લેસે છે. પાસાનો અવાજ ફરી એક વાર સંવાહકને પરવશ બનાવે છે. ફરી એક વાર ભય ભૂલી જુગાર રમવા જતાં લેણદારો તેને ઓળખી કાઢે છે અને તેને મારવા માંડે છે. અહીં સુધીનું દૃશ્ય તો વાસ્તવિક રીતે લોકધર્મી શૈલીમાં ભજવાશે. જુગાર રમવાની ક્રિયા અને પ્રારંભિક મારપીટ સંકેતાત્મક રીતે નહિ પણ અનુકરણાત્મક રીતેજ રજૂ થશે. તે પછી સંવાહકનો સમભાવી એવો બીજો જુગારી દર્દુરક પ્રવેશે છે. તે સંવાહકને માથુરના પંજામાંથી છોડાવવા અનેક પ્રયત્નો કરે છે, જાત જાતની યુક્તિપ્રયુક્તિ અજમાવે છે પણ નિષ્ફળ નિવડે છે. દર્દુરકની આ ઉક્તિ 'મૂરખા પરોક્ષમાં છેતરી શકાશે, મારી નજર સામે છેતરી નહિ શકાય.' પછી તરતજ રંગનિર્દેશ છે કે 'માથુર સંવાહકને નાકની દાંડી ઉપર એક મુક્કી લગાવે છે. લોહીવાળો સંવાહક, મૂર્છાનો અભિનય કરી જમીન ઉપર પડે છે.' અહીં લોહી નીકળવાની તથા મૂર્છા પામવાની ક્રિયા નાટ્યધર્મી શૈલીમાં સંકેતાત્મક રીતે વિશિષ્ટ પ્રકારની આંગિક મુદ્રાઓ દ્વારા રજૂ થશે, લોકધર્મી શૈલીમાં વાસ્તવિક રીતે નહીં.

મૂર્છિત સંવાહકની વ્હારે આવેલા દર્દુરકને પણ માર પડે છે. આથી ગુસ્સે થયેલો દર્દુરક, માથુરની આંખોમાં રેતી નાખી સંવાહકને ભાગી જવાની સંજ્ઞા કરે છે. માથુર આંખ મીચી જમીન પર પડે છે. સંવાહક નાસી જાય છે. તે પછી તરતજ દર્દુરકની સ્વગત ઉક્તિ આવે છે અને ત્યાર બાદ તુરંતજ 'સંવાહક વસન્તસેનાના ઘરમાં પ્રવેશવાનો અભિનય કરે છે.' એવો રંગનિર્દેશ મળે છે. દૃશ્ય પરિવર્તન કે અંક પરિવર્તન વિનાજ અહીં ક્રિયાનું સ્થળ

મંદિરમાંથી, વસન્તસેનાના ઘરમાં પરિવર્તિત થાય છે. વસન્તસેના ઘરના અંદરના ભાગમાં છે જ્યારે સંવાહકની પાછળ પડેલા માથુર અને ધુતકર ઘરના બહારના ભાગમાં છે. વસન્તસેનાએ મોકલેલી ચેટી મદનિકા બહાર આવીને સંવાહકને પૂછે છે 'કયાંથી આવો છો ભાઇ ? આપશ્રી કોણ છો ? ...' વિગેરે વિગેરે અને તે પછી સંવાહક તથા મદનિકા વચ્ચે વાતચીત ચાલે છે તે પણ ઘરના બહારના ભાગમાં. વસન્તસેના સંવાહકને આસન આપે છે, ઘરના અંદરના ભાગમાં. આમ ઘરની અંદરના તથા બહારના સ્થળો એકી સાથે દૃશ્યમાં સૂચવાયા છે. અહીં ઘરમાંથી બહાર પ્રસ્થાન કરવાનો કે બહારથી ઘરમાં પ્રવેશવાનો ભાવ સાંકેતિકપણે દર્શાવાશે. 'હંસાસ્ય' હસ્તમુદ્રા ધારણ કરી રંગમંચના એક ભાગમાંથી બીજા ભાગમાં જતો નટ આસાનીથી ઘરમાંથી બહાર પ્રસ્થાન કરવાનો ભાવ સૂચવી શકશે અથવા તો પછી 'પતાક' હસ્તમુદ્રા ધ્વારા સરળતાથી બહારથી ઘરમાં પ્રવેશ્યાનો ભાવ રજૂ કરી શકશે. 'સંપુટક પતાક હસ્ત' ધ્વારા નટ પોતે જ ઘર સૂચવી શકશે. આમ અહીં રંગતંત્રના કસબ ધ્વારા નહિ પણ નટની વિશિષ્ટ આંગિક મુદ્રાઓ ધ્વારાજ સ્થળનો નિર્દેશ અને સ્થળાંતર સૂચવાશે. જેમાં જરા સરખી ભુલ થવાથી, આંગિક મુદ્રાઓમાં સ્હેજ સરખો ફેરફાર થવાથી નાટ્યની દૃશ્યાત્મક અસર ઉપર માઠો પ્રભાવ પડવાનો સંભવ રહે છે.

'સંધિચ્છેદ' નામના ત્રીજા અંકમાં ચારુદત્તનું ઘર પણ આજ રીતે નટની વિશિષ્ટ આંગિક મુદ્રાઓ ધ્વારા સૂચવાશે. સોનાનો દાબડો સાચવવાની જવાબદારી અદા કરતો વિદુષક કંટાળીને 'ચાલો ત્યારે ઉંઘી જઇએ' એમ કહી ઉંઘતા હોવાનો અભિનય કરે છે એવો રંગનિર્દેશ છે. તે પછી શર્વિલક ઘરના બહારના ભાગમાંથી અંદર પ્રવેશે છે. લાંબા રાખેલા હાથ વડે તે ઘર સૂચવે છે. ઘરની દિવાલમાં છીંડું પાડી અંદર પ્રવેશેલા શર્વિલકનું દૃશ્ય 'આંગિક અભિનય'નું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. અહીં ઘરની દિવાલ કદાચ પુસ્તવિધિથી ઉભી કરવામાં આવી હોય તો પણ તેમાં કાણું પાડવાની ક્રિયા, તેમાંથી અંદર પ્રવેશવાની ક્રિયા, આસપાસ બધા સૂઇ ગયા છે તેનું સૂચન, ઘરેણાંનો દાબડો લઇ બહાર જવાની ક્રિયા વિગેરે આંગિક ચેષ્ટાઓ ધ્વારા સાંકેતિકપણે દર્શાવવાનો નટને ભરપૂર મોકો મળે છે. નટની કુશળતાની અહીં કસોટી થાય છે.

'મદનિકા શાર્વિલક' નામના ચોથા અંકમાં શર્વિલક મદનિકાની યોજના અનુસાર ચારુદત્તના પ્રતિનિધિરુપે વસન્તસેનાનો ઘરેણાંનો ડબ્બો પરત કરે છે. બારણાને ઓથે શાર્વિલક અને મદનિકાના પ્રેમનું સુભગ દૃશ્ય નિહાળતી, ચતુર આર્યા, વસંતસેના, બદલામાં શાર્વિલકને મદનિકાની ભેટ ધરે છે.' અહીં કોણ સારથિ છે ?' એમ બોલી વસન્તસેના મદનિકા માટે રથ મંગાવે છે ત્યારે રંગનિર્દેશ પ્રમાણે 'રથ સાથે પ્રવેશ કરીને' ચેટી 'બાઇ સાહેબ રથ તૈયાર છે' એમ કહે છે. અહીં 'રથ સાથેનો પ્રવેશ' રંગ મંચ ઉપર સાક્ષાત્ રથ આવતો હોવાનો નિર્દેશ કરે છે. અહીં આંગિક મુદ્રાઓ દ્વારા નહિ પરંતું મંચવસ્તુ Stage prop રુપે રથ સૂચવાયો છે. એ રંગનિર્દેશ દ્વારા સ્પષ્ટ થાય છે. નહિ તો અન્યત્ર જેમ સૂચવાય છે તેમ શુદ્રકે 'રથના પ્રવેશનો અભિનય' એવો રંગનિર્દેશ આપ્યો હોત ! એટલે આ દૃશ્યમાં આંગિક અભિનય દ્વારા નહીં પણ આહાર્ય અભિનયની પુસ્તવિધિ દ્વારા રથની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવતી હોવાનો સંભવ વિશેષ છે.

આજ અંકમાં વિદુષક વસંતસેનાના, વિવિધ પ્રવૃત્તિવાળા આઠ કોઠાના ભવનનું લાંબુલચક વર્ણન કરે છે. ચેટીની દોરવણીથી એક પરસાળમાંથી બીજી પરસાળમાં એમ કુલ ૮ પરસાળોમાં પ્રવેશતા અને દરેક પરસાળનું વર્ણન કરતાં વિદૂષકની તમામ ઉક્તિઓ, હસ્તની વિવિધ મુદ્રાઓ તથા વિવિધ ગતિપ્રચારના વિનિયોગના અભાવે, બળકટ વાચિક અભિનય હોવા છતાં નીરસ લાગવાનો સંભવ રહે છે. તેજ પ્રમાણે 'દુર્દિન' નામના પાંચમાં અંકમાં વર્ષાઋતુના નિબિડ અંધકારમાં, વસંતસેના, વિટ અને ચેટ સાથે ચારુદત્તના ઘરે અભિસારિકા બનીને જઇ રહી છે તે વખતે, વસંતસેનાને ઉદ્દેશીને વિટ દ્વારા બોલાયેલી ઉક્તિઓ તેમજ વસંતસેનાની ઉક્તિઓ, વર્ષાના પ્રણયરંગે રંગાયેલ રસયુકત વર્ણનો માત્ર છે. ત્યાં પણ વિવિધ હસ્તમુદ્રાઓ અને મુખજ અભિનયના વિનિયોગને વિપુલ અવકાશ મળી રહે છે. 'પતાક' હસ્તમુદ્રાયુકત હાથની હથેળી અધોમુખ અને થોડી ત્રાંસી રાખી, તથા ઉર્ધ્વગામી હલનચલન દ્વારા જોરથી વાતા પવન અને ઝંઝાવાત સૂચવી શકાય. 'સૂચીમુખ હસ્ત'ની પહેલી આંગળી ઉંચી રાખી તે દ્વારા વિદ્યુતરેખાનું અને 'સ્વસ્તિક હસ્ત'

ના વિવિધ સંચાલન ધ્વારા મેઘગર્જન, વીજળી વિગેરેનું સૂચન કરી શકાય. વસંતસેના અને ચારુદત્તનું મિલન થાય છે. ચારુદત્તની આ ઉક્તિ 'ઓ પ્રિયા ! જો ! જો ! પીસેલા તમાલ રંગના આ મેઘથી વ્યાપ્ત (અને) એકદમ નજીક આવેલા સુવાસિત, શીતળ, સાંજના પવનથી વીંઝાતા આકાશને મેઘોદય સમયે પ્રેમવાળી સ્વેચ્છાથી આવેલી આ રક્ત (લાલ અને સ્નેહમાં પડેલી એમ બંને અર્થમાં) વીજળી જેમ પ્રિયતમા કાન્તને આલિંગે તેમ આલિંગે છે.' પછી તરતજ રંગનિર્દેશ છે કે 'શૃંગાર ભાવ દાખવતી વસન્તસેના ચારુદત્તને આલિંગે છે.' તે પછી 'સ્પર્શ દાખવીને વળતું આલિંગન આપીને' ચારુદત્ત પોતાની ઉક્તિ બોલે છે. નાટ્યધર્મી 'શૈલીમાં જો નાટક ભજવાય તો ચારુદત્ત અને વસન્તસેનાનું આલિંગન મંચ ઉપર નિરુપી શકાય નહિ કારણ કે આવા દૃશ્યો ભરતમુનિએ વર્જ્ય ગણ્યા છે. એટલે ખરેખરો 'સ્પર્શ' કરવાની જગ્યાએ 'ભ્રૂક્ષેપના કટાક્ષ, ખભા અને ગાલના સ્પર્શ 'ધ્વારા અથવા 'ઉત્સંગ હસ્ત' ધ્વારા 'સ્પર્શ'નો તથા 'કટકાવર્ધમાન હસ્ત' ધ્વારા આલિંગનનો સંકેત કરી શકાય.

વસંતસેનામોટન' નામના આઠમાં અંકમાં શકાર, વસન્તસેનાને ગળું દબાવી મારી નાખે છે તે દૃશ્યમાં શકારની આ ઉક્તિ ' મરી જા ! ગર્ભદાસી ! મરી જા!'' પછી તરતજ રંગનિર્દેશ છે કે 'શકાર અભિનયથી (નાટ્યેન) ગળુ દબાવી મારી નાખે છે. અહીં પણ વિશિષ્ટ પ્રકારની આંગિક મુદ્રાઓ gesticulation નો સંકેત છે. તેજ પ્રમાણે સંવાહક ભિક્ષુ સૂકા પાંદડાનો ઢગ, તેમાંથી ભાનમાં આવેલી વસન્તસેનાનો બહાર આવેલો હાથ વગેરેનું સૂચન પોતાના અભિનય ધ્વારાજ કરે છે. તે વખતની તેની ઉક્તિ તેમજ વચ્ચે આવતો રંગનિર્દેશ તેનો પુરાવો છે.

ભિક્ષુ : અરે અરે ! શુદ્ધ અલંકારથી શણગારાયેલો સ્ત્રીનો હાથ બહાર આવે છે. શું બીજો હાથ પણ ? (જુદી જુદી રીતે વર્ણવીને) આ હાથને જાણે ઓળખું છું અથવા (વિચારથી) શું ? સાચું, તેજ હાથ છે (કે) જેણે મને અભય આપ્યું. વારુ, જોઉં. (અભિનયથી બોલીને, જોઇને અને ઓળખીને) તેજ બુદ્ધની ઉપાસિકા.

આમ કવિ શુદ્રકના 'મૃચ્છકટિક' માં આંગિક અભિનયના સૂચક એવા અનેક રંગનિર્દેશો મળી આવે છે.

## માલવિકાગ્નિમિત્ર

કવિ કાલિદાસ કૃત 'માલવિકાગ્નિમિત્ર'ના પ્રથમ અંકમાં માલવિકાનો નૃત્યપ્રયોગ શિષ્ઠ નૃત્યશૈલીનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ છે.

માલવિકાનો નૃત્યપ્રયોગ :

રાજા અગ્નિમિત્ર, પોતાની રાણી ધારિણીની ચિત્રશાળામાં, એક ચિત્રમાં માલવિકાને જુએ છે, તેના સૌંદર્યથી રાજા આકર્ષાય છે. અતિશય સુંદર દાસી માલવિકાને રાજાની નજરથી બચાવવા રાણી, ગણદાસ પાસે નૃત્ય શિક્ષણ લેવા તેને રોકે છે.

થોડા સમય પહેલાજ જેનું શિક્ષણ શરું થયું છે તે 'ચલિક' નામના નાટ્ય (નૃત્ય) પ્રકારમાં માલવિકા કેવી છે તે નાટ્યાચાર્ય (નૃત્યાચાર્ય) ગણદાસને પૂછવા માટે, ધારિણીની આજ્ઞાથી, તેની દાસી બકુલાવલિકા સંગીત શાળામાં જઈ રહી હોય છે તે દૃશ્યથી નાટકની શરુઆત થાય છે. તે પછીના અંકોમાં 'ચલિક' નામના નૃત્ય પ્રયોગ વિશે વિશેષ માહિતી મળે છે એટલુંજ નહીં નૃત્યવિધા વિશે સામાન્ય માહિતી ઉપરાંત નૃત્યતાલીમની શાસ્ત્રીય નિયમો સાથેની અનુગતતા વિશે પણ જાણકારી પ્રાપ્ત થાય છે.

'' સહુને પોતાની કુળવિધા માટે ગૌરવ હોય છે પરંતું 'નાટ્યવિધા માટે અમારુ મિથ્યાભિમાન નથી'' એમ કહી ગણદાસ નાટ્યવિધાનો મહિમા ગાતા બોલી ઉઠે છે.

'' દેવાનામિદમામનન્તિ મુનય: કાન્તં ક્રતું ચાક્ષુષં
રુદ્રેણેદમુમાકૃતવ્યતિકરે સ્વાંગે વિભક્તં દ્વિધા ।
ત્રૈગુણ્યોદ્ભવમત્ર લોકચરિતં નાનારસં દૃશ્યતે
નાટ્ય ભિન્ન રુચેર્જનસ્ય બહુધાપ્યેકં સમારાધનમ્ ॥ ( અંક ૧-૪ )

[illegible]

'મુનિઓ આને (નાટ્યને) દેવોનો શાન્ત એટલે કે હિંસારહિત (પાઠાન્તરે કાન્ત-મનોહર) યજ્ઞ માને છે.'' પ્રથમ પંક્તિમાં, નાટ્યશાસ્ત્રનો પ્રથમ અધ્યાયમાં બ્રહ્મા દ્વારા નાટ્યવેદની દૃશ્ય શ્રાવ્ય ક્રિડનિયક રુપે રચના કરવામાં આવી' તે કથનનો પ્રત્યક્ષ ઉલ્લેખ થયેલો છે. ક્રતુ શબ્દનો અર્થ ધાર્મિક વિધિ થાય છે જે પરોક્ષ રીતે, બીજા અધ્યાયમાં 'વેદી સમાન નાટ્યગૃહની રચના કરવાનો' જે સંકેત મળે છે તેનો પડઘો પાડે છે. મુનય: શબ્દ ભરતમુનિનો ઇશારો કરે છે.

'રુદ્રએ આને ઉમા સંયુક્ત પોતાના અંગમાં બે પ્રકારે (તાંડવ અને લાસ્યથી) વિભક્ત કર્યું છે.' બીજી પંક્તિમાં, નાટ્યશાસ્ત્રના ચોથા અધ્યાયનો વિષય પ્રત્યક્ષ રીતે નિરુપાયેલો છે. રૌદ્ર અને ઉમાના કહેવાથી તાંડવ અને લાસ્ય, નાટ્ય સાથે જોડવામાં આવ્યા એવો ઉલ્લેખ, નાટ્યશાસ્ત્રના ચોથા અધ્યાયમાં શિવે તણ્ડુ દ્વારા તાંડવ પ્રદાન કર્યું એવું જે કથન છે તેનુંજ પુનરાવર્તન છે.

' આમાં ત્રણ ગુણ (સત્વ, રજસ્ અને તમસ્) ના સમૂહમાંથી ઉત્પન્ન થતું લોકચરિત વિવિધ રસોનો આસ્વાદ આવે એ રીતે દેખાય છે. ભિન્ન રુચિવાળા જનને બહુ પ્રકારે પ્રસન્ન કરતું એક નાટ્યજ છે.' ત્રીજી અને ચોથી પંક્તિમાં નાટ્યશાસ્ત્રના ૬ અને ૭ અધ્યાયમાં નિરુપાયેલ રસ અને ભાવ પ્રતિધ્વનિત થાય છે. નાટ્ય કે જે વિવિધ રસને કલાગત અનુભવ સ્વરુપે ધારણ કરે છે તે મનુષ્યની સત્વ, રજ્સ, તમ્સ પર આધારિત પ્રવૃત્તિઓના મંથનનું આસ્વાદક છે. વળી નાટ્ય ભિન્ન રુચિના મનુષ્યોને એકસરખો આનંદ આપે છે. રંગમંચ ઉપર થતું ભાવોનું નિરુપણ પ્રેક્ષકોને રસાસ્વાદ કરાવે છે.

નાટ્યવિદ્યાનો મહિમા કરતો, ગણદાસના મુખમાં મુકાયેલો આ શ્લોક નાટ્યશાસ્ત્રના વિવિધ વિષયોનું પુન:કથન કરે છે. ગણદાસ દ્વારા ઉલ્લિખિત 'પંચાંગ અભિનય' પણ ભરતમુનિ દ્વારા નિરુપિત વિવિધ શારીરાભિનયનું સૂચન કરે છે.

ગણદાસના નૃત્ય અને નાટ્ય સંબંધી વિચારો તેઓની શાસ્ત્રપારંગતતાની પ્રતીતિ કરાવે છે.

તેઓ જાણે છે કે કળા એ કોઇ બજારમાં વેચવા મૂકેલી ચીજ નથી પણ અવિરત સાધના પછી પ્રાપ્ત થતી મહામૂલી સિધ્ધિ છે. જ્ઞાન સંબંધી વાદવિવાદ કરવા માટે હંમેશા તત્પર એવા ગણદાસ કહે છે -

' મને (મારું) સ્થાન મળી ગયું છે' એમ માની જે વિવાદથી ડરે છે, અને અન્ય ધ્વારા થતી નિંદાને સહન કર્યા કરે છે અને જેનું જ્ઞાન કેવળ આજીવિકા (મેળવવા) માટે હોય છે, તે ((શિક્ષક)ને (લોકો) જ્ઞાન વેચનાર વાણિયો-વેપારી કહે છે.

( અંક-૧ શ્લોક ૧૭)

આવા શાસ્ત્રપારંગત ગુરુને ઉત્તમ શિષ્યા મળે તો તે આનંદ અને સંતોષની પ્રાપ્તિ કરાવે છે. દાસી બકુલાવલિકા ગણદાસને પુછે છે કે -

બકુલા : આર્ય, મહારાણી પુછાવે છે કે તાલીમ લેવામાં તમારી શિષ્યા માલવિકા (તમને) બહું તકલીફ તો નથી આપતી ને !

ત્યારે ગણદાસ પ્રત્યુત્તર પાઠવે છે કે -

ગણદાસ : નૃત્યપ્રયોગના વિષયમાં જે જે ભાવ હું તેને શીખવું છું તે (ભાવ) વિશેષરુપે રજુ કરીને એ બાળા જાણે મને સામી શીખવાડે છે.

( અંક ૧ શ્લોક ૫)

અહીં ગણદાસ માલવિકાની ભાવનિરુપણ શક્તિનો મહિમા કરે છે અને નૃત્ય માટે તેઓ 'પ્રયોગ' શબ્દ પ્રયોજે છે. (યદ્યત્પ્રયોગવિષયે) ગણદાસે પ્રયોજેલ આ 'પ્રયોગ' શબ્દ નૃત્ય પ્રદર્શનના સંદર્ભમાં અતિ મહત્વનો સાબિત થાય છે કારણ કે ગણદાસ અને હરદત્ત એ બે નાટ્યાચાર્યોમાંથી કોણ શ્રેષ્ઠ તેનો નિર્ણય કરવા માટે જ્યારે તટસ્થ એવી પરિવ્રાજિકા કૌશિકીને નીમવામાં આવે છે ત્યારે તે સ્પષ્ટપણે જણાવે છે કે -

પરિવ્રાજિકા : મહારાજ, નાટ્યશાસ્ત્રમાં પ્રયોગનું પ્રાધાન્ય છે. અહીં વાણીનો વિવાદ શા કામનો ?

નૃત્ય એ રંગમંચીય કળા performing art હોવાથી તેને શ્રેષ્ઠતા પ્રયોગ ધ્વારાજ નિર્ધારિત કરી શકાય અને એટલે નૃત્યાચાર્યોના જ્ઞાન અને શિક્ષણકળા બંનેની પરીક્ષા થાય તે માટે તેઓની શિષ્યાઓનો નૃત્યપ્રયોગ રજૂ કરવાનું પરિવ્રાજિકા સૂચવે છે.

પરિવ્રાજિકા : મહારાજ, ચાર પદવાળા ચલિક નૃત્યનો પ્રયોગ અઘરો માનવામાં આવ્યો છે. તો એકજ વિષયમાં બંનેનો પ્રયોગ જોઇએ. એનાથીજ બંનેનું શિક્ષણકૌશલ્ય જણાઇ જશે.

ગણદાસની શિષ્યા માલવિકા નૃત્યકળામાં નિપુણ છે અને તેથી તેણીએ લાંબા સમય સુધી નૃત્યનો પૂર્વાભ્યાસ ન કર્યો હોવા છતાં ગણદાસ પ્રથમ તેણી નૃત્યપ્રયોગ રજૂ કરે તે માટે આતુર બને છે.

બે આચાર્યો વચ્ચેના લાંબા કલહ પછી માલવિકા રંગમંચ ઉપર રજૂ થાય છે અને બૌધ્ધ પરિવ્રાજિકા કૌશિકી નિર્ણાયક તરીકે નિમાય છે. 'પ્રયોગ' શબ્દ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે અને નૃત્ય એ રંગમંચીય કળા, પ્રાયોગિક કળા હોવાનું વારંવાર જણાવવામાં આવે છે. ગણદાસ નમ્રપણે જણાવે છે કે પોતે ધુરંધર ગુરુ પાસેથી અભિનયવિદ્યા શીખ્યો છે અને તેનો પ્રયોગ પણ કર્યો છે. હરદત્ત, શસ્ત્ર અને પ્રયોગ બંને બાબતમાં પરીક્ષા લેવાનો આગ્રહ રાખે છે. પરિવ્રાજિકા 'પ્રયોગ'ના આધારેજ નૃત્યકળાની પારંગતતા અને શ્રેષ્ઠતાનો નિર્ણય થઇ શકે એવો ચુકાદો આપે છે અને માલવિકાનો નૃત્યપ્રયોગ શરુ થાય છે.

જો કે નૃત્યપ્રયોગ શરુ થતાં પહેલાં તે સ્પર્ધા સંબંધી કેટલાક માર્મિક વિધાનો પણ કરે છે જે તત્કાલીન નૃત્યશૈલીની ઝાંખી કરાવે છે.

પરિવ્રાજિકા : નિર્ણાયકની રુએ કહું છું કે અંગ અંગનું સૌન્દર્ય પ્રગટ થાય- સર્વાંગોમાંથી સૌષ્ઠવની અભિવ્યક્તિ થાય (સર્વાંગ સૌષ્ઠવ અભિવ્યકતયે ) તે માટે આછી રંગભૂષા અને વેશભૂષા (વિરલનેપથ્યયો:) સાથે પાત્રોનો પ્રવેશ કરાવજો.

નૃત્યાંગનાના અંગોના પ્રત્યેક હલન ચલન સ્પષ્ટતાથી જોઇ શકાય તે માટે પરિવ્રાજિકા નિર્ણાયક તરીકે આછી રંગભૂષા અને વેશભૂષાનો આગ્રહ રાખે છે. નર્તક/નર્તકીએ, ભારે

વેશભૂષાના લપકાને લીધે ભાવાભિવ્યકિત નબળી ન પડી જાય તેનું ખાસ ધ્યાન રાખવાનું હોય છે. ભાવની, ચિત્તવૃત્તિની અભિવ્યકિત સાધવાનું મુખ્ય સાધન તો આંગિક અભિનય છે, આહાર્ય અભિનય નહિ. આહાર્ય અભિનય ગૌણ છે તે મુખ્ય ન બની જાય તેનું ઔચિત્ય નર્તક/નર્તકીએ રાખવાનું હોય છે જેનું સૂચન પરિવ્રાજિકાના આગ્રહમાં સ્પષ્ટપણે તરી આવે છે. નિર્ણાયક તરી કેનું તેનું અન્ય સૂચન છે 'સર્વાંગ સૌષ્ઠવ'નું. 'સૌષ્ઠવ' એ આંગિક અભિનયના સંદર્ભમાં ભરતમુનિએ આપેલી પારિભાષિક સંજ્ઞા છે. 'સૌષ્ઠવ' એટલે અંગોની પૂર્ણપણે સ્વાભાવિક સ્થિતિ જેમાં શરીર બહુ ટટ્ટાર ન હોય કે બહુ ઝૂકેલું ન હોય. છાતી ઉન્નત હોય. કમર, કાન, કોણી અને ખભા તથા મસ્તક 'સમ' અવસ્થામાં હોય. નૃત્તના પ્રયોગમાં, અંગહાર રજૂ કરતી વેળા ભરતમુનિ 'સર્વાંગ સૌષ્ઠવ' જાળવવા ઉપર ખાસ ભાર મૂકે છે.

બીજા અંકના આરંભમાં, બે આચાર્યોમાંથી કોની તાલીમ પહેલી જોઇશું એમ રાજા પરિવ્રાજિકાને પૂછે છે. તેના જવાબમાં પરિવ્રાજિકા જણાવે છે કે જ્ઞાનની દૃષ્ટિએ બંને આચાર્ય સમાન છે છતાં વયોવૃદ્ધ હોવાને લીધે ગણદાસ પહેલને યોગ્ય છે.

ગણદાસ પ્રવેશીને નિવેદન કરે છે કે '' (માલવિકા) મધ્યમ લયવાળી શર્મિષ્ઠાની ચાર પદવાળી કૃતિ છે. તેના ચોથા ભાગનો પ્રયોગ રજૂ કરશે.'' શર્મિષ્ઠાની કથા પુરાણોમાં પ્રસિદ્ધ છે. પુરાણોમાં શર્મિષ્ઠા અને રાક્ષસરાજ વૃષપર્વાની પુત્રી અને યયાતિ રાજાની પત્ની હતી. તેણે સંગીત શાસ્ત્રના કેટલાક નિયમો તેમજ કેટલીક સંગીતમય કાવ્યરચનાઓ કરી હોય અથવા તો પછી શકય છે કે કાલિદાસના સમયમાં શર્મિષ્ઠા નામની કવિયત્રી હોય. અથવા તો એમ પણ બને કે 'શર્મિષ્ઠા નામના માનના ભાવને અભિવ્યકત કરનારી કૃતી હોય અને તેથી તેને શર્મિષ્ઠાની કૃતિ કહી હોય જે વધુ યોગ્ય છે. ચાર પદની આકૃતિમાં શૃંગાર રસ પ્રધાનપણે હોવાથી તેમાં મધ્યમ પ્રકારનો લય પ્રયોજાવાને કારણે તેને મધ્યમ લયવાળી કહી હોય.

ગણદાસની આ ઉકિત પછી રાજા અને વિદૂષકના સંવાદ બાદ રંગનિર્દેશમાં સૂચવાયા મુજબ 'જેનાં અંગોનું સૌષ્ઠવ આચાર્ય ગણદાસ ધ્યાનપૂર્વક નિહાળે છે તેવી માલવિકા પ્રવેશ કરે છે. આમ અહીં નૃત્યનો આરંભ કરતી વેળા નર્તક/નર્તકીએ સર્વ અંગો સૌષ્ઠવયુકત રાખવા જોઇએ

એવો ભરતમુનિનો આગ્રહ પ્રતિધ્વનિત થતો જણાય છે.

મેઘગર્જનાની શંકાથી ઉંચી ડોક કરી મયૂરો જેની પાછળ ટહુકો કરી રહયા છે તેવી ઘેરા અવાજવાળી,, મધ્યમ સ્વરમાંથી ઉઠેલી માયૂરી નામની પુષ્કર અર્થાત મૃદંગની મનને ઉન્મત્ત કરી દેતી થાપે સાથે માલવિકા પ્રથમ આલાપ (ઉપગાન) રજૂ કરી નિમ્નલિખિત પદ ગાય છે અને પછી રંગનિર્દેશમાં સુચવાયા મુજબ રસને અનુરુપ અર્થાત શૃંગાર રસને અનુરુપ અભિનય કરે છે.

દુર્લભ: પ્રિયસ્તસ્મિન્ભવ હૃદય નિરાશ –
મહો અપાંગકો મે પ્રસ્ફુરતિ કિમપિ વામ : ।
એષ સ ચિરદૃષ્ટ: કથમુપનેતવ્યો
નાથ માં પરાધીનાં ત્વયિ ગણય સતૃષ્ણામ્ ॥ ૪ ॥

પ્રિયતમ દુર્લભ છે. હે હૃદય, તેના વિષે તુ નિરાશ થા. અરે મારી ડાબી આંખનો ખૂણો કોણ જાણે કેમ ફરકે છે? લાંબા સમય પછી આ એમને (પ્રિયતમને) જોયા છે (પરંતુ) એમને કેવી રીતે પાસે લાવવા? હે નાથ, પરાધીન એવી મને તમારા વિષે તૃષ્ણાવાળી ગણજો.

પ્રસ્તુત પદનો રસાનુરુપ અભિનય માલવિકા આ પ્રમાણે રજૂ કરશે. માલવિકા પોતાના આંતરિક ઉદ્વેગને બાહય સ્વરુપ આપવા-મૂર્તિમંત કરવા માટે ઉષ્ણ નિ:શ્વાસ મૂકશે અને મુખ પડખે ઢાળશે. પાંપણ ઝુકેલી, કીકીઓ ત્રાંસી, આછો ભ્રૂક્ષેપ, થોડાં આંસું, સાથે મંદ ગતિએ પાદસંચાલન, મણિબન્ધ પુષ્પસદૃશ વલયયુકત-આટલા આંગિક સંકેતો ધ્વારા માલવિકાનો આંતરિક ઉદ્વેગ દેહના માધ્યમથી અભિવ્યકત થશે.

માલવિકાના સર્વાંગસંપૂર્ણ નૃત્યપ્રયોગને સૌ સભાસદો તાળીઓથી વધાવી લે છે. માલવિકાએ જે પદનો અભિનય રજૂ કર્યો તે 'ચતુષ્પદ' અને જે નૃત્યપ્રયોગ રજૂ કર્યો તે 'ચલિક'. ટીકાકાર કાત્યવામ પ્રસ્તુત નૃત્યરચનામાં નર્તકી, પાત્રના ભાવ રજૂ કરવાના બહાના હેઠળ પોતાના વાસ્તવિક ભાવ રજૂ કરે છે એવું જણાવે છે. નૃત્યપ્રયોગ નિહાળી રહેલ વિદૂષક ગૌતમ અને રાજા અગ્નિમિત્રની ઉકિતઓ પણ એવો અણસાર આપે છે કે

શર્મિષ્ઠાના બહાને માલવિકાએ પોતાના મનની વાત આ નૃત્ય ધ્વારા રાજાને જણાવી.

વિદૂષક : (જનાન્તિકે) મિત્ર, ચતુષ્પદી ધ્વારા એમણે તમને પોતાની જાત જાણે સમર્પી દીધી.

રાજા : (જનાન્તિકે) મિત્ર, મારું હૃદય પણ એમજ કહે છે. તેણે ખરેખર હે નાથ, આ વ્યક્તિને (મને) અનુરાગવાળી જાણો' - એ ગીતમાં પોતાનાં અંગોનો નિર્દેશ કરનારા શબ્દાનુસાર અભિનય (વચનમભિનયન્ત્યા) કરતાં, ધારિણી નજીક હોવાથી પ્રણય (પ્રગટ કરવા) નો ઉપાય ન સૂઝતાં સુકુમાર પ્રાર્થનાને બહાને જાણે કે મનેજ સંબોધન કર્યું છે.

પદાનુરુપ 'શૃંગાર રસ'નો અભિનય કર્યા પછી માલવિકા 'આયત' સ્થાનમાં સુંદર રીતે ઉભી રહે છે. તેના સૌંદર્યથી અવાક્ થઇ ગયેલો રાજા બોલી ઉઠે છે.

રાજા : (મનમાં) અહો સૌદર્ય બધીજ સ્થિતિઓમાં શોભી ઉઠે છે જેમ કે,

વામં સંધિસ્તિમિતવલયં ન્યસ્ય હસ્તં નિતંબે ।
કૃત્વા શ્યામાવિટપસદૃશં સ્રસ્તમુક્તં દ્વિતીયમ્ ।
પાદાઙ્ગુષ્ઠાલુલિતકુસુમે કુટ્ટિમે પાતિતાક્ષં
નૃત્તાદસ્યાઃ સ્થિતમતિતરાં કાન્તમૃજ્વાયતાર્ધમ્ ।। ૬ ।।

કાંડા ઉપર સ્થિર કંકણવાળા ડાબા હાથને નિતંબ ઉપર મૂકીને તથા લતાની ડાળી સમાન બીજા હાથને શિથિલ અને લટકતો રાખીને, નજર ઢાળીને, પગના અંગૂઠા વડે વિખરાયેલા પુષ્પોને એકઠાં કરતી, અર્ધ ભંગિમામાં ઉભેલી શ્યામા, પૂર્ણ ખીલેલા ચંદ્ર કરતાં પણ વધારે રમણીય લાગે છે.'

રાજાની આ ઉક્તિ કેવળ પ્રણયોક્તિ નથી પણ વિશેષ મુદ્રામાં સ્થિત માલવિકાની વર્ણનોક્તિ પણ છે. ભરતમુનિએ આયત સ્થાનનું લક્ષણ આ પ્રમાણે નિરુપ્યું છે. એક પાદ 'સમ' અને અન્ય પાદ ત્ર્યસ્ર (ત્રાંસો) રહે છે.

નિર્ણાયક પરિવ્રાજિકા પોતાનો નિર્ણય આપતા કહે છે -

પરિવ્રાજિકા : મારા જોવા પ્રમાણે તો બધુંજ દોષરહિત છે કારણ કે -

અંગૈરન્તર્નિહિતવચનૈઃ સૂચિતઃ સમ્યગર્થઃ
પાદન્યાસો લયમનુગતસ્તન્મયત્વં રસેષુ ।
શાખાયોનિર્મૃદુરભિનયસ્તદ્ વિકલ્પાનુવૃત્તૌ
ભાવોભાવંનુદતિ વિષયાદ્રાગબન્ધઃ સ એવ ॥ ૮ ॥

અર્થાત :

અંગાંગોની પદ પદ તણા અર્થમેળે છટા જ્યાં
હાવે ભાવે તનમયપણું નૃત્ય વિન્દ બિમ્બી,
મુદ્રા મુદ્રા મૃદુ સરિ જતી ભાવ ભાવક્રમે ને,
કંઠાસ્ય દ્રુક્કરપદ સુસંવાદિ- તે રાગબન્ધ (બ.ક.ઠાકોર)

પરિવ્રાજિકા, માલવિકાની ભૂમિકામાં તન્મય થઇ જઇ રુપાનુસંધાન સાધવાની નિપુણતાને બિરદાવે છે. પદની નાયિકાને પોતાના આંગિક અભિનય ધ્વારા જીવંત કરનાર માલવિકાના ભાવસભર વચનોવાળાં અંગો વડે અર્થ સારી રીતે સુચવાતો હતો. પગના તાલ લય પ્રમાણે હતા. રસોમાં તન્મયતા હતી . હાથની મુદ્રાઓનો અભિનય સુકોમળ હતો. તેના (અભિનયના) જુદા જુદા ફેરફારોમાં એક ભાવ બીજા ભાવનું સ્થાન લેતો હતો. છતાં પણ તેની રસમયતા તેની તેજ હતી. પરિવ્રાજિકા અહીં શાખા અને સૂચ્ય પ્રકારના શારીરાભિનયનો પણ ઉલ્લેખ કરે છે.

'આંગિક અભિનય' ના સૂચક રંગનિર્દેશો

ત્રીજા અંકના 'પ્રવેશક'માં રાણી ધારિણી ની આજ્ઞાથી દાસી સમાભૃતિકા પ્રમદવનમાં બીજપૂરક લેવા આવી પહોંચે છે. પ્રમદવનની રખેવાળ મધુકરિકા તેને શાખા ઉપર અવલંબિત બીજપૂરક ગ્રહણ કરવા અર્થાત ડાળીએ લટકતું બિજોરુ લઇ લેવા જણાવે છે. તે પછી સમાભૃતિકાનો સંવાદ શરુ થાય તે પહેલા રંગનિર્દેશ છે 'નાટ્યેન ગૃહીત્વા' અર્થાત્ (ડાળીએ લટકતા) બિજોરુને ચૂંટવાનો અભિનય કરતાં'. સમાભૃતિકા 'આસ્વક્રાન્તા સ્થાન' ગ્રહણ કરી, હસ્ત કટકામુખ અથવા સંદંશ હસ્તમુદ્રામાં રાખી, સાંકેતિકપણે નાટ્યધર્મી પ્રયોગ શૈલીમાં, બિજોરુ ચૂંટવાનો અભિનય કરશે.

પ્રવેશકની સમાપ્તિ પછી કામાતુર દશાવાળો રાજા, વિદૂષક સાથે પ્રવેશ કરે છે. વિદૂષક રાજાને આશ્વાસન આપે છે. વિદૂષક જણાવે છે કે તેણે રાજા અને માલવિકાના મિલનની યોજના ઘડી છે. માલવિકાની સખી બકુલાવલિકાએ આ કાર્યમાં મદદ કરવાનું વિદૂષકને વચન આપ્યું છે. વસંતમાં ઝુલાનો આનંદ સાથે માણવા પ્રમદવનના ઝુલાગૃહમાં આવવા માટે ઇરાવતીએ રાજાને આમંત્રણ મોકલેલું છે. માલવિકામાં ખોવાયેલ રાજાને હવે તે આમંત્રણમાં રસ નથી. છતાં વિદૂષકના આગ્રહથી તે પ્રમદવનમાં આવે છે. વિદૂષક કહે છે કે -

વિદૂષક : આ પવન વડે હાલતી પલ્લવરુપી આંગળીઓથી વસંત આપને આ પ્રમદવનમાં જાણે જલદી પ્રવેશ કરાવી રહયો છે.

વિદૂષકની આ ઉક્તિ પછી રાજા, રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ 'સ્પર્શસુખ રુપયિત્વા' અર્થાત 'પવનના સ્પર્શનો સુખનો અભિનય કરીને' પોતાની ઉક્તિ કહે છે. અહીં સ્પર્શના સુખનો અભિનય રાજા ઉત્સંગ હસ્તમુદ્રા વડે અથવા હંસપક્ષ હસ્તમુદ્રા વડે, સાંકેતિક રીતે, નાટ્યધર્મી શૈલીમાં રજૂ કરશે અથવા તો પછી ભ્રમરના ઉત્ક્ષેપ વડે 'આંખ કુંચિત કરી અને ખભા તથા કપોળને સ્પર્શ કરી 'સ્પર્શના સુખ'નો અભિનય કરશે.

વસંત ઋતુનું આગમન થયું હોવા છતાં પ્રમદવનના સોનેરી વૃક્ષને પુષ્પ આવ્યાં નથી. આ માહિતી ઉદ્યાનની પાલિકા મધુકરિકા રાણી ધારિણીને આપે છે. તેથી 'અશોકની દોહદપૂર્તિનું કાર્ય' તે ધારિણીને સોંપે છે. અશોક વૃક્ષનું દોહદ એટલે કોઇ સુંદર યુવતી નૂપુરવાળા પગથી પોતાના થડ પર લાત મારે એવી તેની (અશોક વૃક્ષની) ઇચ્છા. ધારિણીનો પગ મચકોડાઇ ગયેલો હોવાથી તે દોહદપૂર્તિનું કામ માલવિકાને સોંપે છે.

અશોક-દોહદની પૂર્તિ અર્થે પ્રમદવનમાં આવેલી માલવિકાના પગને શણગારવા હાથમાં પગના આભૂષણ સાથે બકુલા પ્રવેશ કરે છે. બકુલા અને માલવિકા વચ્ચે વાતચીત ચાલે છે. તે દરમ્યાન માલવિકા પગ આગળ લંબાવે છે અને રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ બકુલા, 'નાટ્યેન ચરણ સંસ્કાર મારભતે' અર્થાત પગને શણગારવાનો અભિનય કરે છે. આ અભિનય તે કર્તરીમુખ હસ્તમુદ્રા થકી સાંકેતિકપણે નાટ્યધર્મી શૈલીમાં રજૂ કરશે.

આ પગ શણગારવાના દૃશ્ય દરમ્યાન મદિરાપાનથી ઉન્મત્ત રાણી ઈરાવતી તેની દાસી નિપુણિકા સાથે ઝુલાનો આનંદ માણવા પ્રમદવનમાં આવે છે. રાણી ઈરાવતીની આ મદિરાપાનથી ઉન્મત્ત અવસ્થા, નાટ્યશાસ્ત્ર અનુસાર આ પ્રમાણે અભિનીત થશે. પૃથ્વી પર અનિયમિત રીતે પગલાં ભરતાં, શરીરને ચારે બાજુ ડોલાવતા તથા હાથ ઘુમાવતા રાણી ઈરાવતી મસ્તક 'પરલોલિત' મુદ્રામાં રાખી મદિરા દૃષ્ટિનો વિનિયોગ કરશે.

ચોથા અંકમાં ઈરાવતી, રાણી ધારિણીને પ્રમદવનમાં રાજા અને માલવિકા વચ્ચે યોજાએલ મિલન તેમજ તેમની પ્રણયલીલાની વાત કહે છે. પરિણામે ધારિણી, માલવિકા તથા બકુલાવલિકાને કિંમતી વસ્તુઓ રાખવાના ભોંયરામાં કેદ કરે છે તેમજ આ ભોંયરાની દેખરેખ રાખનાર માલવિકાને પોતાની સર્પની મુદ્રાવાળી વીંટી બતાવવામાં ન આવે ત્યાં સુધી બંનેને મુકત ન કરવાનો આદેશ આપે છે. આ હકીકત 'પ્રવેશક'માં રાજા અને વિદૂષક વચ્ચેની વાતચીત ધ્વારા છતી થાય છે.

રાજા અગ્નિમિત્ર માલવિકાને મળવા ખુબજ ઉત્સુક છે. પરંતુ માલવિકા તો કેદમાં છે. તેથી તેને મુકત કરવા રજા વિદૂષકને કોઇ ઉપાય શોધી કાઢવા કહે છે. યુકિતબાજ વિદૂષક બંનેને મુકત કરવા માટે એક યોજના વિચારી કાઢે છે અને રાજાને કાનમાં કહે છે.

મુખ્ય દૃશ્યમાં ધારિણી શય્યામાં આરામ કરી રહી છે. પરિવ્રાજિકા તેમને કોઇ રસપ્રદ સંભળાવી રહી છે. એટલામાં પગે ઇજા પામેલી ધારિણીની ખબર અંતર પૂછવા માટે રાજા આવે છે. વિદૂષક પોતાના અંગુઠા ઉપર કેતકીની અણીથી સર્પદંશના બે ચિહ્‌ન કરે છે અને અંગુઠાને પોતાની જનોઇથી બાંધે છે અને યોજના અનુસાર રાજાની પાછળ તે ધારિણી પાસે જાય છે અને 'બચાવો, બચાવો, મને સાપ કરડયો' એવી બુમો પાડતો ધારિણી પાસે પહોંચે છે. તે જણાવે છે કે રાણાને ભેટ ધરવા પુષ્પો વૃક્ષ ઉપરથી લેવા જતાં સાપ મને કરડયો છે. પોતાને કારણેજ વિદૂષકને સાપ કરડયો છે એ વિચારે રાણી વ્યથિત બને છે. વિષવૈદ્ય ધ્રુવસિદ્ધને બોલાવવા પ્રતિહારીને મોકલે છે. આ સમયે વિદૂષક રાણીની સમક્ષ સાપ કરડયો હોવાનો આબેહુબ ઢોંગ કરે છે. રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ વિદૂષક 'વિષવેગં રુપયતિ' અર્થાત 'ઝેર ચઢવાનો અભિનય કરે છે.' નાટ્યશાસ્ત્ર પ્રમાણે તેનો અભિનય આ રીતે કરવામાં

આવશે. ભરતમુનિએ વિષવેગની આઠ અવસ્થાઓ નિરુપી છે તે પ્રમાણે પ્રથમ અવસ્થામાં શરીર શક્તિહીન (કૃશ), બીજી અવસ્થામાં શરીર કંપન, ત્રીજી અવસ્થામાં દાહ, ચોથી અવસ્થામાં હેડકી, પાંચમી અવસ્થામાં મુખમાંથી ફીણ, છઠ્ઠી અવસ્થામાં ગળુ લટકી પડવું, સાતમી અવસ્થામાં જડતા દર્શાવવામાં આવશે. અહીં ઝેર ચઢવાથી વિદૂષકનું મરણ દર્શાવવાનું નથી એટલે આઠમી દશા-મરણ-પ્રદર્શિત કરવામાં નહિ આવે. ઝેર ચઢવાથી મરી જવાનો ઢોંગ કરતો વિદૂષક રાજાને મિત્રભાવે પોતાની પુત્રવિહોણી માતાનું ધ્યાન રાખવાનું કહે છે. પ્રતિહારી આવીને કહે છે કે વિદૂષકને પોતાની પાસે લઇ આવવાનું ધ્રુવસિધ્ધિ જણાવે છે. વિદૂષકને ધ્રુવસિધ્ધિ પાસે લઇ જવામાં આવે છે. થોડીવાર પછી પ્રતિહારી જયસેના વૈધનો સંદેશો લઇને આવે છે. તે જણાવે છે કે ધ્રુવસિધ્ધિને ઝેર ઉતારવા માટે સાપની મુદ્રાવાળી કોઇક વસ્તુની જરુર છે. રાણી તરતજ પોતાની સર્પમુદ્રાવાળી વીંટી આપે છે. આમ વિદૂષકની યુક્તિ સફળ થાય છે. તે રાણી ની સર્પમુદ્રાવાળી વીંટીની મદદથી માલવિકા અને બકુલવલિકાને કેદમાંથી છોડાવે છે. વિદૂષક બંનેને સમુદ્રગૃહમાં લઇ જાય છે. ધારિણીની પાસેથી રાજાને બોલાવવા માટે વિદૂષક એક અન્ય યુક્તિ પ્રયોજે છે. પ્રતિહારી જયસેના રાજા પાસે આવીને જણાવે છે કે મંત્રી વાહતક રાજ્યકાર્યની મંત્રણા માટે બોલાવે છે. જયસેના રાજાને સમુદ્રગૃહ તરફ લઇ જાય છે. વિદૂષક સામે આવીને રાજાને સફળતાના સમાચાર આપે છે. પ્રતિહારીની હવે જરુર ન હોવાથી તેને વિદાય કરે છે. જેલની દેખરેખ રાખનાર માધવિકાને પોતે કેવી રીતે મુર્ખ બનાવી તેની વાત તે રાજાને જણાવે છે. રાજા તેને અભિનંદન આપે છે અને માલવિકાને મળવા ઝડપથી રાજા સમુદ્રગૃહ તરફ જાય છે. માત્ર 'પરિક્મ્મા' ધ્વારા સ્થળાંતર સૂચવી તેઓ સમુદ્રગૃહે પહોંચે છે તે પહેલાં રાજા 'ફુલ વીણવાના કામમાં મશગુલ હાથવાળી ઇરાવતીની દાસી ચંદ્રિકા'ને પાસે આવી રહેલી જોઇ ભીંત પાછળ છુપાઇ જાય છે. માલવિકા કેવી રીતે પોતાની વાટ જોતી હશે તે જાણવા રાજા બારીનો સહારો લઇ નિહાળવાનો પ્રયત્ન કરે છે તે પછી તરતજ રંગનિર્દેશ છે કે 'ઉભૌ વિલોકયન્તૌ નિષ્ઠત: અર્થાત બંને નિહાળતા ઉભા રહે છે. અહીં પ્રથમ રાજા ગવાક્ષ-બારી ખોલવાનો અભિનય કરશે. બે અધોમુખ

હંસપક્ષ હસ્તમુદ્રામાં રહેલા હાથ વડે રાજા સાંકેતિકપણે નાટ્યધર્મી શૈલીમાં 'ગવાક્ષ' સૂચિત કરશે. અહીં હંસપક્ષ હસ્ત વડે 'વર્ધમાનક' રચવામાં આવશે.

માલવિકા અને બકુલાવલિકા પ્રવેશે છે. સમુદ્રગૃહની ભીંત કે જેના ઉપર મહારાજા અગ્નિમિત્રની છબી છે તે બતાવી બકુલાવલિકા માલવિકાને, મહારાજાને વંદન કરવા જણાવે છે અને માલવિકા હર્ષપૂર્વક વંદન કરે છે પણ પછી રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ 'દ્વારમવલોક્ય સવિષાદમ્ !' અર્થાત દ્વાર તરફ જોઇને ખેદપૂર્વક તે પોતાની ઉક્તિ કહે છે.

અહીં દ્વાર'નો ભાગ દૃશ્યબંધ દ્વારા કે અન્ય દૃશ્ય સામગ્રી દ્વારા સૂચવાયો નથી એટલે 'માલવિકા' બનતી નટીજ પોતાની આંગિક ચેષ્ટાઓ દ્વારા 'દ્વાર' સૂચિત કરશે. એક બીજાની સન્મુખ રહેલા બે ત્રિપતાક હસ્ત વડે માલવિકા સાંકેતિકપણે નાટ્યધર્મી શૈલીમાં દ્વાર'નો સંકેત કરશે.

સમુદ્રગૃહની એ ભીંત ઉપર ચિતરેલા ચિત્રમાં માલવિકા ઇરાવતીને જુએ છે. ચિત્રમાં રાજા અન્ય સ્ત્રીઓને છોડીને માત્ર ઇરાવતી તરફજ જુએ છે. ચિત્રમાં ઇરાવતી તરફ આકર્ષાયેલા રાજાને જોઇને માલવિકા ઇર્ષ્યા અનુભવે છે. ઇરાવતી તો રાજાની માનીતી રાણી છે એમ કહી બકુલાવલિકા માલવિકાને વધુ ચીડવે છે. રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ 'ઇતિ સાસૂયં પરાવર્તતે' અર્થાત માલવિકા ઇર્ષાથી મો' ફેરવી લે છે. અહીં માલવિકા શિરની 'પરાવૃત' મુદ્રામાં મો ફેરવી લેશે.

માલવિકાની પ્રસ્તુત મુદ્રાનું વર્ણન, રાજાની આ ઉક્તિ દ્વારા કાલિદાસે કર્યું છે.

રાજા : મિત્ર જો -

ભ્રૂભંગભિન્નતિલકં સ્ફુરિતાધરોષ્ઠં
સાસૂયમાનનમિત: પરિવર્તયન્ત્યા ।
કાન્તાપરાધકુપિતેષ્વનયા વિનેતુ:
સંદર્શિતેવ લલિતાભિનયસ્ય શિક્ષા ॥ ૯ ॥

ભ્રમર વાંકી થતાં જેનો ચાંલ્લો ઊખડી ગયો છે તેવું, ફરકતા અધરોષ્ઠવાળું તેનું મુખ ઇર્ષ્યા'ને કારણે આ તરફ ફેરવી લેતી આ (માલવિકા) પ્રિયતમ અપરાધ કરે ત્યારે

ક્રોધ કરવાની બાબતમાં આચાર્ય પાસેથી પ્રાપ્ત કરેલ લાલિત્યપૂર્ણ અભિનયનું શિક્ષણ જાણે બતાવી રહી છે.

પ્રસ્તુત વર્ણન પરથી સ્પષ્ટ થાય છે કે ઇર્ષ્યાનો અભિનય કરતી વેળા માલવિકા ભ્રમરની ઉત્ક્ષેપ/પાતન મુદ્રા, અધરોષ્ઠનું વિવર્તન કર્મ તથા શિરનો પરાવૃત્ત ભેદ રજૂ કરશે.

ભીંત પાછળ છૂપાઇને ઉભેલો રાજા મુગ્ધ એવી માલવિકાના મુખ પરના પલટાતા ભાવો રસપૂર્વક નિહાળી આનંદ પામે છે અને વિદૂષક સાથે રાજા પ્રગટ થાય છે.

બકુલા : મહારાજાનો જય થાઓ.

માલવિકા : (મનમાં) અરે શું હું ચિત્રમાં રહેલા મહારાજની અદેખાઇ કરતી હતી ?

માલવિકાની આ ઉક્તિ પછી બે રંગનિર્દેશ છે (૧) 'ઇતિ સવ્રીડવદના અંજલિ કરોતી' અર્થાત (માલવિકા) મો પર શરમના શેરડા સાથે હાથ જોડે છે અને (૨) 'રાજા મદનકાતર્યં રુપયતિ' અર્થાત રાજા કામાતુર બનવાનો અભિનય કરે છે, કામાતુર અવસ્થાનો અભિનય લોલિત શિર, શુન્ય દૃષ્ટિ તથા દોલાહસ્તના વિનિયોગ દ્વારા થઇ શકે. મસ્તકની ચક્રાકાર ગતિ, શુન્યમાં તાકતી દૃષ્ટિ અને 'દોલા હસ્ત'માં નમેલા ખભા વડે તાદૃશ થઇ શકે.

પાંચમાં અંકની શરુઆતમાં (પ્રવેશકમાં) બાગની રખેવાળ મધુરિકા 'મહારાણી ક્યાં હશે ? ' એવો પ્રશ્ન કરે છે અને ત્યાં મહારાણીના સેવકોમાંનો એક કુબ્જ (કુબડો) સારસક લાખની મુદ્રા વડે બંધ કરેલી પેટી લઇ ચોકમાંથી બહાર નીકળતો જોઇ તેને મહારાણી વિશે પુછપરછ કરવાની ઇચ્છા વ્યક્ત કરે છે. રંગનિર્દેશમાં સૂચવાયું છે તે પ્રમાણે નિર્દેશ્યા અનુસાર કુબ્જ-કુબડો પ્રવેશે છે.' તત: પ્રવિશતિ યથાનિર્દિષ્ટ : કુબ્જ: । નાટ્યશાસ્ત્રમાં 'કુબ્જ'ની ગતિ સૂચવાઇ છે તે પ્રમાણે કુબડો સારસક પ્રવેશ કરશે. તેનો એક પગ અગ્રતલસંચર તથા બીજો પગ અંચિત રહેશે. પગલાં ટૂંકા તથા જંઘા આગળથી પગ વળેલા રહેશે અને તે રીતે ગતિ કરવામાં આવશે.

'પ્રવેશક'ની સમાપ્તિ પછી મુખ્ય દૃશ્યમાં વિદર્ભ દેશની બે કલાનિપુણ દાસીઓ રાજા સમક્ષ ઉપસ્થિત થાય છે. આ સમયે રાણી, માલવિકાને પોતાની સંગીત સાથી તરીકે આ દાસીઓમાંથી કઇ ગમે છે તે પૂછે છે. માલવિકાને જોતાંજ આ બંને કન્યાઓ તેને વિદર્ભ દેશની રાજકુમારી તરીકે ઓળખી લે છે. માલવિકાના ભાઇ માધવસેનને કેદ કરવામાં આવ્યો ત્યારે તેના વફાદાર મંત્રી સુમતિ માલવિકા અને પોતાની બહેન કૌશિકીને ગુપ્ત રીતે લઇ ગયા એ હકીકત આ દાસીઓ રજૂ કરે છે. તે પછીની કથા કહેવા પરિવ્રાજિકા તૈયાર થાય છે. તેનો અવાજ સાંભળી બંને દાસીઓ તેને સુમતિની બહેન કૌશિકી તરીકે ઓળખી કાઢે છે. તેના કથન અનુસાર સુમતિ, અગ્નિમિત્ર સાથે માલવિકાનો લગ્નસંબંધ બાંધવા વિદિશા તરફ જતાં મુસાફરોના સંઘમાં ભળી જાય છે. પછી મુસાફરી કરી ને વિશ્રામ લેવા માટે જંગલમાં પડાવ નાંખનાર આ સંઘ ઉપર લૂંટારાઓની ટોળી આક્રમણ કરે છે. આ વાત સાંભળી રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ 'માલવિકા ભયં રુપયતિ' - માલવિકા ભયભીત થવાનો અભિનય કરે છે. માલવિકા 'ભય'નો અભિનય હસ્ત અને પાદના કંપન દ્વારા કરશે.' ભયાન્વિતા' નામની રસદૃષ્ટિનો તે વિનિયોગ કરશે. આંખ ડોળા 'વલન' મુદ્રામાં ગતિ કરશે અથવા 'નિષ્ક્રમણ' રહેશે. અધરોષ્ઠ 'કંપન' યુક્ત રહેશે. પરિવ્રાજિકા પોતાનું કથન 'સમપાદા ચારી' પ્રયોજી રજૂ કરશે.

લૂંટારુઓના આક્રમણ સામે જઝૂમી પોતાના ભાઇ સુમતિએ પ્રાણ અર્પી દીધા એ વાત કહેતા 'પરિવ્રાજિકા આંસુ સારે છે - પરિવ્રાજિકા બાષ્પં વિસૃજતિ'. અહીં પરિવ્રાજિકા 'ત્રિપતાક હસ્તમુદ્રા' ના પ્રયોગ કરી આંસુ સારવાનો અભિનય સંકેતાત્મક રીતે, નાટ્યધર્મી શૈલીમાં રજૂ કરશે અથવા તો પછી આંસુ લૂછવાની આંગિક ચેષ્ટા કરી, અનુરુપ સાત્વિક અભિનય દર્શાવી, અનુકરણાત્મક રીતે, લોકધર્મી શૈલીમાં રજૂ કરશે.

આ પ્રમાણે 'માલવિકાગ્નિમિત્ર ' નાટકમાં આંગિક અભિનયના સૂચક રંગનિર્દેશો મળી આવે છે.

અભિજ્ઞાન શાકુંતલ :

કવિ કાલિદાસ કૃત 'અભિજ્ઞાન શાકુંતલ' નાટકના પ્રથમ અંકમાં પ્રસ્તાવના પૂર્ણ

થયા પછી, રંગનિર્દેશમાં સૂચવાયું છે તે પ્રમાણે 'હાથમાં ધનુષ્યબાણવાળો' મૃગ પાછળ પડેલો, રથમાં બેઠેલો રાજા દુષ્યંત તેમજ તેનો સારથિ પ્રવેશે છે.' અહીં રાજા જાણે રથ હાંકતો હોય તેમ રંગમંચ પર પ્રવેશે છે. રથની સૂચક દૃશ્ય સામગ્રી ઉપયોગમાં લેવાની છુટ હતી પણ રંગનિર્દેશના આધારે સહેલાઇથી અનુમાન કરી શકાય કે અહીં રથ હાંકવાની દૃશ્યાત્મક અસર માત્ર આંગિક અભિનય ધ્વારાજ ઊભી કરવામાં આવતી હશે. શ્રી યશવંત કેળકર તેમના પુસ્તક 'રંગતંત્ર'માં (પૃ.૫) નોંધે છે તેમ અહીં ઉપવન, રથ, રથના ઘોડા, સારથિના હાથમાંની ઘોડાની લગામ, ધનુષ્ય અને તીર આ બધાનો નિર્દેશ સારથિ અને દુષ્યંતના પાત્રો ભજવતા નટોના હલનચલન અને તેમની હસ્તમુદ્રાઓ તેમજ ચહેરાના હાવભાવ અને સંવાદ ધ્વારાજ થતો હશે.

મૃગની પાછળ પડેલા રાજા વિશેની વાત, સારથિની આ ઉક્તિ ધ્વારા દર્શાવવામાં આવે છે.

સારથિ : (રાજાને તેમજ હરણને જોઇને) આયુષ્યમાન,

આ કાળિયાર તરફ તેમજ સજ્જ ધનુષ્યવાળા આપની તરફ નજર નાખતો હું મૃગ (યજ્ઞ રુપી)ની પૂંઠ પકડનાર જાણે સાક્ષાત પિનાકીને (શંકરને) જોઇ રહયો છું. (અંક ૧ શ્લોક ૬)

અહીં સારથિ ધ્વારા થતું પ્રસ્તુત શ્લોકનું પઠન મૃગની પાછળ પડેલા રાજાના વિવિધ આંગિક હલનચલનો નિરુપે છે, જાણે કે તેનો આંખે દેખ્યો હેવાલ રજૂ કરે છે. તેજ પ્રમાણે તે પછી રાજાના મુખમાં મુકાયેલો નિમ્ન શ્લોક મૃગની ગતિ નિરુપે છે.

રાજા : સારથિ, આ હરણે મને દૂર સુધી ખેંચ્યો. આ તો હજુ પણ 'પાછળ આવતા રથ તરફ, ગરદન વાળવાથી સુંદર દેખાય એ રીતે, વારંવાર નજર નાખે છે, શર પડવાની બીકથી, શરીર આગળના ભાગમાં ઘણોખરો પાછળનો ભાગ સમેટી લે છે. શ્રમથી ઉઘડેલા મોઢામાંથી સરી પડતા, અર્ધા ચાવેલા દર્ભ તેણે રસ્તા પર વેર્યા છે. જો જો, પોતાની ઉંચી ફલંગથી તે મોટા ભાગે આકાશમાં, અને જમીન ઉપર તો અલ્પજ ચાલે છે.' (અંક-૧ શ્લોક ૭)

પ્રસ્તુત શ્લોકના પઠન પૂર્વે મૃગના વિવિધ હલનચલન, ગતિ, અંગભંગિમા, આંગિક અભિનય દ્વારા રજૂ કરવામાં આવશે. તેજ પ્રમાણે સારથિના મુખમાં મુકાયેલા શ્લોકના પઠન પુર્વે મૃગ પાછળ પડેલા રાજાનો આંગિક અભિનય રજૂ થશે.

અહીં રાજા તથા સારથિ દ્વારા થતો આંગિક અભિનય, ભરતમુનિ જેને મુખ્ય પ્રકારનો શારીરાભિનય કહે છે તે પ્રકારનો અભિનય કહી શકાય. કારણ કે અહીં પ્રથમ અંગો દ્વારા ભાવ અને પછી શબ્દની અભિવ્યકિત થાય છે.

સારથિ રથની લગામ ખેંચે છે અને પછી લગામ ખેંચવાનું કારણ સ્પષ્ટ કરતાં કહે છે -

સારથિ : આયુષ્યમાન, આ જમીન ખરબચડી છે તેથી લગામ ખેંચીને મેં રથનો વેગ ધીમો કર્યો હતો તેથીજ આ હરણ ઘણું દૂર ગયું છે. હવે સમતલ જમીન ઉપર આવ્યા છો તેથી તેને પકડવું મુશ્કેલ નહીં થાય.

અહીં સારથિ બનતો નટ, લગામ ખેંચવાનો અભિનય કરશે. ખરબચડી જમીન, રથનો વેગ ધીમો પડવો, સમતલ જમીન ઉપર આવવું આ બધી દૃશ્યઅસરો સારથિ અને રાજાના આંગિક અભિનયથીજ ઉભી થશે. સમતલ જમીન ઉપર આવ્યા પછી રાજા લગામ ઢીલી મુકવાની સારથિને આજ્ઞા આપે છે. સારથિ તે પ્રમાણે કરે છે. તે પછી સારથિના મુખે મુકાયેલો આ શ્લોક રથની ગતિ નિરુપે છે.

સારથિ : (રથનો વેગ જોઇને) આયુષ્યમાન જુઓ, જુઓ.

'લગામ છોડતાંજ જેમના શરીરનો આગળનો ભાગ લંબાયો છે, જેમના ચામરની શિખા હાલતી નથી, તેમજ જેમના કાન સ્થિર તથા ટટ્ટાર થયા છે, પોતે ઉડાડેલી ધૂળ પણ જેમની આગળ જઇ શકતી નથી એવા આ ઘોડાઓ હરણનો વેગ સહન ન થવાથી જાણે દોડે છે.' (અંક-૧ શ્લોક ૮ )

રાજા : સાચેજ આ ઘોડાઓ સૂર્યના તથા ઇન્દ્રના ઘોડાઓને પણ ટપી ગયા છે. કારણ કે, 'દુરથી જોતાં જે ઝીણું લાગે છે તે એકદમ મોટું બની જાય છે, જે ખરેજ તૂટી ગયેલું છે તે જાણે કે સંધાયું હોય તેવું લાગે છે (એકદમ સંધાય છે), કુદરતી

રીતે જે વક્ર હોય તે આંખને સીધું લાગે છે. રથના વેગથી મારે માટે કોઈપણ વસ્તુ દૂર નથી કે ક્ષણભર પાસે પણ નથી.' (અંક-૧ શ્લોક ૯)

સારથિ અને રાજાના મુખમાં મુકાયેલા ઉપરોક્ત શ્લોક મૃગનો પીછો કરતા રથની ઉન્મત્ત ગતિ આબેહુબ નિરુપે છે. શ્લોકના પઠનની સાથે તદાનુરુપ આંગિક અભિનયની અપેક્ષા પણ રહે છે.

શ્લોક ૯ પછી રાજાની ઉક્તિ છે

રાજા : સારથિ, આ એને હણાતો જો.

તે પછી રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ ' ઇતિ શરસંધાનં નાટ્યતિ' - રાજા બાણ ચઢાવવાનો અભિનય કરે છે. બાણ ચઢાવવાનો અભિનય રાજા આલીઢ સ્થાન ગ્રહણ કરી કરશે. મૃગના શિકારનું આ આખુંય દૃશ્ય માત્ર નટના આંગિક અભિનય દ્વારા કેવી રીતે સાકાર થઇ શકે તે જોઇએ.

રાજા દુષ્યન્ત, વિશિષ્ટ પ્રકારની લય સાથે સામાન્ય ડગ (ચૂર્ણપદ) માંડી રથારોહણની ગતિ સૂચવશે. ભરતમુનિએ અધ્યાય ૧૩ માં ગતિપ્રચાર 'શીર્ષક હેઠળ શ્લોક ૮૮ થી ૮૯ માં રથારોહી પાત્રની ગતિ વર્ણવી છે તે પ્રમાણે રાજા સમપાદ સ્થાન ગ્રહણ કરી બંને પગને સમાનરુપે પૃથ્વી પર ટેકવી રથની ગતિ સૂચવશે. એક હાથમાં ધનુષ તથા બીજા હાથમાં રથનો દંડો 'કૂબર' સંભાળશે - ગ્રહણ કરશે.

તેજ પ્રમાણે મૃગ, સાક્ષાત મૃગ દ્વારા નહિ પણ મૃગનું સૂચન કરતું પ્રતિશીર્ષ-મહોરું ધારણ કરેલા નટની આંગિક ચેષ્ટાઓ દ્વારા દર્શાવવામાં આવશે. અતિક્રાન્તા ચારી વડે નિષ્પન્ન હરિણ પ્લુતા કરણ દ્વારા મૃગનું ભયભીત થઇને દોડવું સૂચવવામાં આવશે.

કટકામુખ હસ્તમુદ્રા ધારણ કરેલા બંને હાથ કટિપ્રદેશમાં રાખી તે દ્વારા રથની ધીમી ગતિ દર્શાવવામાં આવશે. ભરતમુનિએ કટકામુખ હસ્તમુદ્રાના વિવિધ વિનિયોગમાં લગામ ખેંચવી, દર્પણ ધારણ કરવું વિગેરેનો સમાવેશ પણ કર્યો છે.

( અધ્યાય ૯ શ્લોક ૬૧ થી ૬૩)

'નીવારા: શુકગર્ભકોટર' (અંક-૧ શ્લોક ૧૪) - રાજા દુષ્યન્તના આ વિધાનથી તેઓ વનપ્રદેશમાંથી આશ્રમમાં પ્રવેશ્યા હોવાનું સૂચવાય છે. અહીં સ્થળાંતર રંગતંત્રના ~~કક્ષા~~ કસબ ધ્વારા નહિ પણ દુષ્યન્ત અને સારથિ બનતા નટના આંગિક તથા વાચિક અભિનય ધ્વારા સૂચવાશે.

આશ્રમમાં પ્રવેશ્યા પછી રાજા રથમાંથી ઊતરવાનો અભિનય કરે છે. ભરતમુનિએ, રથમાં ચઢવાનો ભાવ સૂચવવા જે અભિનય થાય છે તેનાથી વિપરીત પ્રકારનો અભિનય રથમાંથી ઊતરવા માટે પ્રયોજવાનું જણાવ્યું છે તે પ્રમાણે રાજા શરીર ઝૂકેલું તથા મુખ 'અધોમુખ' સ્થિતિમાં રાખશે.

રથમાંથી નીચે ઊતર્યા પછી રાજા (આશ્રમ જેવા) તપોવનમાં નમ્ર વેશે પ્રવેશ કરવો જોઇએ એમ કહી સારથિને અલંકારો તથા ધનુષ ઉતારી ને આપે છે અને આશ્રમના લોકોને મળવા આગળ વધે છે. કણ્વમુનિના આશ્રમનું પ્રવેશધ્વાર જોઇ રાજા અંદર પ્રવેશે છે. વૃક્ષોની વાડીની જમણી બાજુએ વાતચીત જેવું કંઇક સંભળાતા રાજા ત્યાં જાય છે અને જોઇને બોલી ઉઠે છે -

રાજા : અરે આ તાપસકન્યાઓ પોતાના રાજાને યોગ્ય એવા સીંચવાના ઘડાથી નાનાં વૃક્ષોને પાણી પાવા આમજ આવી રહી છે.

રાજાની આ ઉક્તિ પછી તરતજ બે સખીઓ સાથે શકુંતલા પ્રવેશ કરે છે. અનસૂયા અને શકુંતલાના સંવાદ પછી રંગનિર્દેશ છે, ઇતિ વૃક્ષસેચનં રુપયતિ. શકુંતલા વૃક્ષસિંચનનો અભિનય કરે છે. અહીં વૃક્ષો નથી, પાણીનો ઘડો પણ નથી અને છતાં શકુંતલા અને તેની સખીઓ કેવળ આંગિક મુદ્રાઓ વડે વૃક્ષોને પાણી સીંચવાનો અભિનય કરી વૃક્ષસિંચનનો આભાસ નાટ્યધર્મી શૈલી ધ્વારા ઉભો કરશે. વૃક્ષસિંચનના અભિનય માટે નીચેની હસ્તમુદ્રાઓ પ્રયોજી શકાય એવો રાઘવભટ્ટનો મત છે.

પ્રથમ નલિની પદ્મ કોષ હસ્તને, ખભાના પ્રદેશ સુધી લઇ જઇ, મસ્તક અવધૂત સ્થિતિમાં રાખી, આખા શરીરને લાલિત્યપૂર્ણ રીતે થોડું નમાવી હાથ નીચે લઇ જઇ છોડી દેવામાં આવશે.

ત્યારબાદ 'શુકતુંડ હસ્ત મુદ્રા' પ્રયોજી, હાથ કાંડા આગળ સ્વસ્તિક કરવામાં આવશે અને તે સમયે, હાથની આંગળીઓ તેમજ હથેળી અધોમુખ સ્થિતિમાં રાખી, હાથ નીચે લઇ, શરીર એક પાર્શ્વમાં નમાવવામાં આવશે. પછી કાંડુ ફેરવી, શુકતુંડ હસ્તમુદ્રાને ઉર્ધ્વગામી પદ્મકોશ હસ્તમુદ્રામાં પરિવર્તિત કરવામાં આવશે. જો કે ભરતમુનિએ વૃક્ષસિંચનમાં શુકતુંડ હસ્તનો વિનિયોગ સૂચવ્યો છે.

ઉર્ધ્વગામી પદ્મકોશ મુદ્રાવાળા હાથને વક્ષ આગળથી ખભા સુધી લઇ જવામાં આવશે અને ત્યારબાદ ઘૂંટણ સુધી નીચે લઇ જઇ વૃક્ષને પાણી સીંચતા હોઇએ તેમ છોડી દેવામાં આવશે.

પ્રથમ અંકમાંજ શકુંતલા ગભરાટથી 'અરે ! પાણીના સિંચનથી ગભરાઇને ઉડેલો ભમરો નવમાલિકાને ત્યજી મારા મુખની આસપાસ ફરે છે એમ બોલી ' ભ્રમરના ત્રાસનો અભિનય કરે છે' (ઇતિ ભ્રમરબાધાં રુપયતિ ) એવો રંગનિર્દેશ છે. ભ્રમરના ત્રાસનો અભિનય આ પ્રમાણે યોજી શકાય.

(૧) મસ્તક 'વિધુત' મુદ્રામાં તથા હોઠ 'કુટ્ન યુકત રાખી' 'પતાક' હસ્તમુદ્રાવાળો હાથ ઉર્ધ્વમુખ સ્થિતિમાં ચહેરા નજીક લઇ જઇ, મસ્તક ધ્રૂજાવતાં, હોઠ ધ્રૂજાવતા અને તેનાથી બમણી ગતિએ વિવિધ દિશામાં પતાક હસ્ત-ભ્રમરથી ચહેરાનું રક્ષણ કરતાં - ફેરવવાથી ભ્રમરના ત્રાસનો અભિનય કરી શકાય. શકુંતલા બનતી નટીની પ્રતિક્રિયાથીજ આ દૃશ્ય તાદૃશ થઇ શકશે.

પ્રથમ અંકમાંજ અનસુયાની આ ઉકિત - ' હવે ધર્માચરણ કરનાર લોકો સનાથ બન્યા 'પછી' શકુંતલા શૃંગાર લજ્જાનો અભિનય કરે છે એવો રંગનિર્દેશ છે. (શકુન્તલા શૃંગારલજ્જા રુપયતિ) આ શૃંગારલજ્જાનો અભિનય 'પરાવૃત્ત શિર' તથા લજ્જિત દૃષ્ટિ' દ્વારા થઇ શકે. 'લજ્જિત' દૃષ્ટિને ભરતમુનિએ પણ નિરુપી છે.

'જનાન્તિક' એવો રંગનિર્દેશ પણ વારંવાર મળી આવે છે. ભરતમુનિએ જનાન્તિક -માં ત્રિપતાક હસ્તનો પ્રયોગ કરવાનો નિર્દેશ કર્યો છે એટલે 'જનાન્તિક'નો વિનિયોગ કરતી વેળા ત્રિપતાક હસ્તમુદ્રા અનિવાર્ય બને છે.

ક્યારેક કાલિદાસ ભરતમુનિએ પ્રયોજેલા પારિભાષિક શબ્દો સીધા ખપમાં લે છે જેમ કે દુષ્યન્તની આ ઉક્તિ ' આવું રુપ માનવી સ્ત્રીમાં કેવી રીતે સંભવે ? પ્રભાથી જળહળતી જ્યોતિ પૃથ્વીતલમાંથી ઉદય પામતી નથી' એ પછી તરતજ રંગનિર્દેશ મળે છે. 'શકુન્તલા અધોમુખી તિષ્ઠતિ' અર્થાત શકુંતલા મુખ ઢાળી ઉભી રહે છે. 'અધોમુખ' મુદ્રા લજ્જાનો સંકેત કરે છે. ભરતમુનિએ તે માટે મસ્તકની 'અધોગત' મુદ્રા યોજવા જણાવે છે. તાત્વિક રીતે 'અધોમુખ' અને 'અધોગત' મુદ્રા એકજ પ્રકારના શિરોભેદ વર્ણવે છે. આ ઉપરાંત અન્ય રંગનિર્દેશો જેવાં કે 'શકુન્તલા સખીમ્ અંગુલ્યા તર્જયતિ અર્થાત શકુંતલા સખીને આંગળીથી ધમકી આપે છે કે ' સભ્રૂભઙ્ગમ્ અર્થાત્ 'ભવાં ચઢાવીને' વિગેરે પણ ભરતાનુસારી છે.

પ્રથમ અંકના અંત ભાગમાં પ્રસ્થાન કરતી શકુંતલા અનસૂયાને ઉદ્દેશીને કહે છે -

શકુંતલા : અનસૂયા, નવાં દર્ભની અણી મારા પગમાં વાગી છે અને કુરબકની ડાળીમાં મારું વલ્કલ ભરાયું છે. તો જરીક થોભો, હું એને છોડાવી લઉં.

અહીં કાલીદાસે 'નવાં દર્ભની અણી મારા પગમાં વાગી છે ' તેવા કથન માટે અભિનવકુશસૂચ્યા પરિક્ષતં મે ચરણમ્ એવો પ્રયોગ કર્યો છે. શકુંતલા અણી કાઢવા માટે નીચી વળે છે અને 'સૂચી મુદ્રાયુક્ત' હાથ વડે સૂચી મુદ્રાયુક્ત પાદમાંથી કાંટા કાઢવાનો અભિનય કરે છે અને ડાળીમાં ભરાયેલા પોતાના વલ્કલને ખેંચી કાઢવાનો ભાવ સુચવવા ઉંચી થાય છે અને બાહુ પ્રસારે છે. અહીં ઉપરોક્ત સંવાદ બોલ્યા પછી તરતજ તેજ અર્થનો આંગિક અભિનય શકુંતલા કરતી હોવાથી તે સૂચિ અભિનયનું ઉદાહરણ બની રહે છે.

બીજા અંકમાં રાજા દુષ્યંત વિદૂષક સાથેની વાતચીતમાં રાજા ફરી એક વાર શકુંતલાની આ ચેષ્ટા સંભારતાં કહે છે -

રાજા : પરસ્પર જ્યારે છૂટા પડયા ત્યારે સલજ્જપણે તેણે (મારા વિશેનો ) પોતાનો મનોભાવ પ્રકટ કર્યો કેમ કે -

'મારા પગમાં દર્ભની અણી વાગી છે ' એમ કહીને તે તન્વી થોડાંક ડગલાં ચાલી એકદમ ઊભી રહી ગઇ અને મોઢું ફેરવીને, ઝાડની ડાળીઓમાં ભરાયું ન હતું, છતાં પોતાના વલ્કલને છૂટું કરવા લાગી.'

અહીં ભૂતકાળના સંભારણારૂપે વાત થતી હોવાથી તે અંકુર અભિનયનું સુંદર ઉદાહરણ બની રહે છે.

ત્રીજા અંકની શરૂઆતમાં 'વિષ્કમ્ભક'ની સમાપ્તિ પછી રંગનિર્દેશ છે 'તતઃ પ્રવિશતિ કામયમાનાવસ્થો રાજા' અર્થાત કામપીડિત અવસ્થામાં રાજાનો પ્રવેશ. આ અવસ્થાનો અભિનય લોલિત શિર, ચિન્તા નામના સંચારી ભાવમાં પ્રયોજાતી શૂન્ય દૃષ્ટિ તથા દોલા હસ્ત વડે કરી શકાય. આમ, રાજાની કામપીડિત અવસ્થા મસ્તકની ચકંકાર ગતિ, શૂન્યમાં તાકતી દૃષ્ટિ અને દોલા હસ્ત મુદ્રામાં નમેલા ખભા વડે તાદૃશ કરી શકાય. રાઘવ ભટ્ટ આ બધા હલનચલન કેવી રીતે પ્રયોજવા તેની પણ સૂક્ષ્મ છણાવટ કરે છે. તેઓ 'દોલાહસ્ત'ના પર્યાય તરીકે સ્વસ્તિક મુદ્રામાં રહેલા કર્કટ હસ્ત ઉપર દાઢી ટેકવવાની મુદ્રા પણ સૂચવે છે. જો કે ભરતમુનિએ કર્કટ હસ્તના વિવિધ વિનિયોગમાં કામપીડિત અવસ્થાનો ઉલ્લેખ કર્યો નથી. લોલિત મસ્તકને ભરતમુનિએ 'પરલોલિત' મસ્તક તરીકે ઓળખાવ્યું છે અને તેનો વિનિયોગ મૂર્છા, મદ તથા ભૂતપ્રેત આદિથી ગ્રસિત અવસ્થામાં કરવાનું વિધાન કર્યું છે.

પ્રેમની વ્યાકુળતાથી પીડાતો રાજા આમતેમ જુએ છે, કામદેવને સંબોધે છે અને પોતાની આ અવસ્થા માટે તેમને કારણભૂત ઠેરવે છે. સૂર્ય સામે જોઇ બળબળતી બપોરનો

નિર્દેશ કરે છે અને કહે છે ' બળબળતી બપોરનો આ વખત મોટે ભાગે શકુંતલા પોતાની સખીઓ સાથે લતાકુંજવાળા માલિનીતીર ઉપર ગાળે છે ત્યાં જ જાઉં '. અહીં મધ્યાહનના સૂર્યનું સૂચન ભરતમુનિ જણાવે છે તેમ 'અર્ધખુલી આંખ વડે ઉપર જોવાનો અભિનય' કરવાથી સરળતાથી થઇ શકે. રાજાની આ ઉક્તિ પછી તરતજ રંગનિર્દેશ છે 'થોડું ચાલી અને સ્પર્શસુખનો અભિનય કરી' આમ અહીં દુષ્યન્ત બનતો નટ 'રાજા લતાકુંજવાળા માલિનીતીરની દિશામાં આગળ વધી રહ્યો છે' તેનો નિર્દેશ કરવા માટે શીતળ પવનના સ્પર્શસુખનો આંગિક અભિનય કરશે જેના ધ્વારા પ્રેક્ષકોને ખ્યાલ આવી જશે કે હવે રાજા મધ્યાહનના સૂર્યથી ~~તપ્ત~~ તપ્ત પ્રદેશમાંથી લતાકુંજવાળા પ્રદેશમાં આવી પહોંચ્યો છે. આમ નટ પોતેજ પોતાના વિશિષ્ટ પ્રકારના આંગિક અભિનય વડે રાજાનું સ્થળાંતર સૂચવશે. શીતળ પવનના સ્પર્શસુખનો અભિનય તે આંખોના અલ્પ સંકોચન, ભ્રુકુટિના તનાવ તથા ખભા અને ગાલના સ્પર્શ ધ્વારા કરી શકશે સાથે સાથે 'ચિન્તાભિનય'માં ભરતમુનિએ જેને સૂચવ્યો છે તે 'સુખપ્રદ પદાર્થના અભિનય'નો વિનિયોગ પણ કરી શકશે. નાટ્યધર્મી શૈલીનું આ એક ઉત્તમ ઉદાહરણ છે. પ્રકાશ અને ધ્વનિની રંગતંત્રજન્ય વિવિધ અસરોની જગ્યાએ માત્ર નટના આંગિક અભિનય વડેજ વિવિધ સ્થળ અને વાતાવરણ locale and environment સૂચવી શકાય છે. આધુનિક રંગમંચ ઉપર જે કામ દૃશ્યબંધ અને પ્રકાશ આયોજન તથા ધ્વનિ અસરો ધ્વારા પાર પાડવામાં આવે છે તે કામ અહીં નટના 'આંગિક અભિનય' ધ્વારા પાર પાડવામાં આવે છે. સખેદં પરિક્રમ્ય, પરિક્રમ્ય સ્પર્શં રુપયિત્વા, પરિક્રમ્ય તથા કૃત્વા સહર્ષમ્ વિગેરે રંગનિર્દેશો તેનો સબળ પુરાવો છે. અર્ધખુલી આંખે આકાશ તરફ જોતો નટ મધ્યાહનના બપોરનું સૂચન કરી અને ચહેરો ઢાંકી 'લૂ' નો સંકેત કરી, રંગમંચ ઉપર થોડું ચાલશે ને પછી તરતજ શીતળ પવનના સુખદ સ્પર્શનો અભિનય કરી લતાકુંજનો નિર્દેશ કરશે. (પરિક્રમ્ય સ્પર્શં રુપયિત્વા)

અને સ્થળાંતર આપોઆપ સૂચવાઇ જશે.

શકુંતલા તેની સખીઓ સાથે પ્રવેશે છે, તે પણ કામના જ્વરથી પીડિત છે. બે સખીઓ પુછે છે ' અરે શકુંતલા આ કમલપત્રનો પવન તને સુખ આપે છે ? ત્યારે શકુંતલા સામો પ્રશ્ન પૂછે છે ' શું મને તમે પવન નાખી રહયાં છો ?' અને પછી તરતજ રંગનિર્દેશ છે સખ્યૌ વિષાદં નાટયિત્વા પરસ્પરમવલોકયતઃ અર્થાત્ સખીઓ વિષાદનો અભિનય કરી એક બીજી સામે જુએ છે. આનો અભિનય 'વિષણ્ણ' પ્રકારની દૃષ્ટિના વિનિયોગ ધ્વારા કરવામાં આવશે.

આ દૃશ્ય પછી રાજાની ઉકિત છે -

'શકુંતલાનું શરીર અત્યન્ત અસ્વસ્થ લાગે છે. (વિચારતાં) તો શું આ લુની અસર હશે ? કે જેવું મારા મનમાં છે તેવું હશે ? '' અને પછી રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ રાજા અભિલાષપૂર્વક જોઇને 'સાભિલાષ નિર્વર્ણ્ય' કહે છે -

''અથવા શંકાને સ્થાન જ કયાં છે ? ''

કાલિદાસે જેનો રંગનિર્દેશમાં ઉલ્લેખ કર્યો છે તે 'અભિલાષા' ને ભરતમુનિએ પ્રણયની પ્રથમ અવસ્થા દર્શાવી છે. (સામાન્યાભિનય અધ્યાય) શકુંતલાની કામપીડિત અવસ્થા જોઇ બે સખીઓ પરસ્પર ગુફતગુ કરે છે.

પ્રિયવંદા : (જનાન્તિકે) તે રાજર્ષિના પ્રથમ દર્શનથી માંડીને શકુંતલા ઉત્કંઠિત લાગે છે. તો તે નિમિત્તે તો શકુંતલાની આ પીડા ન હોય ?

અનસુયા : સખી મારા મનમાં પણ એજ શંકા ઘોળાયા કરે છે. ઠીક એનેજ પૂછું. (મોટેથી) સખી મારે તને કંઇક પુછવું છે. તારો જ્વર ખરેખર ખુબ ભારે લાગે છે.

અનસૂયાનો આ પ્રશ્ન/વિધાન સાંભળી શકુંતલા, રંગનિર્દેશમાં સુચવાયું છે તેમ

'પથારીમાંથી અડધા બેઠા થઇને' સામો પ્રશ્ન કરે છે '' અલી, શું કહેવું છે તારે ? ''

અહીં જે રંગનિર્દેશ અત્યંત સૂચક છે. કાલિદાસે 'પથારીમાંથી બેઠા થવાનો અભિનય કરીને'' એવો રંગનિર્દેશ કર્યો નથી એટલે અહીં આંગિક અભિનય વડે નહીં પણ પુસ્તવિધિથી, મંચવસ્તુ તરીકે Scene prop તરીકે 'પથારી' ઉભી કરવામાં આવી હોવાનું જણાય છે. રાજા પણ આનો ઉલ્લેખ પોતાના સ્વગત કથનમાં કરે છે. જેમ કે -

રાજા : લાવ વૃક્ષની પાછળ રહીને જોઉં. (ચાલીને તેમ કરીને, સહર્ષ) આહાહા ! નયનોને નિરતિશય આનંદ પ્રાપ્ત થયો. શિલાખંડ ઉપર બિછાવેલા ફુલોની પથારી ઉપર સૂતેલી આ રહી મારી મનોવાંછિત પ્રિયતમા, જેની સખીઓ સેવા કરી રહી છે....

જો કે 'પથારી' મંચવસ્તુ તરીકે રંગમંચ ઉપર લાવવામાં ન આવી હોય તો પણ શકુંતલા બનતી નટી પોતાના અભિનય વડે તેનું સૂચન કરી શકે છે. ભરતમુનિએ સૂચવ્યું છે તેમ અહીં શકુંતલા બનતી નટી 'નત' પ્રકારની શયનાવસ્થા દર્શાવશે જેમાં જંઘા થોડી પ્રસારેલી તથા બંને હાથ ઢીલા રાખી શયન કરવામાં આવશે.

લાલિત્યપૂર્ણ અને અસરકારક એવી આ શયન મુદ્રામાંથી બેઠી થઇને શકુંતલા અનસૂયાને પેલો પ્રશ્ન પૂછી શકે.

સખીઓની આગ્રહપૂર્વક પૃચ્છા પછી શકુંતલા પોતાના હૃદયની વાત-પોતાને થયેલા દુષ્યન્ત માટેના અભિલાષની વાત જાહેર કરે છે અને સખીઓને વિનવે છે -

શકુંતલા : તો જો તમને યોગ્ય લાગતું હોય તો તે રાજર્ષિ મારા ઉપર કૃપા કરે એવું કંઇક કરો. નહીં તો મારા ઉપર તલ ને જલની અંજલિ છાંટી દો.

સખીઓની સલાહથી છેવટે શકુંતલા દુષ્યંતને 'મદનલેખ' લખી મોકલવાનું સ્વીકારે છે અને મદનલેખ લખીને સખીઓને સંભળાવે છે. તેમની વિશ્રંભ વાતો સાંભળતો અને ડાળીઓની આડશેથી તેમને જોતો બહાર ઉભેલો રાજા દુષ્યન્ત 'મદનલેખ' સાંભળી, રંગનિર્દેશમાં સૂચવાયું છે તે પ્રમાણે 'સહસોપસૃત્ય' અર્થાત્ એકદમ ધસી આવે છે. તે જોઇ શકુંતલા ઉઠવા પ્રયાસ કરે છે. રાજા તેને શિષ્ટાચાર સમજી તેમ કરવાની ના પાડે છે. સખીઓના આગ્રહથી રાજા શિલાતલની એક બાજુએ બેસે છે. શકુંતલા લજ્જા અનુભવે છે. બંને સખીઓ મૃગબાળને તેની માતા સાથે મેળવવાનું બહાનું કાઢી બંને પ્રણયીજનોને એકલાં મૂકી ચાલી જાય છે. રાજા શકુંતલા પાસે પોતાનો પ્રેમ વ્યક્ત કરે છે પણ શકુંતલા સ્ત્રી સહજ સંકોચથી ચાલી જવા ઇચ્છે છે. રાજા તેને બળપૂર્વક પાછી ફેરવે છે અને ગાંધર્વલગ્ન માટે માંગણી મૂકે છે. શકુંતલા 'ફરી એકવાર સખીઓની અનુમતિ મેળવીશ' એમ કહે છે. રાજા બોલે છે 'ભલે છોડીશ. શકુંતલા પૂછે છે 'ક્યારે' રાજા કહે છે -

રાજા : હે સુંદરી, અક્ષત કોમલ નવપુષ્પના રસનો આસ્વાદ લેતા ભ્રમરની જેમ તારા અપરિક્ષત સુકુમાર નવકુસુમ સમાન અધરરસ જ્યારે આ પિપાસુ સદય ભાવે ગ્રહણ કરશે ત્યારે.

રાજાની આ ઉક્તિ પછી તરતજ રંગનિર્દેશ છે ઇતિ મુખમસ્યા: સમુન્નમયિતુમિચ્છતિ શકુન્તલા પરિહરતિ નાટ્યેન અર્થાત (રાજા) તેનું મુખ ઉંચું કરવા ઇચ્છે છે. શકુંતલા તેને રોકવાનો અભિનય કરે છે. રાજાની મુખ ઉંચુ કરવાની ક્રિયા 'ત્રિપતાક હસ્તને' ઉર્ધ્વમુખ સ્થિતિમાં દાઢીની નીચે લાવી પહેલી અને વચલી આંગળી દાઢી પાસે રાખવાથી સૂચવી શકાય. જ્યારે શકુંતલા તેને રોકવાનો અભિનય કરે છે તે 'પરાવૃત્ત' શિરોભેદ તથા નીચલા હોઠને મુખમાં વાળવાની ક્રિયાથી- વિનિગૂહનથી રજૂ કરી શકાય. અહીં પણ નાટ્યધર્મી શૈલીનું

તથા આંગિક અભિનયના વિશિષ્ટ વિનિયોગનું ઉત્તમ ઉદાહરણ મળે છે. અહીં રાજાનો પ્રગલ્ભ પ્રણય અનુકરણાત્મક રીતે નહીં પણ હસ્ત મુદ્રાઓ થકી સાંકેતિક રીતે પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

ત્રીજા અંકના અંતમાં, શકુન્તલા અને ગૌતમીના ગયા પછી રાજા એકદમ એ પ્રિયાપરિભુકત સ્થાન છોડી દઇ શકતો નથી. ચારે બાજુ જોઇએ બોલે છે.'' આ રહી શિલાપરની તેના શરીરથી વિમર્દિત ફુલસેજ, કમલપત્ર ઉપર નખથી કોતરેલો મ્લાન થઇ ગયેલો તેનો આ પ્રેમપત્ર....'' અને પછી આકાશ તરફ જોઇ બોલે છે, '' સાયંકાલીન યજ્ઞકર્મ શરુ થતાં યજ્ઞની પ્રજ્વલિત અગ્નિવાળી વેદીની આસપાસ વિવિધરુપે ફેલાયેલી, ભય પ્રમાડે તેવી, સાંજના મેઘ જેવી લાલરંગી રાક્ષસોની છાયા ઘૂમી રહી છે.'' આમ રાજા દુષ્યન્ત બનતો નટજ અહીં આકાશ તરફ જોઇ, વાદળો ઘેરાઇ રહયા છે અને સાંજ થવા આવી છે તેનું સૂચન આંગિક અભિનય દ્વારા કરશે. ચિત્રાભિનયમાં 'સુર્યાસ્ત'ને સૂચવવા માટે જે આંગિક અભિનય પ્રયોજવાનું ભરતમુનિ વિધાન કરે છે તેના દ્વારા અર્થાત બે 'પતાક હસ્તને' ઉંચા કરી, તેમને સ્વસ્તિક કરી પછી છૂટા પાડી ત્યારબાદ બે 'અરાળ હસ્ત' ઉર્ધ્વમુખ સ્થિતિમાં કાંડા આગળ મેળવી તે સ્થિતિમાં થોડો સમય રાખી, પછી છૂટા પાડી, વર્તુળાકારે નીચે લઇ તે દ્વારા વાદળો, આકાશ તથા સાંજ ચિત્રાત્મક રીતે સૂચવી શકાશે. આ વખતે 'ઉદ્વાહિતા શિરો ભેદ' પ્રયોજી આંખના વિવિધ હલનચલન દ્વારા ~~આશ~~ આકાશ તરફ જોવાનો ભાવ રજૂ કરી શકાશે.

અહીં 'બોલાતા શબ્દ' કરતાં 'આંગિક ચેષ્ટા' કેટલું બધું સૂચવી જાય છે ! સમયમાં પરિવર્તન, સ્થળમાં પરિવર્તન સૂચવાય છે, આંગિક ચેષ્ટાથી. કાળનું નિર્ગમન સૂચવાય છે, આંગિક ચેષ્ટાથી. મધ્યાહને તપતો સુર્ય સાંજ સમયના શીતળ સૂર્યમાં પરિવર્તિત થતો સૂચવાય છે, આંગિક ચેષ્ટાથી. બળબળતા બપોરની ગરમ ગરમ લૂ પવનની શીતળ લહેરખીમાં રુપાંતર થતી દર્શાવાય છે આંગિક ચેષ્ટાથી. નાયક નાયિકાના પ્રેમની મૌન ભાષા બોલાય છે, આંગિક ચેષ્ટાથી. જે કવિનો શબ્દ કે રંગકર્મીની કરામત કે રંગતંત્રનો કસબ કહી શકતો

નથી તે સઘળું નટનું અંગ કહી શકે છે.

ચોથા અંકની શરુઆતમાં વિષ્કમ્ભક આવે છે તેમાં અનસૂયા અને પ્રિયંવદા પુષ્પો વીણતાં વીણતાં વાતચીત કરે છે. અંકની શરુઆતમાં રંગનિર્દેશ છે. ફૂલો વીણવાનો અભિનય કરતી સખીઓનો પ્રવેશ.' ભરતમુનિએ ફૂલો ચૂંટવાના અભિનય માટે' ભ્રમર હસ્ત' અથવા 'સંદંશ હસ્ત' નો વિનિયોગ સૂચવ્યો છે પણ રાઘવ ભટ્ટ તેમની ટીકામાં ડાબા હાથની 'અરાલ હસ્ત મુદ્રા' તથા જમણા હાથની 'હંસાસ્ય હસ્તમુદ્રા' દ્વારા ફૂલ ચૂંટવાની ક્રિયા સૂચવવાનું જણાવે છે.

વિષ્કંભકની સમાપ્તિ પછી ઉંઘીને ઉઠેલો શિષ્ય પ્રવેશે છે.'પ્રવાસેથી પાછા ફરેલા કાશ્યપે સમય જાણવાનો મને આદેશ આપ્યો છે.' એમ કહી થોડુંક ચાલી, જોઈ કરી સવાર થઇ ગઇ હોવાનું જણાવે છે. એક તો ઉંઘમાંથી ઉઠીને આવવાના અભિનય દ્વારા તથા આકાશ તરફ જોવાની આંગિક ચેષ્ટા દ્વારા તે સવાર થઇ ગઇ હોવાનો સંકેત કરશે અને એ રીતે શિષ્ય બનતા નટની આંગિક ચેષ્ટા દ્વારાજ પ્રેક્ષકોને સમય પરિવર્તનની જાણ થઈ જશે.

ચોથા અંકનું મુખ્ય વસ્તુ 'શકુંતલા વિદાય'નું છે. પ્રિયંવદા અને અનસૂયા શકુંતલાને શણગારવાનો અભિનય કરે છે એવો રંગનિર્દેશ છે. અને તે પછી સ્નાન કરી રહેલ કાશ્યપનો પ્રવેશ છે. આમ કાશ્યપના પ્રવેશ પહેલાં 'શકુંતલાના શણગાર'નું એક નાનકડું દૃશ્ય છે જે આંગિક અભિનય દ્વારા રજૂ થશે. આંખ નજીક ત્રિપતાક હસ્ત લઇ જઈ તે દ્વારા તિલક કર્યાનો અભિનય સૂચવાશે એવો રાઘવ ભટ્ટનો અભિપ્રાય છે.' સંદંશ' અને 'ભ્રમર હસ્ત' વડે શણગારવાનો ભાવ રજૂ કરી શકાશે, જ્યારે '(ક)ખટકામુખ' અને 'હંસાસ્ય હસ્ત' વડે અંગરચનાનો. જો કે ભરતમુનિના મત પ્રમાણે કટકામુખ હસ્તનો વિનિયોગ ગળામાં હાર અથવા પુષ્પમાળા ધારણ કરવાનો ભાવ સૂચવવા માટે થાય છે અને 'સંદંશ હસ્ત' અંગરચના માટે, રાઘવ ભટ્ટના મત પ્રમાણે પગની પાની અલંકૃત કરવાનો અભિનય 'કર્તરી મુખ હસ્ત' વડે સૂચવી શકાશે. રાઘવભટ્ટનું આ વિધાન ભરતાનુસારી છે.

શકુંતલા વિદાય પ્રસંગે કાશ્યપ પોતાની ઉક્તિમાં કહે છે તેમ દર્ભની અણીથી

વિંધાયેલા જેના મુખના ઘાને ઇંગુદીનું તેલ સીંચી સીંચી શકુંતલાએ રુઝાવ્યો હતો, સામાની મૂઠી નાખી ઉછેરેલો શકુંતલાના પુત્ર સમો 'બાળમૃગ' શકુંતલાના વસ્ત્રને વળગી તેને આગળ વધતી અટકાવે છે. આ પણ આંગિક અભિનયનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. રાઘવ ભટ્ટના મત પ્રમાણે પગની 'ઉરુદવૃત' મુદ્રા વડે આ ભાવ વ્યક્ત કરી શકાશે. ઉરુદવૃત મુદ્રામાં ઊંચી એડી કરેલા પગને બીજા પગની પાછળ લઇ જવામાં આવે છે અને શરીર વાળવામાં આવે છે. શકુંતલા 'પાછું ફરીને જુએ છે' તેવો રંગનિર્દેશ છે. શકુંતલા આ પાછા ફરીને જોવાનો ભાવ 'અપક્રાન્તા ચારી' કે જેમાં પગ સ્વસ્તિક સ્થિતિમાં અને એક પગ કુંચિત અવસ્થામાં રાખવામાં આવે છે તેના દ્વારા સૂચવી શકાશે. આ સમગ્ર હલન ચલન-આંગિક ક્રિયા' 'ચાલતા અટકાવવાનો અને પાછા ફરીને વસ્ત્રને વળગી રહેલા બાલમૃગને જોવાનો 'રંગનિર્દેશ'-'ગતિભંગ રુપયિત્વા'નો રંગનિર્દેશ તાદૃશ કરી આપશે એવો રાઘવ ભટ્ટનો અભિપ્રાય છે. જો કે ભરતમુનિએ આ પ્રકારની ક્રિયા માટે કોઇ મુદ્રા સૂચવી નથી. રાઘવ ભટ્ટે જેને ઉરુદવૃત ક્રિયા કહી છે તે ભરતનિરુપિત 'કરણ'ની સંજ્ઞા છે.

છઠ્ઠા અંકમાં વીંટીના દર્શનથી રાજાનો વિસ્મૃતિનો પડદો હટી જાય છે અને પોતાનો શકુંતલા સાથેનો વૃતાન્ત રાજાને યાદ આવે છે. અપ્સરાતીર્થમાંથી રાજાની સ્થિતિની તપાસ કરવા સાનુમતી નામની અપ્સરા આવી પહોંચે છે. પ્રવેશકની સમાપ્તિ પછી રંગનિર્દેશ છે 'પછી આકાશમાર્ગે સાનુમતી નામની અપ્સરા આવે છે' સાનુમતીનું આકાશી રથમાંથી અવતરણ અને પછી ઉર્ધ્વગમન સૂચવવા માટે રાઘવભટ્ટ વિભિન્ન આંગિક અભિનય સૂચવે છે. રાઘવભટ્ટના મતે સાનુમતી 'બાહ્ય ભ્રમરિકા' વડે ઉર્ધ્વગમન તથા 'ગંગાવતરણ' દ્વારા અવતરણ સૂચવશે. 'ગંગાવતરણ કરણ' વિભિન્ન રીતે દર્શાવી શકાય છે. ડો.કપિલા વાત્સ્યાયન નોંધે છે તેમ 'ગંગાવતરણ કરણ' બતાવવાની એક રીત તે 'વીંછીના ડંખ સદૃશ પગ વાળી, ત્રિપતાક હસ્ત અધોમુખ સ્થિતિમાં રાખી, વૃક્ષ ટટ્ટાર કરી મસ્તક નીચું નમાવવું.' બીજી રીત તે વિષ્ણુકાન્ત કરણ અને ત્રિપતાક હસ્ત ઊંચા કરેલા પગ ઉપર ગોઠવી ગંગાનો પ્રવાહ બતાવવો તે. ત્રીજી રીત તે ચિદામ્બરમ્ મંદિરના શિલ્પોમાં જોવા

મળતું એક્રોબેટિક ( acrobatic ) ગગનાવતરણ કરણ. ભરતમુનિના મત પ્રમાણે ઉપરોક્ત કરણ અથવા ગતિપ્રચાર આકાશી યાન ચલાવવાનો અને આકાશમાંથી અવતરણ કરવાનો ભાવ રજૂ કરી શકે છે. 'ગતિપ્રચાર' અધ્યાયમાં જણાવાયું છે તે પ્રમાણે સાદાં ડગલાં વડે પણ આકાશયાન સંચાલન અથવા તેમાંથી ઊતરવા-ચઢવાનો ભાવ રજૂ કરી શકાય છે. પ્રથમ 'સમપાદ સ્થાન'માં સ્થિત રહી પછી જો આકાશીયાનમાં ચઢવાનું હોય તો શરીર ઊર્ધ્વમુખી રાખવામાં આવે છે અને જો આકાશયાનમાંથી ઊતરવાનું હોય તો શરીર અધોમુખી સ્થિતિમાં રાખવામાં આવે છે. આકાશ માર્ગેથી આવતી સાનુમતી અપવિદ્ધ બાહુ તથા વસ્ત્રોના છેડાના ગઠબંધન દ્વારા પોતાની ગતિ સૂચવી શકે. સાનુમતિ 'ઉદ્‌ભ્રાન્તક નૃત્યથી ચાલી જાય છે' એવા રંગનિર્દેશ સાનુમતીનું નિર્ગમન સૂચવે છે. અહીં કાલિદાસ પણ નટોના વિશિષ્ટ પ્રકારના આંગિક અભિનયનો આગ્રહ રાખે છે.

છઠ્ઠા અંકના અંતમાં 'આયુષ્યમાન, રથ ઉપર ચઢો' એવી માતલિની ઉક્તિ પછી 'રાજા રથાધિરોહણ નાટ્યતિ' અર્થાત્ રાજા રથ ઉપર ચઢવાનો અભિનય કરે છે એવો રંગનિર્દેશ છે. રાજાના 'રથ અધિરોહણ' અને સાનુમતીના 'આકાશીયાન અધિરોહણ' બંને ભિન્ન પ્રકારના રહેવાનાં. 'સંગીત રત્નાકર'ના આધારે રાઘવભટ્ટ જણાવે છે કે 'રાજાનું રથાધિરોહણ' ઊર્ધ્વજાનું ચારી દ્વારા દર્શાવી શકાય. ભરતમુનિએ પણ 'ઊર્ધ્વજાનુ ચારી'નું લક્ષણ નિરુપ્યું છે તેમાં કુંચિત પાદ ઉપર લઇ જઇ - લગભગ વક્ષની સમરેખ - અને બીજો પાદ સમપાદ સ્થાનમાં સ્થિર રાખવામાં આવે છે.

સાતમાં અંકમાં શરુઆતમાં રંગનિર્દેશ છે.' પછી આકાશ માર્ગે રથમાં બેઠેલા રાજા અને માતલિ પ્રવેશ કરે છે.' અહીં આકાશી રથ પુસ્તવિધિથી મંચવસ્તુરુપે નિરુપી શકાય પરંતુ રાજા માતલિના ગતિ પ્રચાર દ્વારા પણ તેમનું આકાશમાં થતું વિચરણ દર્શાવી શકાય. પ્રથમ સમપાદ સ્થાન ગ્રહણ કરી પછી આકાશી ચારીઓ દર્શાવી અંતે અતિક્રાન્તા ચારી બતાવી તેનો અભિનય થઇ શકે. નાટકના પ્રથમ અંકના પ્રથમ દૃશ્યની જેમ અહીં પણ આંગિક અને વાચિક અભિનયના સમાન વિનિયોગથી આકાશ ગતિ પ્રાદૃશ કરી શકાશે. પાદની વિવિધ મુદ્રા તેઓ

આકાશમાં ગતિ કરી રહયા હોવાનો સંકેત કરશે જ્યારે 'નીચે દૃષ્ટિપાત કરવાની' મુદ્રા નીચે પથરાયેલી જમીનનો આભાસ ઉભો કરશે. રાજાના મુખેથી બોલાતા શબ્દો માતલિના આંગિક અભિનયનો અને માતલિના મુખેથી બોલાતા શબ્દો રાજાના આંગિક અભિનયનો ખ્યાલ આપશે.

હેમકુટ પર્વત ઉપર પહોચ્યા પછી રાજા અને માતલિ - બંને ઉતરવાનો અભિનય કરે છે - એવો રંગનિર્દેશ છે. આ રથમાંથી ઉતરવાનો અભિનય પણ ચારી પ્રદર્શન ધ્વારા રજૂ કરી શકાશે. માતલિ, રથની લગામ ખેંચીને રાજાને પ્રજાપતિના આશ્રમમાં પોતે પ્રવેશી રહયા હોવાનુ જણાવે છે. અહીં માતલિ બનતો નટ 'કટકમુખ હસ્ત' વડે રથની લગામ ખેંચ્યાનો અભિનય કરી શકશે.

સિંહણ માતાના સ્તનને અર્ધુ ધાવતા, ખેંચતાણથી વિખરાયેલા વાળવાળા સિંહના બચ્ચાને રમવા માટે પરાણે ખેંચતા બાળકનું દૃશ્ય પણ વિભિન્ન આંગિક ચેષ્ટાઓ ધ્વારા નાટ્યધર્મી શૈલીમાં રજૂ કરી શકાશે. અહીં સિંહણના બચ્ચાનું પાત્ર 'સિંહની મુખાકૃતિવાળું મહોરું' પહેરેલા નટ ધ્વારા ભજવાશે.

'રાજા ધ્વારા બાળકને થતા સ્પર્શનો રંગનિર્દેશ તેમજ 'બાળકને લાડ કરતાં' 'બાળકને ભેટે છે' 'શકુંતલાને વીંટી બતાવે છે' વિગેરે ક્રિયાઓ નાટ્યધર્મી શૈલીમાં નહિ પણ લોકધર્મી શૈલીમાં દર્શાવવામાં આવશે.

આમ રંગનિર્દેશના આ વિશ્લેષણ પરથી એક વાત ફલિત થાય છે કે સમગ્ર નાટ્યપ્રયોગમાં 'આંગિક અભિનય'નું વિશિષ્ટ સ્થાન હતું. આંગિક અભિનય વડે માત્ર પાત્ર સર્જન જ નહિ પણ સ્થળ સમયનું સૂચન તથા વાતાવરણ નિર્માણ પણ થતું.

## વિક્રમોર્વશીય

( ૧ )

### આંગિક અભિનયના સૂચક રંગનિર્દેશો :

કાલિદાસના 'વિક્રમોવર્શીય' નાટકનો પ્રથમ અંક 'આકાશમાં રક્ષણ માટે બૂમો પાડતી ભયગ્રસ્ત ટીટોડીઓ માફક અવાજ કરતી અપ્સરાઓના આગમન સાથે આરંભાય છે.

અપ્સરાઓ : બચાવો, બચાવો જે કોઇ દેવોનો પક્ષકાર હોય અને જેની આકાશમાં ગતિ હોય.

આ ઉક્તિ પછી તરતજ રંગનિર્દેશ છે તતઃ પ્રવિશત્યપટીક્ષેપેણ રાજા પુરુરવા રથેન સૂતશ્ચ અર્થાત્ ત્યાર પછી પડદો ખસેડીને રથમાં રાજા પુરુરવા રથ હાંકવાના અભિનય સાથે પ્રવેશ કરે છે. દ્રુત ગતિથી રંગમંચ પર પરિક્રમ્મા કરી રાજા રથની ગતિનો અભિનય કરશે. તે પછીના સંવાદ દરમ્યાન પણ રથની ગતિ પવનવેગી રહે છે. રાજા અપ્સરાઓને તેમના ભયનું કારણ પૂછે છે. રંભા નામની અપ્સરા જવાબ આપે છે કે કેશી નામનો દૈત્ય ઉર્વશી અને ચિત્રલેખાને હરી ગયો છે. રાજા સખીઓને આશ્વાસન આપે છે અને તે દિશામાં પોતાનો રથ દોડાવી મૂકે છે. હેમકુટ પર્વતના શિખરે રાજાના પુનરાગમનની રાહ જોતા બેસવાના નિર્ધાર સાથે બધી (અપ્સરાઓ પર્વત ઉપર ઉતરવાનો અભિનય કરીને ઉભી રહે છે - ઇતિ સર્વાઃ શૈલાવતરણં રુપયિત્વા સ્થિતાઃ' એવો રંગનિર્દેશ છે. અપ્સરાઓ શૈલાવતરણનો અભિનય અતિક્રાન્તા ચારી દ્વારા કરશે. શરીર ટટ્ટાર રાખી, એક પગ અતિક્રાન્તા ચારીમાં અને બીજો પગ અંચિત અવસ્થામાં રાખી શૈલાવતરણ સૂચવશે. પર્વતની ઊંચાઇ 'ઉદ્વાહિત શિરોભેદ' તથા 'જમણા પાર્શ્વે સ્થિત હંસપક્ષ હસ્ત' વડે તેમજ બાહુ પ્રસારી ચઢવાનો ભાવ રજૂ કરશે.

થોડીજ વારમાં રાજાનો રથ ઉર્વશી અને ચિત્રલેખાને લઇને આવે છે. ભયથી વિહ્વળ બનેલ ઉર્વશી જયારે ભાનમાં આવે છે ત્યારે ચિત્રલેખાના કહેવાથી તેને જાણ થાય છે કે રાજા પુરુરવાએ તેને દાનવના હાથમાંથી છોડાવી છે. ઉર્વશીના હૃદયમાં પ્રણયનો સંચાર પ્રથમ દૃષ્ટિએ થાય છે. રાજા પણ તેના સૌંદર્યથી આકર્ષાય છે. રથ હેમકુટ શિખરે પહોંચે છે. રાજા કહે છે -

રાજા : સારથિ આ રહયું તે પર્વતનું શિખર, રથ નીચે ઉતાર

સારથિ : જેવી આયુષ્યમાનની આજ્ઞા ( તે પ્રમાણે કરે છે )

રાજા : (પૈંડાનો આંચકો દર્શાવી સ્વગત )અહો, ખરબચડી જમીન પર મારું ઉતરાણ સફળ થયું. કેમ કે રથના આંચકાને લીધે મારા ખભાએ રથ (ના ચક્ર)જેવા નિતંબવાળી (સુંદરી)ના ખભાને રોમાંચ થાય એમ સ્પર્શ કર્યો (તે) જાણે

કે પ્રેમ અંકુરિત થયો.

આમ રાજાની ઉકિતના આધારે શિખરની ઉંચી નીચી ભૂમિ, તેના ઉપર રથની ગતિ અને ખરબચડી જમીનને લીધે રાજા અને ઉર્વશીના ખભાઓનો એક બીજાને સ્પર્શ સૂચવાય છે. રાજા, ઉર્વશી તથા સારથીના આંગિક અભિનય વડે રથની શિખર તરફ નીચે ઉપરવાની ક્રિયા, શિખરની ખરબચડી જમીન તથા ખભાનો સ્પર્શ અને તજ્જન્ય રોમાંચ-આ બધું આંગિક અભિનય ધ્વારા સૂચવાશે જેમ કે બે ઉત્સંગ હસ્ત વડે ખભાનો સ્પર્શ અને તેના વડે થયેલો રોમાંચ દર્શાવી શકાશે.

પ્રથમ અંકના અંતિમ દૃશ્યમાં રાજા પુરુરવાની વિદાય લઇને ગંધર્વોનો રાજા ચિત્રરથ ઉર્વશી વિગેરે અપ્સરાઓ સાથે આકાશમાં ઉડ્ડયન આરંભે છે. અહીં રંગનિર્દેશ છે કે સર્વાઃ સગન્ધર્વા આકાશોત્પતનં રુપયન્તિ અર્થાત બધી ગંધર્વ સાથે આકાશમાં ઉડવાનો અભિનય કરે છે. આ અભિનય વિવિધ આકાશિકી ચારીઓ જેવી કે અતિક્રાન્તા, પાર્શ્વક્રાન્તા, આવિધ્ધા ધ્વારા થઇ શકશે.

ઉર્વશી ની મોતીની માળા અચાનક વેલમાં ભરાઇ જાય છે એટલે ઉર્વશીને ઉડવામાં વિઘ્ન નડે છે.

ઉર્વશી : (ઉડવામાં ભંગ થયાનો અભિનય કરી ને) અરે, લતાની ડાળીમાં મારી એક સેરની લાંબી વૈજયન્તિમાળા ભરાઇ ગઇ ( એ બહાને મો ફેરવીને રાજાને જોતી) ચિત્રલેખા, એને કાઢ તો.

ચિત્રલેખા : (સ્મિત કરીને) ખરેખર સખત ચોંટી ગઇ છે. હો ! મને તો કાઢવી મુશ્કેલ લાગે છે. ભલે પ્રયત્ન કરી શ.

ઉર્વશી : (સ્મિત કરી ને) સખી, આ તારું વચન યાદ રાખજે. (ચિત્રલેખા કાઢવાનો અભિનય કરે છે )

આ સમગ્ર દૃશ્ય વિશિષ્ટ પ્રકારના આંગિક અભિનયની અપેક્ષા રાખે છે. ઉર્વશી પહેલાં તો 'સમપાદ સ્થાન' ગ્રહણ કરી, આકાશ માર્ગે થતી ગતિ સુચવવા માટે કેટલીક

'આકાશિકી ચારી' પ્રસ્તુત કરશે. પછી જાણે કશુંક ભરાયું હોય તેમ એકાએક અટકી જશે. લતાની ડાળીમાં ભરાઇ ગયેલી માળા સુચવવા માટે પ્રથમ તો 'કટકામુખ હસ્ત ગળાની પાસે લઇ જઇ ' ગળામાં પહેરવાની માળા સુચિત કરશે અને ત્યારબાદ 'સૂચીમુખ હસ્ત' વડે લતાની ડાળખી સૂચવશે.

બીજા અંકના પ્રમદવન દૃશ્યમાં, પોતાને મનને શાંતિ સાંપડે તે માટે રાજા પુરુરવા પ્રમદવનમાં વિદૂષક સાથે પ્રવેશ કરે છે પરંતું વસંતના આગમનથી પ્રફુલ્લિત બનેલ વન રાજાના બળતા કામાગ્નિને વિશેષ પ્રદિપ્ત કરે છે. રાજા વિરહાવ્યથામાં મદનના બાણથી ઘવાયેલ હોવાથી સુંદર કવિતામય વાણી ઉચ્ચારે છે.

રાજા : કુરબક પુષ્પ આગળના ભાગમાં સ્ત્રીના નખ જેવું રાતું અને બંને બાજુએ શ્યામ છે, વધી જતા લાલ રંગથી સુંદર લાગતી અશોકની કળી ખીલવાની તૈયારીમાં છે, આંબા પરનો તાજો મોર (મંજરી) સહેજ બંધાયેલ પરાગના કણોથી આગળના ભાગમાં બદામી છે હે મિત્ર વસંતશ્રી મુગ્ધત્વ અને યૌવનની મધ્યે આવીને ઉભી છે.

વસંતના વર્ણન સમયે રાજાએ યોગ્ય આંગિક મુદ્રાઓ પણ પ્રયોજી હશે. ભરતમુનિ જણાવે છે તેમ આનન્દપ્રદ વસ્તુઓના સેવન, કાર્ય, પ્રારંભ તથા વિભિન્ન પુષ્પોના પ્રદર્શન દ્વારા વસંતઋતુનો અભિનય કરવામાં આવશે. (ચિત્રાભિનય)

પ્રમદવનના દૃશ્યમાં વિદૂષક રાજાને રોદણાં રડી પોતાને સમાધિ ભંગ ન કરવા જણાવે છે અને એમ કહી રંગનિર્દેશમાં સુચવ્યા મુજબ તે ચિંતાનો અભિનય કરે છે. 'ઇતિ ચિન્તાં નાટ્યતિ' ભરતનિરુપિત લક્ષણ પ્રમાણે દીર્ઘ નિ:શ્વાસ (નિસાસો) ઉંડો શ્વાસ અને શુન્યમનસ્ક વિગેરે અનુભાવો દ્વારા વિદૂષક 'ચિન્તા' નામનો સંચારી ભાવ પ્રસ્તુત કરશે.

પછી આકાશ માર્ગે ઉર્વશી અને ચિત્રલેખા પ્રવેશ કરે છે. ઉર્વશી 'મદન-વેદનાનો' અભિનય કરે છે. ભરતમુનિએ 'સામાન્યાભિનય' અંતર્ગત વર્ણવેલ લલિત અભિનય તથા સ્ત્રીસહજ સત્વજ અલંકારો દ્વારા ઉર્વશી તેનો અભિનય કરશે.

ઉર્વશી અને ચિત્રલેખા પ્રમદવનમાં ઉતરે છે. વિદૂષક અને રાજાને વાતચીત કરતાં જોઇ ઉર્વશી તિરસ્કરિણી વિદ્યાથી ગૂઢ રહી તેમની પડખે જઇ તેમની વાતચીત સાંભળવાનો ચિત્રલેખા આગળ પ્રસ્તાવ મુકે છે અને પછી તરતજ રંગનિર્દેશ છે યથોક્તમનુતિષ્ઠત: અર્થાત્ બને કહયા પ્રમાણે કરે છે એટલે કે ઉર્વશી અને ચિત્રલેખા તિરસ્કરિણી વિદ્યાથી અદૃશ્ય બની રાજા અને વિદૂષકની પાસે ઉભા રહી તેમની વાતચીત સાંભળે છે. ભરતમુનિએ ચિત્રાભિનયમાં 'અદૃશ્ય વ્યક્તિના અભિવાદનનો અભિનય સૂચવ્યો છે તે પ્રમાણે જમણી બાજુથી 'અરાલ' હસ્તને ઉઠાવી મસ્તકને સ્પર્શ કરતો રાખવામાં આવશે. વિદૂષક રાજાને જણાવે છે કે તેણે ઉર્વશીના મિલન માટેનો સરળ માર્ગ શોધી કઢાવ્યો છે અને તે એ કે રાજાએ નિદ્રાનું સેવન કરવું જેથી સ્વપ્નમાં પ્રિયાનો સમાગમ થાય અથવા ઉર્વશી ની પ્રતિકૃતિ (ચિત્ર) ની રચના કરવી અને તેનું નિરીક્ષણ કરવું. રાજાને બને ઉપાયો અશકય જણાય છે. હૃદય ઘવાયેલ હોવાથી નિદ્રા શકય નથી અને ચિત્રમાં પ્રિયા દોરવાથી નેત્રમાંથી આંસુ નહિ ઉભરાય તેમ બનવાનું પણ નથી. રાજાને લાગે છે કે ઉર્વશી તેની દશા જાણતી નથી અથવા જો જાણતી હોય તો તેની ઉપેક્ષા કરે છે. રાજાનું આ કથન સાંભળી અદૃશ્ય બનીને ઉભી રહેલી ઉર્વશીનું હૃદય હચમચી ઉઠે છે અને એ રાજાને ભૂર્જપત્ર ઉપર એક પ્રણયપત્ર લખે છે. આ પત્રલેખનનો અભિનય આ પ્રમાણે કરવામાં આવશે. એક હાથ 'પતાક હસ્તમુદ્રા' માં રાખી ભૂર્જપત્રનો સંકેત કરાશે અને બીજો હાથ 'હંસસ્ય હસ્તમુદ્રા'માં રાખી તુલિકાનો ખ્યાલ આપવામાં આવશે. (અભિનયદર્પણ' પ્રમાણે) 'ભરત નાટ્યમ્' નૃત્ય શૈલીમાં આ પ્રકારનો અભિનય ઘણી વાર જોવા મળે છે.

ઉર્વશી ની વિનવણીથી ચિત્રલેખા તિરસ્કરિણી દૂર કરીને રાજા પાસે પ્રગટ થાય છે અને તે પછી ઉર્વશી પણ. અહીં અદૃશ્ય થઇ જવાની અને ફરી પાછા પ્રગટ થવાની ક્રિયા આંગિક અભિનય ધ્વારા હુબહુ રજૂ કરવામાં આવશે કે જેથી પ્રેક્ષકોના મનમાં તેની બરાબર સ્થાપના થઇ જાય.

આકાશમાર્ગે દેવદૂત આવે છે અને ઉર્વશીને સ્વર્ગમાં તરત પાછા ફરવાનું જણાવે છે કારણ કે ભરતમુનિએ ઉર્વશીને અષ્ટ રસયુક્ત નાટ્યપ્રયોગ ~~ર~~શીખવ્યો છે અને ઇન્દ્ર તે પ્રયોગ

લોકપાલો સહિત જોવા ઇચ્છે છે. નેપથ્યમાં બોલાતી આ ઉક્તિ સાંભળવા બધા કાન માંડે છે અને રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ ઉર્વશી વિષાદનો અભિનય કરે છે. 'ઉર્વશી વિષાદં નાટ્યતિ'. ભરતમુનિએ 'ભાવ અધ્યાય'માં 'વિષાદ' નામના સંચારી ભાવને રજૂ કરવા માટે જે અનુભાવો સૂચવ્યા છે, તેનો અહિં વિનિયોગ કરવામાં આવશે. ઉંડો શ્વાસ, વિસન્ન દૃષ્ટિ (વિષાદ'માં પ્રયોજાતી દૃષ્ટિ) વડે 'વિષાદ'નો ભાવ સૂચવવામાં આવશે.

દેવદૂતની વાણી સાંભળી ચિત્રલેખા ઉર્વશીને મહારાજની રજા લઇ લેવાનું સૂચવે છે. ઉર્વશી પોતે બોલી શકતી નથી એવું જણાવે છે એટલે ચિત્રલેખા રાજાને ઉર્વશી બીજાને આધીન હોવાનું જણાવી દેવાનો અપરાધ ટાળવા માટે જવાની અનુજ્ઞા આપવા કહે છે. રાજા રંગનિર્દેશમાં સુચવાયુ છે તેમ પ્રયત્નપૂર્વક વાણી સ્થિર કરી કહે છે -

રાજા : હું આપના સ્વામી ની આજ્ઞા આડે આવતો નથી. પરંતુ આ વ્યક્તિને યાદ કરજો

રાજાના આ દીનતા યુક્ત શબ્દો સાંભળી, રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ ઉર્વશી વિયોગના દુ:ખનો અભિનય કરતી (વિયોગદુ:ખં રુપયન્તી) સખી સાથે સાથે જાય છે. અહીં 'લલિત' અને 'વિસન્ન' દૃષ્ટિઓનો વિનિયોગ કરવામાં આવશે.

ઉર્વશીના દર્શનથી વિસ્મિત થયેલા વિદૂષકને ભૂર્જપત્ર હાથમાંથી પડી ગયું છે તેની ખબર પડતી નથી. ઉર્વશીના ગયા પછી રાજા પોતાની ખિન્ન દૃષ્ટિને આનંદ આપવા માટે વિદૂષકને ભૂર્જપત્ર આપવા જણાવે છે. વિદૂષક ખેદનો અભિનય કરી કહે છે -

વિદુષક : અરે, દેખાતું નથી, ઉર્વશીને માર્ગે ગયું.

રાજા : મુર્ખ, બધી બાબતોમાં બેદરકાર છે. હવે શોધી કાઢ.

વિદૂષક : (ઉઠીને) અહીં હશે, અહીં હશે.

પછી રંગનિર્દેશમાં સૂચવાયું છે તે પ્રમાણે 'વિદૂષક ભૂર્જપત્ર શોધવાનો અભિનય કરે છે. 'વિદૂષક' 'અનુવૃત્ત' અને 'પરલોલિત' દૃષ્ટિઓનો વિનિયોગ કરી કશુંક શોધી રહયો હોય તેમ રંગમંચ પર ચક્કર મારશે., તે વખતે ઉચિત હસ્તમુદ્રા અને પાદ સ્થિતિનો વિનિયોગ કરી રઘવાયા થઇ ભૂર્જપત્ર શોધી રહયા હોવાનો અભિનય કરશે.

વિદૂષક ભૂર્જપત્ર શોધવાનો અભિનય કરે છે તે દરમ્યાન પરિવાર સાથે રાણી કાશીરાજપુત્રી (પુરુરવાની પત્ની) પ્રવેશ કરે છે. રાજાને શોધવા આવેલી રાણીના હાથમાં પેલું ભૂર્જપત્ર આવી જાય છે. હકીકત જાણીને રાણીના બળતામાં ઘી હોમાય છે. ઈર્ષ્યાનો અગ્નિ ભભૂકી ઉઠે છે. ભૂર્જપત્ર અન્વેષણમાં પડેલા રાજા અને વિદૂષકને રાણી ક્રોધમાં ને ક્રોધમાં ભૂર્જપત્રની ભેટ કરે છે. વાત ઉડાવવાનો રાજા અને વિદૂષકનો પ્રયત્ન નિષ્ફળ જાય છે. ગુસ્સે થયેલ રાણીને મનાવવા રાજા એના પગે પડે છે પણ તેને તરછોડીને રાણી ચાલી જાય છે. અહીં રાણી પોતાના ઈર્ષ્યાજન્ય કોપનો અભિનય (કોપમ્ નાટયિત્વ) અશ્રુભરેલી આંખો, દાઢીને સ્પર્શ, હોઠને સ્પર્શ, મસ્તકનું ધૂણવું, ભવાં ચઢાવવાં, આંગળીઓ મચકોડવી (મરડવી) તથા 'આયત સ્થાન' મુદ્રા ધારણ કરવી વિગેરે અનુભાવો દ્વારા રજૂ કરશે.

બપોરના સ્નાન, ભોજનનો સમય થતાં રાજા અને વિદૂષક મહેલ તરફ પ્રયાણ કરે છે. અહીં રાજા 'ઉર્ધ્વમવલોકય' અર્થાત્ ઉંચે જોઈને પોતાની ઉક્તિ દ્વારા મધ્યાહન થયાનું સૂચન કરે છે.

ત્રીજા અંકમાં વિષ્કંભક સમાપ્ત થયા પછી સમી સાંજના સમયે રાજાના મહેલમાં પોતાની વૃધ્ધાવસ્થા વિષે ફરિયાદ કરતો કંચુકી પ્રવેશ કરે છે. થોડી વારમાં દાસીઓએ હાથમાં ધારણ કરેલી દીપિકાઓથી વીંટળાયેલા રાજા અને વિદૂષક પ્રવેશ કરે છે. કંચુકી રાણીનો સંદેશો રાજાને આપે છે કે મણિમહેલની અગાસીમાં ચંદ્ર અને રોહિણીનો સંયોગ થાય ત્યાં સુધી રાણી ઔશીનરી પોતે આદરેલ વ્રત પૂરું કરવા રોકાવાના છે અને ત્યાં તેઓ રાજાની હાજરીની અપેક્ષા રાખી રહયા છે. રાજા વિદૂષકને કહે છે -

રાજા : તો મણિમહેલની અગાશીનો માર્ગ બતાવ.

વિદૂષક : આ બાજુ, આ બાજુ આવો આપશ્રી. આ ગંગા નદીના તરંગો સમાન સુંદર સ્ફટિકનાં પગથિયાં ઉપર થઈને રાત્રિ સમયને લીધે રમણીય લાગતા મણિમહેલ ઉપર આપ ચડો.

રાજા : તું આગળ ચડ.

'ભગવાન ચન્દ્ર ।

યજ્ઞજનોની ક્રિયા માટે સૂર્યમાં વસનારા દેવો અને પિતૃઓને અમૃતથી તૃપ્ત કરનારા (અને ) શંકરના મસ્તક પર બિરાજતા તમને મારા પ્રણામ.''

એમ કહી, રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ રાજા ચંદ્રની ઉપાસના કરે છે. અહીં રાજા, અર્ધચન્દ્ર હસ્તમુદ્રા વડે ચન્દ્રનું સૂચન કરી ભૂમિ ઉપર ઘૂંટણે પડી, 'અધોગત' મુખ મુદ્રા ધારણ કરી હાથ પદ્મકોષ હસ્તમુદ્રામાં રાખી ચન્દ્રની ઉપાસનાનો અભિનય કરશે.

રાજા અને વિદૂષક બંને મણિમહેલની અગાશીમાં રાણીના આગમનની રાહ જોતા બેઠા છે - રાણીના આગમન પહેલાં રાજા ઉર્વશીના વિયોગની વાત કહે છે તે સાંભળી -

વિદૂષક : કૃશ અંગોથી (તમે) વિશેષ સુંદર લાગો છો. એટલે હું ધારું છું કે તમારો પ્રિયતમા સાથે મેળાપ દૂર નથી.

રાજા : (શુકન સૂચવીને) મિત્ર આશાજનક વચનોથી તારી જેમ વારંવાર ફરકી ને મારો આ જમણો બાહુ, અત્યંત વ્યથિત મને આશ્વાસન આપે છે.

વિદૂષક : બ્રાહ્મણનું વચન ખરેખર, કદી ખોટું ન પડે.

વિદૂષકની આ ઉક્તિ પછી, રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ, રાજા આશાવાળો બની રહે છે. રાજા સપ્રત્યાશસ્તિષ્ઠતિ. ત્યાર બાદ આકાશમાર્ગે (આકાશ યાને અભિસારિકાના વેશમાં ઉર્વશી અને ચિત્રલેખા પ્રવેશ કરે છે. અહીં ઉર્વશી અને ચિત્રલેખા પોતાના આંગિક અભિનય વડે જાણે આકાશ યાનમાં બેઠા હોય તેવો સંકેત કરશે.

ઉર્વશી, ચિત્રલેખાને દિવ્ય પ્રભાવથી પોતાના હૃદયનો ચોર, પોતાનો પ્રિયતમ ક્યાં છે અને શું કરે છે તે જાણી લેવા જણાવે છે. ચિત્રલેખા ધ્યાન ધરે છે. ચિત્રલેખા ધ્યાન ધરવાનો અભિનય અવલોકિત દૃષ્ટિ, કુંચિત શિર અને જમણો હાથ સંદંશ હસ્તમુદ્રામાં રાખી રજૂ કરશે.

ચિત્રલેખા ધ્યાનમાં જોઇને રાજા પુરુરવા પોતાના મિત્ર સાથે મણિમહેલમાં હોવાનું જણાવી એમની પાસે જવાનો પ્રસ્તાવ મૂકે છે. તે પછી રંગનિર્દેશ પ્રમાણે તેઓ

આકાશયાનમાંથી અવતરણ કરે છે. અહીં બેને જણા 'અતિક્રાન્તા ચારી' અને 'કુંચિત પાદ' દ્વારા આકાશયાનમાંથી ઉતરવાનો અભિનય કરશે.

વિનોદમાં કિલ્લોલ કરતી બંને સખીઓ અગાશીમાં ઉતરીને અદૃશ્ય રહીને રાજા અને વિદૂષકની વાતો સાંભળે છે. ઉર્વશી ઉતાવળમાં રાજા સમક્ષ આવીને ઉભી રહે છે પરંતુ તેમણે તિરસ્કરિણી દૂર કરેલ નથી આથી રાજા તેને જોઇ શકતા નથી. તિરસ્કરિણી દ્વારા અદૃશ્ય બનતા અને તે દૂર કરી દૃશ્યમાન બનતા પાત્રો રંગમંચ ઉપર રંગતંત્રના કોઇ કસબ દ્વારા નહિ પણ કેવળ પોતાની આંગિક ક્રિયા - પ્રતિક્રિયા દ્વારાજ તેનો આભાસ ઉભો કરશે. દૃશ્યમાન (રાજા અને વિદૂષક) અને અદૃશ્યમાન (ઉર્વશી અને ચિત્રલેખા) બંને પ્રકારના પાત્રો સંનિકટ હોવા છતાં પોતાના આંગિક અભિનય દ્વારાજ અદૃશ્યતાનો આભાસ ઉભો કરશે. પ્રેક્ષકોને તો બંને પ્રકારના પાત્રો દેખાય છે એટલે અહીં પાત્રો પોતેજ વિશિષ્ટ પ્રકારની આંગિક મુદ્રાઓ તેમજ પ્રતિક્રિયાઓ કયું પાત્ર કોને દેખાય છે અને કોને નથી દેખાતું તેનો ચોક્કસ ખ્યાલ પ્રેક્ષકોના મનમાં ઉભો કરશે.

રાણી ઔશીનરીના આગમનની ઘોષણા થાય છે. તે સાંભળી, રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ ઉર્વશી સખી સાથે ખેદ અનુભવે છે. ઉર્વશી સહ સખ્યા વિષણ્ણા' અહીં ઉર્વશી 'વિષણ્ણ' પામ્યાનો અભિનય ઉચિત દૃષ્ટિભેદ દ્વારા કરશે. ભરતમુનિએ નિર્દેશેલ 'વિષાદિની' પ્રકારની દૃષ્ટિનો વિનિયોગ ઉર્વશી કરશે.

રાજર્ષિની પટરાણી ઉપવાસવ્રતનો વેષ ધારણ કરી, હાથમાં પૂજાની સામગ્રી લઇ આવતી દાસીઓ સાથે પ્રવેશ કરે છે. તે પણ 'ચંદ્ર તરફ જોઇને' નિપુણિકાને, રોહિણી સાથે સંયોગ થવાથી ભગવાન ચંદ્ર અધિક શોભે છે એવું વચન ઉચ્ચરે છે. તે પણ ચંદ્રની ઉપાસના કરે છે. અહીં રાણી 'મુકુલ હસ્તમુદ્રા' ધારણ કરી ચંદ્રની ઉપાસનાનો અભિનય કરશે. કાલિદાસ રંગનિર્દેશમાં 'ચંદન પુષ્પ વગેરે વડે ચંદ્રકિરણોની પૂજાનો અભિનય કરીને' 'નાટ્યેન ગન્ધપુષ્પાદિભિશ્ચન્દ્ર પાદાનભ્યર્ચ્ય' એવું વિધાન કરે છે એટલે રાજા દ્વારા થયેલ ચન્દ્ર ઉપાસનાનો અભિનય અને રાણી દ્વારા થયેલ ચન્દ્ર કિરણ પૂજાનો અભિનય એક બીજાથી

જુદો પડશે. રાજા 'પદ્મકોશ' હસ્તમુદ્રા દ્વારા અને રાણી 'મુકુલ હસ્તમુદ્રા' દ્વારા ચંદ્રપૂજાનો અભિનય કરશે. રાણી, રાજાની પૂજાનો અભિનય કરીને બે હાથ જોડી પ્રણામ કરી ને પોતે દેવી યુગલ રોહિણી અને ચન્દ્રની સાક્ષીમાં આર્યપુત્રને પ્રસન્ન કરે છે એવું વચન વદે છે. અહીં રાણી 'અંજલિ હસ્ત'નો વિનિયોગ કરશે.

'' આજથી જે સ્ત્રીને આર્યપુત્ર ચાહે છે અને જે સ્ત્રી આર્યપુત્રનો સમાગમ ઇચ્છે છે તેની સાથે મારે સ્નેહપૂર્વક વર્તવું.'' એમ કહી પરિવાર સાથે રાણી ચાલી જાય છે. ઉર્વશી અને ચિત્રલેખાએ હજુ તિરસ્કરિણી દૂર કરી નથી. અદૃશ્ય ઉર્વશી રાજાની આ ઉક્તિ સાંભળે છે.

રાજા : મારી પ્રિયતમા ગૂઢ રહીને (તેના) ઝાંઝરનો ઝણકાર માત્ર મારે કાને નાખે, અથવા પાછળથી ધીરે ધીરે આવીને એના કમળ જેવા હાથ વડે મારી આંખો ઢાંકી દે, અથવા તો આ મહેલમાં ઉતરીને (મારી નજીક આવતાં) ગભરાટને લીધે મંદ પડી જતી એને એની ચતુર સખી મારી પાસે ડગલે ડગલે પરાણે લઇ આવે.

રાજાની ઇચ્છા પૂરી કરવા અદૃશ્ય એવી ઉર્વશી 'પાછળથી જઇને રાજાની આંખો દાબે છે.' પૃષ્ઠતો ગત્વા રાજ્ઞો નયને સંવૃણોતિ. રાજા 'સ્પર્શનો અભિનય કરે છે' સ્પર્શં રુપયિત્વા. અને તેને ઓળખી કાઢતા કહે છે 'મિત્ર, આ તો પેલી નારાયણની સાથળમાંથી જન્મેલી સુંદરી (જ) છે. લોકધર્મી શૈલીમાં આ બધી ક્રિયાઓ 'અનુકરણાત્મક રીતે થઇ શકે એટલે કે ઉર્વશી ખરેખરી આંખ દાબે અને રાજા ખરેખરો સ્પર્શ અનુભવે અથવા તો તેવો પ્રેક્ષકોમાં આભાસ ઉભો કરે પણ અહીં (નાટ્યધર્મી શૈલીમાં) ઉર્વશી રાજાની આંખોને સ્પર્શ કરશે નહિ અને રાજા પણ 'ઉત્સંગ હસ્તમુદ્રા' દ્વારા સ્પર્શ પામ્યાનો અભિનય કરશે, અથવા તો કુંચિત દૃષ્ટિભેદ, ભ્રૂકુટિના ઉત્ક્ષેપ અને ગાલ અને ખભાના સંસ્પર્શ દ્વારા સ્પર્શસુખનો સંકેત કરશે. 'ઉત્સંગ હસ્તમુદ્રા'ના વિકલ્પ તરીકે 'હંસપક્ષ હસ્તમુદ્રા'નો વિનિયોગ પણ કરી શકશે.

ચોથા અંકની શરુઆતમાં ચિંતાગ્રસ્ત ચિત્રલેખા સહજન્યા સાથેના વાર્તાલાપમાં જણાવે છે કે ગંધમાદન પર્વત પર સ્વૈરવિહાર કરવા પુરુરવા અને ઉર્વશી ગયાં છે ત્યાં મંદાકિનીની સિકતામાં રમતી રમતી વિદ્યાધરની કોઇ કન્યાને સૌંદર્યપિપાસુ રાજા પુરુરવા અનિમેષ નેત્રો વડે જોઇ રહે છે. આથી સ્ત્રી-સહજ ઇર્ષ્યાની આગ ઉર્વશીના હૃદયમાં ભભૂકી ઉઠે છે. રાજા પ્રણયકલહમાં તેને મનાવવા પ્રયત્ન કરે છે પણ કુપિત ઉર્વશી તેનો તિરસ્કાર કરીને સ્ત્રીઓને માટે નિષિદ્ધ એવા કાર્તિકેયના વનમાં પ્રવેશ કરે છે અને પરિણામે લતારુપે ફેરવાઇ જાય છે. રાજા તેને શોધવાનો પ્રયત્ન કરે છે અને વર્ષાઋતુના આગમને તે વધુ ઉન્મત બન્યો છે.

ચિત્રલેખા અને સહજન્યાના વાર્તાલાપવાળા આ પ્રવેશક પછી મુખ્ય દૃશ્યમાં ગંધમાદન પર્વત પર પ્રિયા ઉર્વશીની શોધમાં ઘૂમતો રાજા દૃષ્ટિગોચર થાય છે. પ્રકૃતિમાં પ્રતીત થતાં ચેતન કે અચેતન પ્રાણી કે પ્રતીકોને અનુલક્ષીને 'ઉન્મત' પુરુરવા ઉદ્‌બોધનો કરે છે અને એમાં અંતરની વ્યથા ઠલવાય છે. ચોથા અંકમાં 'પુરુરવા'ની આ એકોકિત વાચિક અને આંગિક અભિનયનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના અધ્યાય ૧૩ માં શ્લોક ૧૨૩ થી ૧૩૦ માં આવા ઉન્મત્ત પાત્રોના આંગિક અભિનય વિશે ઝીણવટથી વિચાર કર્યો છે. ભરતનિરુપિત લક્ષણો રાજા પુરુરવાના પાત્રને બરાબર બંધબેસે છે. ઉન્મત્ત રાજાનો ગતિપ્રચાર આ પ્રમાણે થશે. બધ્ધા ચારીમાં ગતિ કર્યા પછી તે પોતાના પગ વડે સ્વસ્તિક કરશે. બધ્ધા ચારીમાંજ ચારે દિશામાં પરિક્રમ્મા કર્યા પછી રાજા 'ભ્રમર મંડળ' રજુ કરશે અને રંગમંચના ખૂણે પહોંચી જશે. ત્યારબાદ 'ત્રિકને' લાલિત્યપૂર્ણ રીતે ગોળ ફેરવી 'લતા હસ્તમુદ્રા' ધારણ કરી અનિયમિત ડગલાં ભરતો રંગમંચ ઉપર ફરશે. આ રીતે તે આકાશને સંબોધશે અને પોતાની જાત સાથે વાત કરશે. આકાશ તરફ જોઇ રાજા કહે છે -

**રાજા** : હે દુરાત્મા રાક્ષસ ઉભો રહે, ઉભો રહે. મારી પ્રિયતમાને લઇને ક્યાં જાય છે ? અરે પર્વતના શિખરેથી આકાશમાં ઉડીને મારા પર બાણો વરસાવે છે.

રાજા પોતાના આંગિક અભિનય વડે જાણે તેના ઉપર આકાશમાંથી બાણોની વર્ષા થતી હોય તેવો ભાવ રજૂ કરશે. બાણ વરસાવવાની ક્રિયા દ્વારા નહિ પણ રાજાની તે તરફની પ્રતિક્રિયા દ્વારા પર્વતનાં શિખરેથી આકાશમાં ઉડીને બાણો વરસાવતા દુરાત્મા રાક્ષસની છબી ઉપસી આવશે. ઉન્મત્ત રાજાને પછી તરતજ ખ્યાલ આવે છે કે એ કોઇ રાક્ષસ નહિ પરંતુ નવો મેઘ છે. ખૂબ ખેંચેલું ધનુષ્ય નહિ પણ મેઘધનુષ છે. બાણોની વર્ષા નથી પણ વરસાદની હેલી છે અને ઉર્વશી નહિ પણ વિદ્યુત્પ્રિયા છે. કાં તો આ શ્લોકનું રાજા સ્વયં પઠન કરશે અથવા તો પછી નેપથ્યમાંથી તેનું પઠન કરવામાં આવશે પણ શ્લોકમાં નિરુપાયેલો ભાવ રાજા પોતાના આંગિક અભિનય દ્વારા પ્રેક્ષકો સમક્ષ તાદૃશ કરશે. વાદળને રાક્ષસ સમજી ને પ્રિયાનું હરણ કરવા માટે ઠપકો આપતો ઉન્મત્ત રાજા અને થોડી ક્ષણમાં 'આ રાક્ષસ નહિ પણ વાદળ છે' એ પારખી જતો સ્વસ્થ રાજા -આ બંને રુપોને તે પોતાના આંગિક અને વાચિક અભિનય થકી સજીવન કરશે. સમગ્ર એકોક્તિ જાણે એક સમયે ઉન્મત્ત અને બીજી ક્ષણે સ્વસ્થ એવા બે રાજાઓ વચ્ચે થતા વાર્તાલાપ સમાન છે. સમગ્ર એકોક્તિ દરમ્યાન રાજા પોતાની ઉક્તિ થકી વિવિધ દૃશ્યો ઉભા કરે છે. વીજળીની રેખાઓ રુપી સુવર્ણથી મનોહર વાદળ તે ચંદરવો, નિચુલવૃક્ષોની મંજરી તે ચામર, તીણા અવાજવાળા મોર તે ચારણો અને વર્ષાની ભેટ ધરનાર પર્વતો તે વેપારીઓ - આ બધા ચિત્રો રાજા ઉચિત આંગિક અભિનય દ્વારા રંગમંચ ઉપર તાદૃશ કરશે. આખો મંચ ખાલી છે. કોઇ દૃશ્યબંધ નથી. પ્રકાશ આયોજનની કોઇ કરામત નથી. રંગતંત્રનો કોઇ કસબ નથી. માત્ર છે નટનું શરીર, નટનો અવાજ અને નટનું ભાવતંત્ર. બસ તેના થકીજ તે મંચ ઉપર તાદૃશ કરશે - આછી રાતી રેખાવાળાને પાણીથી ભરેલાં પુષ્પોથી ભરપૂર તાજી કંદલી, વનભૂમિ ઉપર પ્રિયતમાના સુંદર પગલાંની હાર, પોપટના ઉદર જેવું શ્યામ રેશમી સ્તનવસ્ત્ર, ઇન્દ્ર ગોપથી છવાયેલું તાજું ઉગેલ ઘાસ, ફરકતી કલગીવાળો-ટહુકા કરતા ગળાને ખૂબ ઉંચે લંબાવીને વાદળાં નીરખી રહેલો મોર, ઉનાળો પૂરો થતાં મદોન્મત્ત બનેલી, જાંબુડાની ડાળ પર બેઠેલી, મધુર ભાષિણી કોયલ, પ્રિયાના પગલાનું સૂચન કરતાં ઝાંઝરના ઝણકારનો

ભ્રમ ઉભો કરનાર, મેઘશ્યામ દિશાઓ જોઇને માન સરોવર જવા ઉત્સુક મનવાળા, રાજહંસોનું કુજન, પ્રિયતમાની સાથે રહેલો ચકવાક, ગુંજતા ભમરાવાળું કમળ, ભ્રમર, કંદબના થડ પર સુંઢ ટેકવીને હાથણીઓ સાથે ઉભેલો હાથીઓનો રાજા, અપ્સરાઓને પ્રિય એવો સુરભિકંદર નામનો પર્વત, વરસાદના નવા પાણીથી મલિન બનેલી ગિરિનદી, જેને પ્રિયાએ અંબોડાનું આભૂષણ બનાવ્યું હતું તે ઉનાળાનો અંત સૂચવતું કદંબપુષ્પ, કાબરચીતરા રંગવાળો ને વનની શોભાનું અવલોકન કરવા માટે વનશ્રીએ ફેંકેલા કટાક્ષ જેવો લાગતો હરણ, પાર્વતીના ચરણરાગમાંથી ઉત્પન્ન થયેલો રાતા અશોક પુષ્પના ગુચ્છ સમાન રંગવાળો 'સંગમનીય'મણિ અને અંતે પ્રિયાનું અનુકરણ કરતી લતા. વનમાં પ્રિયાની શોધ કરતો ઉન્મત્ત રાજા, પ્રકૃતિના આ વિવિધ પદાર્થોને સંબોધે છે, પ્રિયા વિશે તેમને પુછે છે અને જવાબ ન મળતાં વિષાદ અનુભવે છે. પુરુરવા બનતો નટ પોતાના અભિનય ધ્વારા રાજાની ઉન્મત્ત અવસ્થાને તો નિરુપે છે પણ સાથે સાથે રંગતંત્રના કસબના અભાવે, પોતાની વિશિષ્ટ આંગિક મુદ્રાઓ થકી તે નદી, જંગલ, પર્વત, વનસ્પતિ, પશુ પક્ષીઓ પણ નિરુપે છે. પોતાના આંગિક અને વાચિક અભિનયના સુંદર સમન્વયથી તે એટલાં સુંદર ચિત્રો ઉભા કરે છે કે દ્રશ્ય શ્રાવ્ય અસરો ઉભી કરવા માટે રંગતંત્રના કસબની જરુર જ ના પડે. હરણ, મોર, પશુ, પક્ષી કોઇની અનુપસ્થિતિ પણ ના વર્તાય.

સમગ્ર એકોક્તિ દરમ્યાન કાલિદાસે રંગનિર્દેશો પણ નિરુપ્યા છે. રાજા પથરો ઉપાડી સરોવરમાં ફેંકે છે, ઉભો રહે છે અને પછી કરુણ ભાવનો અભિનય કરે છે. કરુણ ભાવનો અભિનય રજૂ કરવા માટે તે ભરતમુનિ નિરુપિત 'કરુણ દૃષ્ટિ' નો વિનિયોગ કરશે જેમાં ઉપરની પાંપણ ઢળેલી, ડોળા સ્થિર અને દૃષ્ટિ નાકના ટેરવે ચોંટેલી અને આંખો અશ્રુ ભરેલી હશે.

પ્રેમોન્મત્ત રાજા જમીન ઉપર ઘુંટણીએ પડે છે, ઘુમે છે અને શ્લોક વદે છે ઇતિ નાર્તિત્વા જાનુભ્યામ્. અહીં રાજા ભમર ચારી નો વિનિયોગ કરશે જેમાં ઘુંટણીએ પડી ત્રિકને ગોળ ઘુમાવશે. સમગ્ર એકોક્તિ દરમ્યાન રાજા વિભિન્ન મુદ્રાઓ, ચારી, કરણ

અને ભાવો દર્શાવશે. તેની ગતિ તાલબધ્ધ હશે અને અંગ ઉપાંગોના વિવિધ સંચાલનો થકી તે વિવિધ આંગિક અભિનય રજૂ કરશે. જયાં હાથ જશે ત્યાં દૃષ્ટિ જશે. પાર્શ્વતો દૃષ્ટ્વિમ, (પડખે જુવે છે) પરિક્રમ્ય પાર્શ્વતો (આમ તેમ ફરીને પડખે નજર નાખીને) પાદ્ક્ષેપે (બે ડગલાં ભરીને) વિગેરે રંગનિર્દેશો તેની પ્રતીતિ કરાવે છે.

ઉન્મત્ત રાજા નેપથ્યમાંથી આવતા અવાજો તથા વિવિધ પક્ષીઓના અવાજો સાંભળવાનો અભિનય ભરતનિરુપિત લક્ષણ પ્રમાણે સાચિ દૃષ્ટિ તથા હાથ કાન નજીક રાખી તેના ધ્વારા રજૂ કરશે. થાકીને લોથ પોથ થઇ ગયેલો અને મુર્છા પામવાને લીધે ઢળી પડેલો રાજા મુર્ચ્છિત અવસ્થાનો અભિનય આંખો બંધ કરી (પિહિત), ભ્રૂક્ષેપ કુંચિત કરી, શિર 'અંચિત' દશામાં રાખી તથા હાથ દોલા હસ્તમુદ્રામાં રાખી રજૂ કરશે. મોઁ અને મુખ પરનો ભાવો અન્ય આંગિક મુદ્રાઓને અનુસરશે.

પાંચમા અંકમાં ભાવોના નિરુપણને લગતા રંગનિર્દેશો મળે છે જે મણી થકી રાજાનો પ્રિયા સાથે મેળાપ થયો તે રાજાનો પ્રિય સંગમનીય મણિ, કોઇ ગીધ, માંસનો ટુકડો ધારીને લઇ ગયો એવી બૂમ પાડે છે. રાજા તેનો વધ કરવા માટે ધનુષ્યબાણ હાથમાં લે છે પરંતુ તે પહેલા એ ગીધ રાજાની દૃષ્ટિ બહાર ચાલ્યો જાય છે. રાજા ગીધની શોધ કરાવવા માટે ફરમાનો કાઢે છે તરતજ કંચુકી બાણની સાથે મણિને લઇને પ્રવેશ કરે છે.

કંચુકી : મહારાજનો જય થાઓ. જય થાઓ.

આ બાણ રુપ બનેલા તમારા બળ વડે શરીર વીંધાઇ જતાં, પોતાના અપરાધને યોગ્ય(શિક્ષા) પ્રાપ્ત કરીને તે વધ્ય પંખી આકાશમાંથી મુકુટમણિ સાથે નીચે પડયું.

આ સાંભળી, રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ, બધા વિસ્મયનો અભિનય કરે છે. સર્વે વિસ્મયં રુપયન્તિ. આ વિસ્મયનો અભિનય નેત્ર વિસ્ફારિત કરી, મટકુંય ન મારે તેમ પહોળાં કરી, 'વિસ્મિતા' દૃષ્ટિના વિનિયોગ ધ્વારા તેમજ 'પરિવાહિતા' શિરોભેદ અથવા પરિલોલિત શિરોભેદ ધ્વારા રજૂ થશે. સાથે રુંવાડા ખડા થઇ જવાનો સાત્વિક અનુભાવ પણ નિરુપવામાં આવશે.

અંતિમ દૃશ્યમાં રાજા પુત્રની પ્રાપ્તિથી પોતાને સૌભાગ્યવાન સમજે છે અને ઇન્દ્ર સમાન સુખી ગણે છે પરંતુ ઉર્વશી અશ્રુ સારવા માંડે છે એટલે રાજા 'આવેગથી' તેનું કારણ પૂછે છે. અહીં 'આવેગ' નામના સંચારી ભાવના ભરતનિરુપિત અનુભાવો ધ્વારા આવેગનો અભિનય કરશે. આંખો ચોળવી, એક જગ્યાથી બીજી જગ્યાએ ઉતાવળે ગતિ કરવી, અશ્રુ સારવા વિગેરે અનુભાવો રજૂ કરવામાં આવશે.

રાજાનું પુત્રને આલિંગન આપવું, પુત્રનું ધનુષ લઇ પ્રવેશવું વિગેરે લોકધર્મી શૈલીના રંગનિર્દેશો અનુકરણાત્મક રીતે રજૂ કરવામાં આવશે. જ્યારે રાજાનો વિષાદ તથા મૂર્છાનો અભિનય નાટ્યધર્મી શૈલીમાં સંકેતાત્મક રીતે પ્રસ્તુત કરવામાં આવશે.

## રત્નાવલી

કનોજ-રાજવી હર્ષવર્ધન (ઇ.સ. ૬૪૮) રચિત 'રત્નાવલી' નાટિકા (ઉપરૂપક) માં આંગિક અભિનયના સૂચક રંગનિર્દેશો આ પ્રમાણે મળી આવે છે.

### પ્રથમ અંક

વસંતઋતુનો સમય છે અને લોકો મદનમહોત્સવ ઉજવી રહયા છે. તાળીઓના તાલે અને મૃદંગના ધ્વનિએ ગીત ગાતા અને નૃત્ય કરતાં પૌરજનોના રમ્ય દૃશ્યથી નાટકનું મુખ્ય દૃશ્ય શરુ થાય છે. નાટિકાના નાયક રાજા ઉદયન, રાજમહેલમાં વિદૂષક સાથે વાતચીત કરતાં બેઠા છે. ઉદયન અને વિદૂષક વચ્ચેના સંવાદો વસન્તોત્સવ પ્રસંગે મન મુકીને નાચી રહેલા નગરજનો અને નગરમાં ખીલી ઉઠેલી વસન્તશોભા નિરુપે છે. અહીં મદનોત્સવનું સમગ્ર દૃશ્ય કેવળ ઉદયન અને વિદૂષકના વાચિક અભિનય ધ્વારાજ રંગમંચ ઉપર ખડું થાય છે. રંગતન્ત્રની કોઇ તરકીબનો આશ્રય લેવાતો નથી.

રાજમહેલમાં મદનિકા તથા ચૂતકલિકા નામની બે દાસીઓ, (ચેટીઓ) મદનલીલાનો અભિનય કરતી અને 'દ્વિપદી ખંડ' ગાતી પ્રવેશ કરે છે. વિદૂષકની ઉક્તિ પ્રવેશ સમયેની તેમની (ચેટીઓની) ગતિ સ્પષ્ટ કરી આપે છે. મદનિકા કામપીડાથી અસ્થિર ગતિએ ચાલતી પ્રવેશે છે.' મદનિકા મદનવશવિસંષ્ઠુલ!' જ્યારે ચૂતલતિકા વસંતાભિનય કરતી

કરતી તેની સાથે આવે છે. 'વસન્તાભિનયં નૃત્યન્તી'. મદનિકા તથા ચૂતકલિકાનું નર્તન 'નૃત્ય' પ્રકારનું કહી શકાય કારણ તેમાં નૃત્ત તથા અભિનય બંનેનો સમાવેશ થયો છે. કપિલા વાત્સ્યાયન તેને (નર્તનને) ભરતનાટ્યમ્ નૃત્યશૈલીમાં પ્રયોજાતા 'પદમ' સાથે સરખાવે છે. બંને ચેટીઓએ વિવિધ સંચારી ભાવોના પ્રદર્શન દ્વારા 'પદાભિનય' રજૂ કર્યો હોવાની સંભાવના તેઓ વ્યક્ત કરે છે. ( Classical Indian Dance in Literature and the arts પૃ. ૨૩૬) રાજા ઉદયનની નિમ્નોક્તિ ચેટીઓની નૃત્યશૈલીને વધુ સ્પષ્ટ કરી આપે છે.

રાજા : સ્તનના ભારથી નમી જતી કેડ તુટી જવાની ચિંતા કર્યા વિના ક્રીડા કરતી આ મતવાલી સ્ત્રીનો છૂટેલો અને વિખરાઇ ગયેલો કેશપાશ, રચેલી પુષ્પમાળાની શોભાને ત્યજી દે છે. તેના ચરણમાં રહેલા નૂપુર જાણે કે બમણો અવાજ કરે છે, કંપને કારણે હાલતો આ હાર જાણે કે (પ્રહારની) પીડાની જેમ તેની છાતીને વારંવાર પ્રહાર કરે છે. (૧/શ્લોક ૧૬)

ચેટીઓએ, નૃત્યપ્રયોગ દરમ્યાન અત્યંત દ્રુત લયમાં પાદપ્રચાર કર્યો હોવાનું રાજાની આ ઉક્તિ પરથી ફલિત થાય છે. વિદૂષક બંને ચેટીઓ સાથે નૃત્ય કરવાનો પ્રયત્ન કરે છે. પણ ગીત 'ચર્ચરી' નહિ પરંતું દ્વિપદીખંડ છે તે જાણ્યા પછી તે રાજા પાસે નાસી આવે છે. નૃત્યનો તાલ અને લક્ષણ 'પદ'ની માત્રા સાથે સંકળાયેલા હતા તે આ ઉપરથી સ્પષ્ટ થાય છે અને તેથી તે 'પદમ'ને મળતું આવતું હોવાની સંભાવના સ્વીકૃત બને છે.

બંને ચેટીઓ રાજાને રાણીનો સંદેશો આપે છે કે રાણી મકરન્દોદ્યાનમાં રાતા અશોકવૃક્ષની નીચે સ્થાપિત ભગવાન કામદેવની પૂજા કરવાના છે તો તે પ્રસંગે આર્યપુત્ર (રાજા) ઉપસ્થિત રહે. સંદેશો મળતાં રાજા વિદૂષકને લઇ મકરન્દોદ્યાન જવા પ્રયાણ કરે છે. તે સમયે રંગનિર્દેશમાં સૂચવાયું છે કે 'ઉભૌ પ્રાસાદાવતરણં નાટ્યત:' અર્થાત

બંને મહેલ ઉપરથી ઉતરવાનો અભિનય કરે છે.' ભરતમુનિએ 'ગતિપ્રચાર' અધ્યાયમાં પ્રાસાદાવતરણ-ગતિ સૂચવી છે તે પ્રમાણે રાજા અને વિદૂષક શરીર થોડું નમાવી એક પગ અતિક્રાન્તાચારીમાં તથા અન્ય પગ 'અંચિત' ગતિમાં ચાલશે અને એ રીતે દૃશ્યસામગ્રી વિના, માત્ર સાંકેતિક આંગિક હલનચલન દ્વારા નાટ્યધર્મી શૈલીમાં મહેલથી ઉતરવાનો અભિનય કરશે.

રાજા અને વિદૂષકના 'મકરન્દોદ્યાન'માં આગમન પછી થોડી વારે રાણી વાસવદત્તા, કાંચનમાલા તથા પૂજાની સામગ્રી જેના હાથમાં છે તેવી સાગરિકા અને અન્ય પરિજન ઉદ્યાનમાં રાતા અશોકના વૃક્ષની નીચે કામદેવની પૂજા અર્થે પ્રવેશે છે. રંગનિર્દેશમાં સૂચવાયું છે તે પ્રમાણે સાગરિકા ભગવાન કામદેવની પૂજા કરવા માટે 'કુસુમાવચયં નાટયતિ' અર્થાત પુષ્પો વીણવાનો અભિનય કરે છે. નાટ્યશાસ્ત્ર પ્રમાણે પુષ્પો વીણવાનો અભિનય [redacted] કરવામાં આવશે.

અશોકના મૂળ પાસે ભગવાન કામદેવની સ્થાપના તેમજ પૂજન થઇ ચૂકયા પછી કાંચનમાલા, રાણી વાસવદત્તાને, મહારાજની (રાજા ઉદયન') પૂજા કરી તેમનો યોગ્ય સત્કાર કરવાનું કહે છે. તે પછી તરતજ રંગનિર્દેશ છે કે 'વાસવદત્તા નાટ્યેન રાજાનં પૂજયતિ' અર્થાત વાસવદત્તા રાજાની પૂજા કરવાનો અભિનય કરે છે.' અહીં વાસવદત્તા 'પદ્મકોશ' હસ્ત અથવા 'મુકુલ હસ્ત'નો વિનિયોગ કરશે.

સાગરિકા, સિન્ધુવાર વૃક્ષની પાછળ પોતાના શરીરને સંતાડી રાણી દ્વારા થતી આ પૂજા નિહાળે છે અને ઉદયનને સાક્ષાત કામદેવ સમો મોહન નિહાળી, પોતે જે પુષ્પો વીણેલા છે તેના વડે ભગવાન કામદેવની પૂજા કરવાનું નક્કી કરે છે અને રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ તે પુષ્પવૃષ્ટિ કરી નમન કરે છે. સાગરિકા પ્રથમ પદ્મકોશ હસ્તમુદ્રા પ્રયોજી 'પુષ્પો'નો સંકેત કરશે અને પછી બે 'પતાક હસ્ત'ને એકબીજાથી દૂર લઇ જઇ સાંકેતિક રીતે નાટ્યધર્મી શૈલીમાં પુષ્પવૃષ્ટિનો અભિનય કરશે અને પછી 'કટકાવર્ધમાન' હસ્ત વડે નમન કરશે.

વાસદવત્તા, રાજા ઉદયનની પૂજા કરી લે છે તે પછી કાંચનમાલા વિદૂષક વસન્તકને સ્વસ્તિ વાચનનો સ્વીકાર કરવા જણાવે છે. વિદૂષક નજીક જાય છે. વાસવદત્તા, ચંદન, પુષ્પ અને આભરણ આપીને વિદૂષકને સ્વસ્તિવાચન અર્થાત દાન દક્ષિણાનો સ્વીકાર કરવા જણાવે છે. વિદૂષક, 'આપનું કલ્યાણ થાઓ' ( ) એમ કહી દાન-દક્ષિણાનો સહર્ષ સ્વીકાર કરે છે. અહીં આશીર્વાદનો અભિનય વિદૂષક અરાલ હસ્ત ધ્વારા તથા દક્ષિણાગ્રહણનો અભિનય 'હંસપક્ષ હસ્ત' ધ્વારા કરશે.

વિદૂષક દાન ગ્રહણ કરે છે તે દરમ્યાન સાંજ ઢળે છે. અંધકાર ફેલાવા લાગે છે તેનો નિર્દેશ નેપથ્યમાં વૈતાલિકાના પઠનથી થાય છે. રાજાના નિષ્ક્રમણની સાથે પ્રથમ અંક સમાપ્ત થાય છે.

## બી જો અં ક

બીજા અંકના મુખ્ય દૃશ્યની શરુઆત રાજા ઉદયનને જોઇને તેના તરફ આકર્ષાયેલી સાગરિકાની વિરહવેદનાયુક્ત ઉક્તિથી થાય છે. પ્રણયના વિરહની વેદના શમાવવા તે ચિત્ર દોરવાનો ઉપાય અજમાવે છે. કદલીગૃહમાં બેસી ચિત્ર દોરી રહેલી સાગરિકાને સખી સુસંગતા છાનીમાની નિહાળે છે. ચિત્ર પૂરું કરી ને સાગરિકા તેના ઉપર નજર સ્થિર કરવા જાય છે પણ આંખમાં ઉભરેલા અશ્રુપ્રવાહને લીધે તેમ કરી શકતી નથી. તે પછી તરતજ રંગનિર્દેશમાં સૂચવાયું છે કે તે મુખ ઊંચુ કરી, આંસું લુછીને સુસંગતાને જોતાં ઉત્તરીયથી ચિત્રફલક ઢાંકી દઇ, શરમથી સ્મિત કરે છે. અહીં સાગરિકા આંસુ લૂછવાનો અભિનય, ત્રિપતાક હસ્ત મુદ્રાવાળા હાથમાં અનામિકાના સ્પર્શ ધ્વારા સાંકેતિકપણે નાટ્યધર્મી શૈલીમાં રજૂ કરશે.

સુસંગતા, ચિત્રફલક ખેંચી લે છે અને સાગરિકાને પૂછે છે કે 'આ તે કોનું ચિત્ર દોર્યું છે ?' સાગરિકા સાચી વાત છૂપાવીને ગોળ ગોળ જવાબ આપે છે કે જેનો ઉત્સવ શરુ થયો છે તે કામદેવનું ચિત્ર દોર્યું છે. સુસંગતા રાજાની જોડાજોડ સાગરિકાનું ચિત્ર દોરે છે.

સાગરિકા, સુસંગતાને પોતાના પ્રચ્છન્ન પ્રેમની જાણ થઇ ગઇ છે તેનો આ સંકેત મળતાં તેને બધું ગુપ્ત રાખવા જણાવે છે. સુસંગતા તેના પ્રેમને બિરદાવે છે અને અન્ય કોઇ આ બાબત ન જાણી જાય તેમ કરવાની ખાત્રી પણ ઉચ્ચારે છે પરંતુ મેઘાવિની નામની મેના વાતચીતના શબ્દો ગ્રહણ કરી ને ક્યારેય પણ ગમે તેની સામે બોલી નાખશે એવો ભય વ્યકત કરે છે. આ સાંભળી સાગરિકા કહે છે કે આથી પોતાનો સંતાપ ઘણો વધી ગયો છે. સાગરિકાની આ ઉકિત પછી રંગનિર્દેશ છે કે મદનાવસ્થાં નાટ્યતિ અર્થાત સાગરિકા 'કામની દશાનો અભિનય કરે છે.' અહીં સાગરિકા કામની દશાનો અભિનય 'મુખજ અભિનય' દ્વારા કરશે.

સાગરિકાની આ દશા જોઇ સુસંગતા સાગરિકાના હૃદય ઉપર હાથ મુકી તેને ધીરજ ધરવા કહે છે તેનો સંતાપ શમાવવા વાવડીમાંથી કમળના પાંદડા તથા કમળ તંતુઓ લઇને જલદીથી આવું છું ! એમ કહી સુસંગતા, રંગનિર્દેશમાં સુચવાયું છે તેમ તે બહાર જઇ, ફરી પ્રવેશી કમળપત્રથી બિછાનું અને કમળતંતુથી વલય બનાવીને બાકી વધેલા કમળપત્રો સાગરિકાના હૃદય પર મૂકે છે. અહીં કમળતંતુ ખરેખરા અથવા તો પછી તેવો આભાસ ઉભો કરે છે તેવી દ્રશ્ય સામગ્રીનો વિનિયોગ કરી શકાય પરંતુ તેની અવેજીમાં 'આંગિક અભિનય' દ્વારા પણ કમળતંતુ સૂચવી શકાય. અહી ભ્રમર હસ્ત તથા નલિનીપદ્મકોશ હસ્ત પ્રયોજવામાં આવશે. 'સંદંશ હસ્ત' આગળના ભાગમાં રાખી કમળની દાંડી તેમજ કમળના પાંદડા દર્શાવી શકાશે. કમળપત્ર 'સંયુત ચતુર હસ્ત' દ્વારા સુચવવામાં આવશે.

કદલીગૃહમાં બંને સખીઓ વાત કરી રહી હોય છે એ દરમિયાન નિરાશ સાગરિકા પ્રેમતપ્ત અવસ્થામાં મૂર્છા પામી જાય છે. એટલામાં તો, અશ્વશાળામાંથી દુષ્ટ વાનર છૂટીને સાંકળ સાથે દોડતો દોડતો રાજભવનમાં પ્રવેશે છે. ( જો કે અહીં વાનર પ્રવેશ દ્રશ્યરુપે નહી પણ નેપથ્યમાંથી થતા શ્લોક પઠન દ્વારા શ્રાવ્યરુપે સૂચવાયો છે.) આ સાંભળી સુસંગતા આઘે જોઇ, ગભરાટમાં ઉભી થઇ, સાગરિકાનો હાથ પકડી તેને ઉઠાડે છે અને બંને છાનામાના તમાલ વૃક્ષની છાયામાં જતા રહે છે અને રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ બંને જણ બીકના માર્યા જોતા રહે છે. અહીં વાનર પ્રવેશથી ઉદ્ભવેલ ભય તથા ઉદ્વેગ 'બે કપોત હસ્ત' દ્વારા

સૂચવી શકાશે. 'વિભ્રાન્ત દૃષ્ટિ'ના વિનિયોગ દ્વારા ભ્રાન્ત અવસ્થા તથા 'ત્રસ્ત દૃષ્ટિ'ના વિનિયોગ દ્વારા ભય અવસ્થા દર્શાવી શકાશે. નેત્રના ઉપાંગોના વિવિધ હલનચલનની સાથે 'વિધૂત' શિરોભેદ પણ પ્રયોજી શકાશે કે જેથી ભયની ઘનીભૂત અવસ્થા દર્શાવી શકાય.

## ત્રી જો અં ક

નિ:શ્વાસ નાખતા ઉદયનની મદનાવસ્થાની ઉક્તિથી ત્રીજા અંકનું મુખ્ય દૃશ્ય શરુ થાય છે. તે પછી ઉદયન અને વિદૂષક માધવીલતા મંડળ તરફ જવા સંચરે છે. કામના બાણથી વીંધાયેલા રાજા, માર્ગમાં આવતા ફૂલો સુંઘવાનો અભિનય કરે છે. અહીં હસ્ત અરાલ મુદ્રામાં, પાંપણો કુંચિત અવસ્થામાં તથા નાસા 'સોચ્છ્વાસ' સ્થિતિમાં તેમજ દૃષ્ટિ 'અર્ધમુકુલ' પ્રકારની રહેશે. રાજા બનતો નટ, હસ્તના વિવિધ સંચાલનો દ્વારા અને મુખના વિવિધ ભાવો દ્વારા માર્ગમાં આવતી ચંપકવૃક્ષની હારમાળા, સુંદર સિંદુવાર તથા બકુલવૃક્ષની ગીચ ઝાડીનો સંકેત કરશે.

માધવીલતા મંડપ પાસે આવી પહોંચ્યા પછી વિદૂષક રાજાને ત્યાંજ થોભવાનું કહી પોતે, વાસવદત્તાનો વેષ ધારણ કરેલી સાગરિકાને લઇને જલદીથી પાછો આવશે એમ જણાવી સંકેત મુજબ ચિત્રશાળાના દ્વારે આવીને ઉભો રહે છે. રાજા પ્રિયાના સંકેત સમયની પ્રતીક્ષા કરતા વિચાર અવસ્થામાં મરકત શિલાની ભૂમિ ઉપર બેસે છે. ભરતમુનિએ 'ગતિપ્રચાર' અધ્યાયમાં 'વિચારાવસ્થામાં ઉપવેશન વિધિ' વર્ણવી છે તે પ્રમાણે રાજા પોતાનો એક પગ લંબાવી, બીજો પગ શિલા ઉપર ટેકવી મસ્તક ઝુકેલું રાખશે અથવા હાથ સંદંશ મુદ્રામાં રાખી, શૂન્ય દૃષ્ટિનો વિનિયોગ કરશે.

વિદૂષકને આવતાં સહેજ વિલંબ થાય છે તેથી રાજા શંકા લાવે છે કે કદાચ રાણી સઘળી યોજના જાણી ગઇ હોય એવું તો ન બને ! અને એજ સમયે, કાંચનમાલાએ આપેલા સમાચાર મુજબ વાસવદત્તા કાંચનમાલા સાથે ચિત્રશાળા દ્વાર તરફ જઇ રહયાં હોય છે. ચપટી વગાડી કાંચનમાલા સૂચન કરે છે એટલે બુરખો ઓઢેલો વિદૂષક આવે છે અને રાણી તથા તેની દાસીને સાગરિકા તથા સુસંગતા માની લઇ રાજા પાસે લઇ જાય છે.

અત્યંત હર્ષાન્વિત રાજા ઉત્સાહમાં પ્રિય સાગરિકે સંબોધન કરી તેના સૌંદર્યનું વિસ્તૃત વર્ણન કરે છે તથા પોતાના મદનતપ્ત અંગોને શાતા બક્ષવા વિનવે છે. વાસવદત્તા ધુંધવાઇ ઉઠે છે તે એકદમ પોતાનો ઘૂમટો દૂર કરી રાજા સમક્ષ રજૂ થાય છે. રાજા પોતાનો અપરાધ માફ કરવા વિનવે છે રાણી તે ગણકારતી નથી અને ચાલી જાય છે.

હવે ખરેખર સાગરિકા આવે છે. તેણે વાસવદત્તાનો વેષ ધારણ કર્યો છે. તેને લાગે છે કે સંકેતવૃતાન્ત રાણીથી પરાભવ પામવા કરતાં જીવતરનો અંત લાવવો વધુ સારું છે. અશોકવૃક્ષ પાસે જઇ માધવીલતાના પાશથી ગળે ફાંસો ખાવા તે અશોકની ડાળીએ લટકે છે. અહીં અશોકવૃક્ષ, ડાળી તથા માધવીલતાનો પાશ-આત્મ હત્યાનો પ્રયાસ, આ તમામનો નિર્દેશ આંગિક અભિનય વડે નાટ્યધર્મી શૈલીમાં સાંકેતિક રીતે રજૂ કરશે.

વિદૂષકની બૂમ સાંભળી રાજા દોડી આવે છે અને સાગરિકાની પાસે જઇ તેના ગળામાંથી ફાંસો કાઢી નાખવાનો પ્રયત્ન કરે છે. તે પછી રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ 'બાહુમાક્ષિપ્ય કણ્ઠે કૃત્વા સ્પર્શં નાટ્યન્' અર્થાત રાજા હાથ ખેંચીને, ગળામાં નાખીને સ્પર્શનો અભિનય કરે છે. અહીં આલિંગનનું સૂચન ઉત્સંગ હસ્ત તથા નત ગ્રીવા દ્વારા નાટયધર્મી શૈલીમાં સંકેતાત્મક રીતે રજૂ કરવામાં આવશે.

ચોથા અંકમાં અંત:પુરની આગમાં ભડથું થઇ જતી સાગરિકાને આગમાં ભરખાઇ જતી બચાવવા રાજા, રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ 'જ્વલનપ્રવેશ નાટ્યિત્વા ધૂમાભિભવં નાટ્યન્' અર્થાત અગ્નિમાં પ્રવેશ કરવાનો અભિનય કરીને, ધૂમાડાથી ગભરાઇ જવાનો અભિનય કરતા! અહીં રાજા બનતો નટ ત્રિપતાક હસ્તને જોરથી ઘુમાવી અગ્નિ તથા જવાળાઓ સૂચવશે અને પતાક હસ્તના ઝટકા વડે ધૂમાડાને દુર કરવાનો સંકેત કરશે. અહીં આગનું દૃશ્ય રંગતંત્રના કસબ દ્વારા નહીં પરંતુ નટના નાટ્યધર્મી શૈલીમાં પ્રયોજાતા સંકેતાત્મક આંગિક અભિનય દ્વારા તાદૃશ થશે. અહીં આંગિક અભિનયનો વિનિયોગ વાચિક અભિનયના પૂરક અંગ તરીકે નહિ પણ દૃશ્ય અસર ઉભી કરવા માટે સ્વતંત્ર રીતે કરવામાં આવશે.

આમ હર્ષ રચિત 'રત્નાવલી'માં આંગિક અભિનયના સૂચક અનેક રંગનિર્દેશો મળી આવે છે.

## માલતી માધવ

ભવભૂતિ (ઇ.સ.૭૦૦) તેમના કોઇ પણ સમકાલીન કરતાં વિશેષપણે આંગિક અભિનયને લગતી વિવિધ પારિભાષિક સંજ્ઞાઓ પ્રયોજે છે. વ્યક્તિઓ ઋતુઓને લગતા વિવિધ વર્ણનોમાં તેમણે આંગિક અભિનયની અનેક પારિભાષિક સંજ્ઞાઓનો વિનિયોગ કર્યો છે.

## વિવિધ દૃષ્ટિભેદો

'માલતીમાધવ' નામના પ્રકરણ પ્રકારના રૂપકમા પતાકાનાયક એવો મકરંદ પ્રથમ અંકમાં તેના દિલોજાન મિત્ર અને પ્રકરણના નાયક 'માધવ'નું વર્ણન કરતાં કહે છે -

'' ગમનમલસં શૂન્યા દૃષ્ટિ : શરીરમ સૌષ્ઠવં
શ્વસિતમધિકં કિં ન્વેતત્સ્યાત્કિમન્યદિતોઽથવા ।
ભ્રમતિ ભુવને કન્દર્પાજ્ઞા વિકારિ ચ યૌવનં
લલિતમધુરાસ્તે તે ભાવા: ક્ષિપન્તિ ચ ધીરતામ્ ॥ ''

''ગતિ ધીમી છે, દૃષ્ટિ શૂન્ય છે, શરીર સૌષ્ઠવ વિનાનું છે., શ્વાસ વધી ગયો છે, આ શું હશે ? અથવા બીજું શું હોઇ શકે ? કામદેવની આણ જગત પર પ્રવર્તે છે, યૌવન વિકારપૂર્ણ છે અને સુંદર તથા પ્રિય વિવિધ પદાર્થો ધૈર્યને ડગાવી મૂકે છે.''

( અંક ૧ શ્લોક ૧૭)

અહીં 'શૂન્ય દૃષ્ટિ' તથા 'સૌષ્ઠવ' એ બે પારિભાષિક સંજ્ઞાઓ છે જે પૂર્ણ-વિષાદ અવસ્થાનો સંકેત કરે છે. સૌષ્ઠવનો અભાવ માધવની કામપીડિત અવસ્થા ઇંગિત કરે છે. 'અધિક શ્વાસ' કામપીડિત અવસ્થા વધુ સ્પષ્ટ કરી આપે છે.

પ્રથમ અંકમાંજ, માધવ, મકરંદ આગળ, માલતીનું વર્ણન કરતાં વિવિધ દૃષ્ટિનો ઉલ્લેખ કરે છે.

'' સ્તિમિતવિકસિતાનામુલ્લસદ્ભ્રૂલતાનાં
મસૃણમુકુલિતાનાં પ્રાન્તવિસ્તારભાજામ્ ।
પ્રતિનયનનિપાતે કિંચિદાકુંચિતાનાં
વિવિધમહમભૂવં પાત્રમાલોકિતાનામ્ ॥ ૨૭ ॥ ''

'' નિશ્ચલ અને પ્રફુલ્લિત, જેની પાતળી ભમ્મરો ઉંચી ચઢી છે, તેવી, ચળકતી, અર્ધ મીંચેલી, ખૂણા આગળ મોટી થયેલી, (મારી) આંખની સાથે મળે ત્યારે સહેજ સંકોચાયેલી (એવી) (એની) વિવિધ પ્રકારની દૃષ્ટિને પાત્ર હું બન્યો.''

'માલતીમાધવ' ના ટીકાકાર જગધ્ધરના મત પ્રમાણે અહીં નિમ્નલિખિત દૃષ્ટિઓનો ઉલ્લેખ થયો છે. (૧) અદ્ભુત - વિસ્મયના ભાવ માટે (૨) કાન્તા - હર્ષના ભાવ માટે (૩) સમભ્રૂક્ષેપ કટાક્ષ- શૃંગાર માટે (૪) મુકુલિતા, શંકિતા - ભય દર્શાવવા માટે તથા (૫) કુંચિતા દૃષ્ટિ. ભવભૂતિ ધ્વારા નિરુપિત શ્લોકમાં માત્ર મુકુલિતા અને કુંચિતા એ બે પારિભાષિક સંજ્ઞાઓનો ઉલ્લેખ છે. અન્ય દૃષ્ટિઓના નામ નહી પણ જે તે દૃષ્ટિનું સૂચન કરતી પાંપણ, કીકી તથા ભ્રમરની ગતિ તથા હલનચલન ભવભૂતિએ વર્ણવ્યા છે. ભરતમુનિએ આ તમામ દૃષ્ટિઓનો ઉલ્લેખ નાટ્યશાસ્ત્રમાં કર્યો છે. (૧) સમ દૃષ્ટિ જેમાં કીકીઓ વિસ્મયને કારણે ઉપર ચઢી ગઈ હોય છે અને પાંપણો થોડી ત્રાંસી ઢળેલી રહે છે તે અદ્ભુત દૃષ્ટિ (૨) કાન્તા દૃષ્ટિ શૃંગાર રસ દૃષ્ટિ છે જેમાં ભ્રમર સંકોચાયેલી તથા કીકીઓની પડખે ગતિ રહે છે (વિવર્તન) આ 'કટાક્ષ' નામનો દર્શનભેદ છે. (૩) મુકુલિતા અથવા મુકુલ દૃષ્ટિ જેમાં પાંપણ કંપન યુકત તથા કીકીઓ હર્ષના કારણે પૂર્ણપણે ઉઘડેલી રહે છે. તેનો વિનિયોગ શયન તથા સ્વપ્નદર્શનમાં થાય છે. (૪) શંકિત દૃષ્ટિ શંકાનો ભાવ પ્રગટ કરવા પ્રયોજાય છે. (૫) કુંચિતા દૃષ્ટિભેદમાં કીકી પાંપણ તથા પોપચાં સંકોચાયેલાં રહે છે.

તે પછીના શ્લોકમાં પણ નેત્રના વિવિધ ઉપાંગોની ગતિ તથા હલન ચલન નિરુપાયેલાં છે. વસ્તુત: ભવભૂતિ અહીં વિવિધ પ્રકારની 'કટાક્ષ દૃષ્ટિઓ' વર્ણવે છે.

અલસવલિત મુગ્ધ સ્નિગ્ધ નિષ્પન્દ મન્દૈ -
રધિક વિકસદન્ત ર્વિસ્મયસ્મેરતારૈ : ।
ઉદયમશરણં મે પક્ષ્મલાક્ષ્યા: કટાક્ષૈ -
રપહૃતમપવિધ્ધં પીતમુન્મૂલિતં ચ ॥ ૨૮ ॥

તે સુંદર આંખવાળીના લજ્જાથી પાછા પડેલા, (ફરી જોવાની ઇચ્છાથી) ત્રાંસા,

મુગ્ધ (સ્વાભાવિક), સ્નિગ્ધ, સ્થિર, મંદ, મનના વધારે વિકસતા વિસ્મયથી ચળકતી ડીકીઓવાળા કટાક્ષોથી મારું નિરાધાર હૃદય હરાઇ ગયું, વીંધાઇ ગયું, પિવાઇ ગયું અને ઊખેડી નંખાયું.

ટીકાકાર જગદ્ધર વિવિધ 'કટાક્ષાવસ્થાઓ' વર્ણવે છે અને ત્રણ અન્ય દૃષ્ટિઓ નિરુપે છે (૧) વિષાદિની (૨) લલિતા અને (૩) સ્નિગ્ધા.

ચોથા અંકમાં કામન્દકીના મુખે વિવિધ દૃષ્ટિભેદોનો ઉલ્લેખ ભવભૂતિએ કર્યો છે. કામન્દકી (હસીને) કહું છું કે આ બન્ને પરસ્પર માનસિક સમાગમ અનુભવે છે જેમ કે :

ईषत्तिर्यग्वलनविषमं कूणितं प्रान्तमेतं -
त्प्रेमोद्भेदस्तिमितललितं किं चिदाकुंचितभ्रु ।
अन्तर्मोदानुभवमसृणं स्तस्तनिष्पन्दपक्ष्म
व्यक्तं शंसत्यथि रमनयोर्दृष्टमाकेकराक्षम ॥ २ ॥

કંઇક ત્રાંસા નંખાવાથી વક્ર, છેડાના ભાગમાં ઝીણું, પ્રેમના પ્રાકટ્યથી સ્થિર અને મનોહર, સહેજ વાંકી વળેલી ભ્રમરવાળું, અંદરના આનંદના અનુભવથી પ્રેમને કારણે રસિલું, ઢળેલાં નિશ્ચલ પોપચાંવાળું આ બન્નેનું ત્રાંસા નયનોવાળું પરસ્પર દર્શન સ્પષ્ટ રીતે (પરસ્પર સંકલ્પ નિર્મિત સમાગમ) દર્શાવે છે.

અહીં ભવભૂતિએ નિમ્નલિખિત દૃષ્ટિઓનો ઉલ્લેખ કર્યો છે.

(૧) શંકિતા (૨) અર્ધમુકુલા અથવા કુંચિતા અને (૩) એકાકરા, વિવિધ દૃષ્ટિભેદને લગતું આ વર્ણન પૂર્ણપણે નાટ્યશાસ્ત્ર અનુસારી છે.

સાતમાં અંકમાં મદયન્તિકાના મુખે દૃષ્ટિભેદનું વર્ણન મળે છે.

' પ્રિય સખી, વધી ગયેલાં વિસ્મયથી બાવરાં, ચંચળ તથા વિકસિત છેડાવાળાં, લાલ નયનકમળના જોરદાર હલનચલનમાં ઉત્તમ અને સુરાપાનથી ચડેલા નશાની જેમ હોય તેમ સહેજવાર મારી સામે એકીટશે જોઇ ઘુમતાં રહે છે.' અહીં ' 'નાલીરકનનેત્રપુરકલીકતાણ્ડવો' માં નેત્રના વિવિધ હલનચલનને નેત્રનું નર્તન કહી 'તાણ્ડવ' શબ્દ પ્રયોજવામાં આવ્યો છે.

નવમા અંકમાં માધવની વિરહાવસ્થામાં, એકોક્તિ, વિક્રમોવર્શીય નાટકમાં આવતી પુરુરવાની એકોક્તિને મળતી આવે છે જે વિશિષ્ટ પ્રકારના આંગિક અભિનયની અપેક્ષા રાખે છે. પુરુરવાની ઉક્તિના સંદર્ભમાં આ અગાઉ તે વિષે વિસ્તૃતપણે ચર્ચા કરવામાં આવી છે.

## આંગિક અભિનયના સૂચક રંગનિર્દેશો

ત્રીજા અંકમાં લવંગિકા' પુષ્પાબચયં નાટ્યત:' અર્થાત પુષ્પો ચૂંટવાનો અભિનય કરે છે. અહીં કટકામુખ અથવા હંસસ્ય હસ્તમુદ્રાઓના વિનિયોગ ધ્વારા સાંકેતિક રીતે, નાટ્યધર્મી શૈલીમાં પુષ્પો ચૂંટવાનો ભાવ દર્શાવવામાં આવશે.

એજ અંકમાં તથા આઠમાં અંકમાં 'માલ લજ્જાં નાટ્યતિ' અર્થાત્ લજ્જાનો અભિનય કરે છે એવો રંગનિર્દેશ મળે છે. અહીં લજ્જાનો ભાવ 'પરાવૃત્ત' શીર તથા લજ્જિતા દૃષ્ટિના વિનિયોગ ધ્વારા રજૂ કરવામાં આવશે.

ચોથા અંકમાં 'સર્વા હર્ષ નાટ્યન્તિ' અર્થાત 'સર્વે હર્ષનો અભિનય કરે છે' એવો રંગનિર્દેશ મળે છે. અહીં હર્ષનો સંચારી ભાવ નયનવદનપ્રસાદ, પ્રિય ભાષા, આલિંગન, રોમાંચ, લલિત અંગવિહાર તથા સ્વેદ ધ્વારા અભિનીત કરવામાં આવશે.

પાંચમી અંકની શરૂઆતમાં રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ 'ભયાનક અને ઉજ્જવળ વેષવાળી કપાલકુણ્ડલા આકાશમાર્ગે પ્રવેશ કરે છે. અહીં કપાલકુણ્ડલા' અતિક્રાન્તા ચારી'ના વિનિયોગ ધ્વારા આકાશગતિ દર્શાવશે. તે પછી કપાલકુંડલા 'સૂંઘવાના અભિનય' ધ્વારા પોતે દેવી કરાલાના મંદિર સમીપ આવી પહોંચી હોવાનો નિર્દેશ કરે છે. અહીં તળાતા લસણ જેવી વાસવાળા ચિતાના ધૂમાડાને સૂંઘવાનો અભિનય 'વિકૃષ્ટ' નાસાભેદ ધ્વારા દર્શાવવામાં આવશે. દેવતાની પૂજામાં પરોવાયેલી કપાલકુંડલા દેવ અર્ચનાનો અભિનય પદ્મકોશ તથા મુકુલ હસ્તમુદ્રાના વિનિયોગ ધ્વારા કરશે.

છઠ્ઠા અંકમાં માલતીનું કન્યાદાન કરતી વેળા કામન્દકી આંસૂ સારે છે તથા સાતમાં અંકમાં મધ્યન્તિકા વસ્ત્રના છેડા વડે આંસૂ લૂછવાનો અભિનય કરે છે. અહીં

ત્રિપતાકમુદ્રાયુક્ત હસ્તને આંખ પાસે રાખી આંસું સારવાનો/લૂછવાનો અભિનય કરવામાં આવશે. છઠ્ઠા અંકમાં લવંગિકા તથા કામન્દકી મંદિરમાં પ્રવેશવાનો અભિનય કરે છે. અહીં બે કર્તરીમુખ હસ્તના વિનિયોગ દ્વારા મંદિરનો નાટ્યધર્મી શૈલીમાં સંકેત કરવામાં આવશે તથા પતાકા હસ્ત દ્વારા મંદિરમાં પ્રવેશ્યાનો ભાવ ભાવ સાંકેતિક રીતે રજુ કરવામાં આવશે.

નવમાં અંકમાં રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ માધવ 'નિ:શ્વસ્ય શોકાર્તિ નાટ્યતિ' અર્થાત્ નિસાસો નાખીને શોકની વેદનાનો અભિનય કરે છે. અહીં 'શોક'ના ભાવનો અભિનય નાટ્યશાસ્ત્ર અનુસાર આ પ્રમાણે કરવામાં આવશે. અશ્રુપાત, વિલાપ, વિવર્ણ, સ્વરભેદ, અંગશૈથિલ્ય, દીર્ઘ-નિશ્વાસ, જડતા, ઉન્માદ વિગેરે અનુભાવો દ્વારા શોકનો સ્થાયી ભાવ અભિનીત થશે.

## સાત્વિક ભાવોનો અભિનય

ભવભૂતિએ 'માલતીમાધવ'માં રંગનિર્દેશમાં સાત્વિક ભાવોનો અભિનય પણ સૂચવ્યો છે.

ચોથા અંકમાં રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ માલતી અને માધવ 'વૈવર્ણ્ય' નામના સાત્વિક ભાવનો અભિનય કરે છે. નાટ્યશાસ્ત્ર અનુસાર વૈવર્ણ્યનો અભિનય મુખવર્ણન પરિવર્તન તથા નાડીપીડન દ્વારા દર્શાવવામાં આવશે.

છઠ્ઠા અંકમાં માલતી 'કંપન'નો તથા રોમાંચનો અભિનય કરે છે. અહીં નાટ્યશાસ્ત્ર અનુસાર રોમાંચનો અભિનય રુંવાંટા ઉભા થઇ જવા, પુલક આવૃત્તિ તથા ગાત્રસ્પર્શ દ્વારા દર્શાવવામાં આવશે.

સાતમાં અંકમાં મદયન્તિકા 'સ્વેદ' પ્રકારના સાત્વિક ભાવનો અભિનય કરે છે. નાટ્યશાસ્ત્ર અનુસાર સ્વેદનો અભિનય વ્યંજનગ્રહણ, પરસેવો લુછવો, વાયુની અભિલાષા દ્વારા દર્શાવવામાં આવશે.

આઠમાં અંકમાં માલતી 'વાક્સ્તંભ' નો અભિનય કરે છે. અહીં વાક્સ્તંભનો અભિનય સંજ્ઞાહીન, ચેષ્ટાહીન, ગતિહીન, જડઆકૃતિ, સ્તબ્ધ તથા સંજ્ઞાહીન અંગો ધ્વારા કરવામાં આવશે. તથા શૂન્યવચનનો વિનિયોગ કરવામાં આવશે.

ભવભૂતિ, ઘણીવાર એક સાથે અનેક ભાવો એકી સાથે રંગનિર્દેશમાં નિરુપે છે. જેમ કે ત્રીજા અંકમાં માલતી તથા સાતમાં અંકમાં કામન્દકી એકી સાથે 'હર્ષ અને ભય' સાથે ઉક્તિ બોલે છે. એવો રંગનિર્દેશ છે. આ પ્રકારનો રંગનિર્દેશ અભિનેતાને મદદરુપ બનતો નથી અને વાચકને ધ્વિધામાં મૂકે છે. આવા પ્રકારનો રંગનિર્દેશ ભરતમુનિના સિધ્ધાંતોનો શાસ્ત્રીય વિનિયોગ દર્શાવે છે. જે વ્યવહારમાં શકય નથી. એક વાકય બોલતાં પહેલાં બે પ્રકારના વ્યભિચારી ભાવો એકી સાથે દર્શાવવા પ્રયોગની દૃષ્ટિએ અશકય છે.

## ઉત્તરરામચરિત

### આંગિક અભિનયના સૂચક રંગનિર્દેશો

પ્રથમ અંકમાં સીતાની ઉક્તિના સંદર્ભમાં 'નિદ્રાં નાટ્યન્તી' અર્થાત 'નિદ્રાનો અભિનય કરતી!' એવો રંગનિર્દેશ મળે છે. અહીં મુખનું ભારેપણું, નેત્ર ઘુમાવવા, આળસ મરડવી, ઉંડો શ્વાસ લેવો, ગાત્રો સ્તબ્ધ થઇ જવાં, આંખો બંધ કરવી વિગેરે અનુભાવો ધ્વારા નાટ્યશાસ્ત્ર અનુસાર નિદ્રાનો ભાવ નિરુપવામાં આવશે.

બીજા અંકમાં 'પછી પુષ્પકમાં બેઠેલા ઉગામેલા ખડ્ગવાળા, સદય રામભદ્ર પ્રવેશે છે.' એવો રંગનિર્દેશ મળે છે. પુષ્પક વિમાનમાં બેઠેલા રામનો પ્રવેશ અહીં આકાશિકી ચારીના વિનિયોગ ધ્વારા દર્શાવવામાં આવશે.

ત્રીજા અંકમાં રામની ઉક્તિના સંદર્ભમાં 'સ્પર્શસુખમભિનીય' 'સ્પર્શસુખનો અભિનય કરી' એવો રંગનિર્દેશ મળે છે. અહીં ઉત્સંગ હસ્ત, લલિત દૃષ્ટિ અને ઉત્ક્ષેપ ભ્રૂકુટિના વિનિયોગ ધ્વારા નાટ્યધર્મી શૈલીમાં સંકેતાત્મક રીતે સ્પર્શસુખનો અભિનય કરવામાં આવશે.

ત્રીજા અંકમાં 'પછી ફુલ વીણવામાં ગૂથાયેલી અને ફ્રુત્તુ રી તેજ ઉત્સુકતાથી સાંભળતી સીતા પ્રવેશે છે' એવો રંગનિર્દેશ છે. અહીં ફુલ વીણવાનો અભિનય કટકામુખ અથવા હંસસ્ય હસ્તમુદ્રા ધ્વારા નાટ્યધર્મી શૈલીમાં રજુ કરવામાં આવશે.

ત્રીજા અંકમાં સીતાની ઉકિતના સંદર્ભમાં 'કૌતુક અને સ્નેહનાં આંસું સાથે' એવો રંગનિર્દેશ છે. અહીં ત્રિપતાક મુદ્રાયકત હાથ આંખ પાસે રાખી આંસું સારવાનો અભિનય નાટ્યધર્મી શૈલીમાં રજુ કરવામાં આવશે.

ચોથા અંકમાં લવની ઉકિતઓના સંદર્ભમાં 'બહુમાન, ખેદ અને કૌતુકથી જુએ છે'- 'કૌતુક, અવશતા અને વિનયથી' એમ એકી સાથે એકજ વાકયમાં ત્રણ જુદા જુદા ભાવ દર્શાવવાનું સૂચન કરતાં રંગનિર્દેશ મળે છે જે પ્રયોગની દૃષ્ટિએ શકય નથી. છઠ્ઠા અંકમાં કુશની ઉકિતમાં 'અદ્ભૂત ભાવથી તથા હર્ષ અને ધૈર્યથી ધનુષ્ય ટંકારતો' એવો રંગનિર્દેશ છે. અદ્ભૂત, હર્ષ તથા ધૈર્ય એક સાથે દર્શાવવા અશકય છે.

પાંચમાં અંકમાં' પછી સુમંત્ર સારથિએ હાંકેલા રથમાં, હાથમાં, ધનુષ્યવાળો, આશ્ચર્ય, હર્ષ અને ગભરાટ ભર્યો ચંદ્રકેતું પ્રવેશે છે' એવો રંગનિર્દેશ છે. અહીં લયાન્વિત ચૂર્ણપદ ધ્વારા ચંદ્રકેતુ પ્રવેશ કરશે અને સમપાદા સ્થાન ગ્રહણ કરશે.

પાંચમાં અંકમાં સુમંત્રની ઉકિતના સંદર્ભમાં 'રથવેગનો અભિનય કરી ને' એવો રંગનિર્દેશ છે. અહીં કાંડા આગળ સ્વસ્તિક કરેલા બે કટકામુખ હસ્ત ધ્વારા રથનો વેગ સૂચવાશે.

પાંચમાં અંકમાં લવની ઉકિતના સંદર્ભમાં 'ધ્યાનનો અભિનય કરે છે' એવો રંગનિર્દેશ છે. છઠ્ઠા અંકમાં પણ ધ્યાનમાં અભિનયનો ઉલ્લેખ છે. અહીં અવલોકિત દૃષ્ટિ, કુંચિત શીરભેદ તથા ડાબો હસ્ત સંદંશ મુદ્રામાં રાખી ધ્યાનનો અભિનય કરવામાં આવશે.

પાંચમાં અંકમાં ચંદ્રકેતુની ઉકિતના સંદર્ભમાં (રથમાંથી) ઉતરવાનો અભિનય કરતો 'અવતરણ રુપયન' એવો રંગનિર્દેશ છે. અહીં શરીર થોડું ઝુંકાવી એક પગ

'અતિક્રાન્તા' ચારીમાં તથા અન્ય પગ 'અંચિત' ગતિમાં રાખી નીચે ઉતરવાનો અભિનય કરવામાં આવશે.

છઠ્ઠા અંકમાં ' પછી વિમાનમાં એક ઉજ્જ્વલ વિદ્યાધર યુગલ પ્રવેશે છે' એવો રંગનિર્દેશ છે. અહીં આકાશિકી ચારી (મણ્ડલાવર્તન) તથા સમપાદ સ્થાનમાં સ્થિત ચુર્ણ પદ વિન્યાસ દ્વારા વિમાનમાં સ્થિત હોવાનો ભાવ રજુ થશે.

છઠ્ઠા અંકમાં 'રામ પુષ્પકમાંથી ઉતરે છે'. એવો રંગનિર્દેશ છે. અહીં શરીર થોડું નમાવી, એક પગ અતિક્રાન્તા ચારીમાં તથા અન્ય પગ 'અંચિત' ગતિમાં રાખી પુષ્પક વિમાનમાંથી નીચે ઉતરવાનો ભાવ રજુ કરવામાં આવશે.

ઉપરોક્ત રંગનિર્દેશો ઉપરાંત ઉત્તરરામચરિતમાં ડગલે ને પગલે, ઉક્તિએ ઉક્તિએ સસ્મિતમ્, સહર્ષલજ્જાસ્મિતમ્, સંસભ્રમમ્, સસ્નેહબહુમાનં, સકરુણમ, સાસ્રમ, સવિસ્મયમ્ સનિર્વેદશ્, સોત્કમ્પન, સરોષમ, વિગેરે રંગનિર્દેશો મળે છે જે વિવિધ સ્થાયી તેમજ વ્યભિચારી ભાવોનો અભિનય સૂચવે છે.

## વિવિધ દૃષ્ટિભેદ

' માલતી માધવ' ની જેમ 'ઉત્તરરામચરિત' માં પણ વિવિધ દૃષ્ટિભેદના વર્ણનો મળે છે. પણ અહીં તે વધુ સંયમિત સ્વરુપે મળે છે. ત્રીજા અંકમાં રામના મુખમાં મુકાયેલી નિમ્નોક્તિમાં દૃષ્ટિભેદનું વર્ણન છે.

ભ્રમિષુ કૃતપુટાન્તર્મણ્ડલાવૃત્તિ ચક્ષુ:
પ્રચલિત ચટુલભ્રૂતાણ્ડવૈર્મણ્ડયન્ત્યા ।
કરકિસલયતાલૈ મુંગ્ધયા નર્ત્યમાનં
સુતમિવ મનસા ત્વાં વત્સલેન સ્મરામિ ॥ ૧૯ ॥

અર્થાત્

ભ્રમણ તુજ મહીં ત્યાં ઘૂમતાં ગોળ પક્ષ્મે
પ્રિયદૃગ ચતુર ભ્રૂનર્તને સોહી રહેતાં
કુંપળ સમ કરે દૈ તાલ મુગ્ધા નચાવે,
સ્મરું છું સુત સમાણો ચિત્તવાત્સલ્યથી હું (૧૯)

(ઉમાશંકર જોષી )

અહીં રામ, મયૂર ને ઉદ્દેશીને બોલે છે અને હાથના તાલ વડે મયૂરને નચાવનારી સીતાને સ્મરે છે. 'ભમ્મરોના તાંડવનૃત્ય' તથા 'આંખના ગોખલામાં ગોળાકાર ઘૂમતી કીકીઓ' વિગેરે વર્ણન ભરતમુનિએ જેને 'ભ્રમણ' તારાકર્મ કહ્યું છે તેને મળતું આવે છે. 'ભ્રમણ' તારાકર્મમાં કીકી ગોળાકારે ફરે છે. 'ઘૂમતા ગોળ પક્ષ્મે' તથા 'ભૂનર્તન' જેવા શબ્દો 'ભ્રમણ' તારાકર્મ નિરુપે છે.

## ભરતમુનિનો ઉલ્લેખ

'ઉત્તરરામચરિત'ના ચોથા અંકમાં ભવભૂતિએ લવના મુખે 'તૌર્યત્રિક સૂત્રકાર ભરત' નો ઉલ્લેખ કર્યો છે. લવ જનકરાજાને જણાવે છે કે વાલ્મીકિએ 'રામાયણ'ની હસ્તપ્રતનો કેટલોક અંશ પ્રયોગ અર્થે ભરતમુનિને મોકલી આપ્યો છે. ભરતમુનિને અહીં નાટ્ય, ગીત, તથા વાદ્યના જાણકાર તરીકે ઓળખાવવામાં આવ્યા છે. ચોથા અંકમાં કુશ ભરતમુનિના આશ્રમમાંથી પાછા ફર્યાનો ઉલ્લેખ છે.

## ગર્ભનાટક

નાટકની અંદર આવતાં નાટકને 'સાહિત્યદર્પણ' ગર્ભાંક-ગર્ભનાટક કહે છે. ઉત્તરરામચરિતના સાતમાં અંકમાં યોજાયેલું ગર્ભનાટક પ્રજાજનોને સીતાના ચારિત્ર્ય શુદ્ધિની પ્રતીતિ કરાવી, લવકુશના પ્રત્યભિજ્ઞાનમાં ફાળો આપી, રામ-સીતાના મિલનને શક્ય બનાવે છે. આ ગર્ભનાટક ગંગાને કાંઠે, યોજાયેલી રંગભૂમિ પર ભજવાય છે. અહીં ભવભૂતિ, લક્ષ્મણના મુખે 'સંનિવેશ' શબ્દનો ઉલ્લેખ કરે છે. લક્ષ્મણ રામની આજ્ઞા અનુસાર પ્રયોગના પ્રબંધ અંગે ત્યાં પધારે છે અને ભરતમુનિએ નાટ્યશાસ્ત્ર (૨૭-૬૩/૪) માં દશ પ્રકારના પ્રાશ્નિકો વર્ણવ્યા છે તેની વ્યવસ્થા કરે છે. વાલ્મીકિએ નાયક નાયિકા અને અપ્સરાઓને નાટ્યના પ્રયોગ અર્થે બોલાવ્યા હોવાનું લક્ષ્મણ જણાવેછે. તે પછી 'ગર્ભનાટક' ભજવાય છે. અહીં પુરાણકથા નૃત્યનાટય રુપે રજુ થાય છે. સાંપ્રત નૃત્યનાટ્ય સ્વરુપો- કથકલિ, યક્ષગાને, ભાગવતમેલા, કુચીપુડીમાં પુરાણકથાઓ નૃત્યનાટ્ય રુપે ભજવાય છે જેના મૂળ આ 'ગર્ભનાટક' ના મંચનમાં જોવા મળે છે.

વેણીસંહાર

ભટ્ટનારાયણ કૃત 'વેણીસંહાર' નાટકના બીજા અંકમાં દુર્યોધનની પત્ની ભાનુમતી, પોતે જોયેલા દુઃસ્વપ્નના અનિષ્ટ નિવારણ માટે તથા પતિના કલ્યાણ અર્થે વ્રતમાં લીન છે. કામપીડિત દુર્યોધન ભાનુમતીનું આલિંગન તથા અધરોષ્ઠ પાન ઇચ્છે છે. એટલામાં તીવ્ર વેગવાળો વાયુ વાય છે અને ભાનુમતી ડરને કારણે દુર્યોધનને વળગી પડે છે અને દુર્યોધનના મનોરથ પૂરા થાય છે. વ્રતનો નિયમ છોડી રાજાને આલિંગન કરનાર ભાનુમતી ની આંગિક ચેષ્ટાઓનું વર્ણન દુર્યોધન આ પ્રમાણે કરે છે -

ન્યસ્તા ન ભ્રુકુટિર્ન બાષ્પસલિલૈરાચ્છાદિતે લોચને
નીતં નાનનમન્યતઃ સશપથં નાહં સ્પૃશન્ વારિતઃ ।
તન્વ્યા મગ્નપયોધરં ભયવશાદાબદ્ધમાલિંગિતં
ભંક્તાઅસ્યા નિયમસ્ય ભીષણ મરુન્નાયં વયસ્યો મમ ॥

અંક ૨ / શ્લોક ૨૦

' ભ્રુકુટિના ત્રાંસી કરી, નેત્ર અશ્રુજળથી ના ઢાંકવામાં આવ્યા, મુખ બીજી દિશામાં ના ફેરવવામાં આવ્યું, સ્પર્શવા ધસતા મને સોગંદપૂર્વક ના રોકવામાં આવ્યો. (પરંતુ) કૃશાંગી (ભાનુમતી) દ્વારા ભયને કારણે (મારી છાતીમાં) સ્તન ખોસી દઇ આલિંગન કરવામાં આવ્યું. આ વ્રતને તોડનાર આ ભયંકર વાયુ નથી પણ મારો મિત્ર છે''

દુર્યોધનની આ ઉક્તિ ભાનુમતી ની આંગિક ચેષ્ટાઓ નિરુપે છે. ભાનુમતિની ભ્રુકુટિ, સ્તનનાં હલનચલન તથા આંખોના ભાવ વર્ણવે છે તેથી તે સૂચ્ય પ્રકારનો અભિનય બને છે.

દુર્યોધનની અભિલાષા પૂર્ણ થાય છે અને પોતે હવે ઇચ્છાનુસાર વિહાર કરી શકે છે એમ કહી 'દારુપર્વતપ્રાસાદ' અર્થાત્ લાકડાના (બનેલા કૃત્રિમ) પર્વતના મહેલમાં જવાનો પ્રસ્તાવ મૂકે છે. દુર્યોધનની આ ઉક્તિ પછી રંગનિર્દેશ છે કે -

''સર્વે વાત્યાબાધાં રુપયન્તો યત્નતઃ પરિક્રામન્તિ '' અર્થાત

સર્વે તોફાનના કષ્ટનો અભિનય કરતાં યત્નપૂર્વક પરિક્રમણ કરે છે. આમ અહીં ભીષણ વાયુની અસર રંગતંત્રના કસબ ધ્વારા નહિ પરંતુ પાત્રના પ્રત્યાઘાતો reactions ધ્વારા તથા આંગિક અભિનય ધ્વારા ઉભી થાય છે. ચોથા અંકની શરુઆતમાં રંગનિર્દેશ મળે છે - '' તતઃ પ્રવિશતિ પ્રહારમૂર્છિતં રથસ્થં દુર્યોધનમપહરન્ સૂત અર્થાત પ્રહારથી મૂર્છિત, રથમાં પડેલા દુર્યોધનને યુધ્ધસ્થળેથી બહાર લઇ જતો સારથિ પ્રવેશે છે.'' આ રંગનિર્દેશનો અભિનય બે રીતે થઇ શકે. દુર્યોધન ખરેખરા વાસ્તવિક રથમાં હોય એને સારથિ રથને ખેંચે અથવા તો પછી રંગમંચના પાછલા ભાગમાં સ્થિત રથનું માત્ર સૂચન કરવામાં આવે જે વધુ સંભવિત છે. કારણ કે ઉપરોકત રંગનિર્દેશ પછી તરતજ રંગનિર્દેશ છે કે 'સૂતં સંસંભ્રમં પરિક્રામતિ' અર્થાત સારથિ ગભરાયેલો પરિક્રમણ કરે છે.

'વેણીસંહારમાં' સંચારી ભાવોનો અભિનયના સૂચક રંગનિર્દેશો પણ મળે છે જેમ કે પ્રથમ અંકમાં દ્રૌપદી 'સહર્ષમ્' અર્થાત હર્ષપૂર્વક પોતાની ઉકિત બોલે છે. પ્રથમ અંકમાંજ ભીમસેન 'સક્રોધમ્' અર્થાત ક્રોધપૂર્વક પોતાનો સંવાદ કહે છે. બીજા અંકમાં દુર્યોધન 'વિચિન્ત્ય' અર્થાત્ 'ઉંડો વિચાર કરી' પોતાની ઉકિત બોલે છે. બીજા અંકમાંજ બંને સખીઓ એક બીજાને 'સવિષાદ' નિહાળે છે. બીજા અંકમાંજ ભાનુમતી 'લજ્જાં નાટયતિ' અર્થાત લજ્જાનો અભિનય કરે છે. આ તમામ પ્રકારના આંગિક અભિનયો ભરતમુનિએ જેને 'આભ્યન્તર' પ્રકારનો શાસ્ત્રાનુસારી અભિનય કહયો છે તે પ્રકારનો રહેશે.

કાલીદાસ પછીના કાળમાં લખાયેલી નાટ્યરચનાઓમાં આંગિક અભિનય સૂચવાતા રંગનિર્દેશો વાચિત અભિનયનો એક આંતરિક ભાગ બની રહે છે. ગમે તે વિષયવસ્તુ હોય, ગમે તે પાત્ર હોય, ગમે તે રસ હોય, જે રીતે ભાષા અને શબ્દો પ્રયોજાય છે તે રીતેજ આંગિક અભિનયના સૂચક રંગનિર્દેશો સૂચવાય છે.

## કર્પૂર મંજરી

રાજશેખર રચિત સટ્ટક 'કર્પૂર મંજરી' (પ્રાકૃત ભાષામાં લખાયેલી નાટ્યરચના) માં આંગિક અભિનયના સૂચક રંગનિર્દેશો આ પ્રમાણે મળી આવે છે.

'કર્પૂર મંજરીના' પ્રથમ જવનિકાન્તરમ્ ' અર્થાત પહેલા અંકમાં પ્રસ્તાવના પુરી થયા પછી તરતજ રંગનિર્દેશ મળે છે કે ' તતઃ પ્રવિશતિ રાજા દેવી, વિદૂષકો વિભવતશ્ચ પરિવારઃ ક્ષ સર્વે પરિક્રમ્ય યથોચિતમુપવિશન્તિ ।' અર્થાત તે પછી રાજા, રાણી, વિદૂષક તેમજ તેમની સાથે આવશ્યક પરિચરો પ્રવેશે છે. બધા પરિક્રમણ કરી યથાયોગ્ય આસન ઉપર બેસી જાય છે.' અહીં ભરતમુનિએ નાટ્યશાસ્ત્રના ૧૪ મા અધ્યાયમાં શ્લોક ૧૬ માં સામૂહિક પ્રવેશમાં પાત્રોના વર્ગ તથા સ્થાન નિયમ જણાવ્યાનુસાર પ્રથમ પ્રતિહારી પ્રવેશશે અને તે પછી વિદૂષક અને અન્ય પાત્રો ધ્વારા ઘેરાયેલો રાજા પ્રવેશ કરશે.

પ્રથમ અંકમાજ વિદૂષક, રંગનિર્દેશમાં સૂચવાયું છે તે પ્રમાણે 'વલિત ગ્રીવમ્ ' અર્થાત્ ગ્રીવાની વલિત ક્રિયા દાખવી પોતાની ઉકિત કહે છે. ભરતમુનિએ આઠમાં અધ્યાયમાં ચહેરા સહિત ગ્રીવાને બાજુએ ફેરવવી તેને 'વલિતા' કહી છે અને તેનો વિનિયોગ ગ્રીવા નમાવી જોવાના ભાવમાં સૂચવ્યો છે.

બીજા અંકમાં રાજા કેતકીના ફુલની સુગંધનું સૂચન કરે છે. અહીં રાજા આંખની કુંચિત ગતિ તથા સોચ્છવાસા નાસાકર્મ તથા અચલ હસ્તમુદ્રાના વિનિયોગ ધ્વારા સુગંધનું સૂચન કરશે.

બીજા અંકમાં કર્પૂરમંજરી, અશોક દોહદવાળા દૃશ્યોમાં ' ચરણતાડનં નાટ્યતિ' અર્થાત્ અશોકવૃક્ષ ઉપર પાદપ્રહારનો અભિનય કરે છે. અહીં કર્પૂરમંજરી 'અર્ધચન્દ્ર હસ્ત' ધ્વારા અશોકવૃક્ષનું સૂચન કરશે. વર્ધમાન સંયુત હસ્ત વડે અશોકવૃક્ષ ગ્રહણ કરવાનું સૂચન કરશે તથા અશ્વક્રાન્તા સ્થાન તથા સૂચી અથવા આવિધ્ધચારી ના વિનિયોગ ધ્વારા પાદપ્રહારનું સૂક્ષ્મ નાટ્યધર્મી શૈલીમાં સંકેતાત્મક રીતે કરશે.

ત્રીજા અંકમાં રાજા તથા વિદૂષક અંદર પ્રવેશવાનો અભિનય કરે છે. ઇતિ પ્રવેશં નાટ્યતઃ 'અહીં પાછળ ભરાતાં ડગલાં ધ્વારા તથા પતાક હસ્તના વિનિયોગ ધ્વારા અંદર પ્રવેશ્યાનો સંકેત કરવામાં આવશે.

<u>ત્રીજા અંકમાં</u> રાજા 'સ્પર્શસુખમભિનીય' અર્થાત્ રાજા કર્પૂરમંજરીના હાથને સ્પર્શવાના સુખનો અભિનય કરે છે. અહીં ઉત્સંગ હસ્ત, લલિત દૃષ્ટિ, અને ઉત્ક્ષેપ ભ્રુકુટિના વિનિયોગ દ્વારા સ્પર્શસુખનો સંકેત કરવામાં આવશે.

<u>ચોથા અંકમાં</u> રાજા તથા વિદૂષક વટસાવિત્રીના મહોત્સવની શોભા નિહાળવા માટે કેલિવિમાન નામના 'પ્રાસાદાધિરોહણંનાટ્યત:' અર્થાત્ મહેલ ઉપર ચઢવાનો અભિનય કરે છે. અહીં અલિકાન્તા ચારીમાં પાદ વિન્યાસ કરી પ્રસાદ અધિરોહણનો સંકેત કરવામાં આવશે.

<u>ચોથા અંકમાં</u> પ્રમદોદ્યાનની મધ્યમાં સ્થિત વટમૂળની નીચે ચામુંડા દેવીના મંદીરમાં સુરંગદ્વાર ખોલીને કર્પૂરમંજરી પ્રવેશે છે. વટવૃક્ષની નીચે સુરંગના દ્વારા ઉપરજ ચામુંડા દેવી વિરાજમાન હોવાનું ભૈરવાનન્દ કહે છે. અહીં કર્પૂરમંજરી બનતી નટી, પતાક હસ્ત ઉંચો કરી તથા પ્રસારી, આંગળીઓ નીચે તરફ વાળી અંધકારનો સંકેત કરશે, બે સામ સામા રહેલા ત્રિપતાક હસ્ત વડે સુરંગદ્વારનો સંકેત કરશે, એક ત્રિપતાક હસ્ત અને તેની સાથે ઉચિત પાદવિન્યાસ દ્વારા અંદર પ્રવેશવાનો સંકેત કરશે. આ તમામ આંગિક અભિનય ચામુંડા મંદિરનું સૂચન કરતાં કક્ષ્યાવિભાગમાં કરવામાં આવશે.

<u>ચોથા અંકમાં</u> મહારાણી, દેવી ચામુણ્ડાને પ્રણામ કરે છે. અહીં મહારાણી બનતી નટી પદ્મકોશ હસ્તમુદ્રાનો વિનિયોગ કરશે. તે પછી તરતજ મહારાણી ભૈરવાનન્દને પોતે વિવાહની સામગ્રી તૈયાર કરી છે તે લઇને હમણાં પાછી આવે છે એમ કહી પ્રસ્થાન કરે છે. અહીં 'મુષ્ટિ' તથા 'હંસાસ્ય હસ્ત' દ્વારા પ્રસ્થાનનો સંકેત કરવામાં આવશે. મહારાણી કર્પૂરમંજરી વાત સાચિ દૃષ્ટિ તથા એક પાર્શ્વમાં નત ગ્રીવા કરી સાંભળે છે. રક્ષાગૃહ અને ચામુંડા દેવીનું મંદિર આ બન્ને સ્થાનો વિશિષ્ટ પ્રકારના આંગિક અભિનય દ્વારા અભિનય દ્વારા સૂચવાશે. રાજશેખરે પણ અહીં રંગનિર્દેશમાં કૌશલ્ય દાખવ્યું છે. રાણી રક્ષાગૃહમાં જવાનો માત્ર અભિનય કરે છે.' દેવી નાટિતકેન નિષ્ક્રામતિ' જ્યારે કર્પૂરમંજરી ખરેખર રક્ષાગૃહમાં જવા માટે પ્રસ્થાન કરે છે.' કર્પૂરમંજરી નિષ્કાન્તા'

આમ ભિન્ન રંગનિર્દેશ દ્વારા બંને પાત્રોની વિશિષ્ટ આંગિક ચેષ્ટાઓ રાજશેખરે સૂચવી છે.

<u>ચોથા અંકના અંત ભાગમાં</u> રાજા તથા કર્પૂરમંજરી નો વિવાહ, બે અરાલ હસ્ત એક બીજાને ગોળ ફરતા રાખી અને આંગળીઓના સ્વસ્તિક દ્વારા સૂચવાશે. બંને અગ્નિને ફરતે ગોળ પ્રદક્ષિણા કરે છે તે પણ ઉપરોક્ત હસ્ત દ્વારા સૂચવાશે. આમ રાજશેખરના સટ્ટક પ્રકારના રુપકમાં આંગિક અભિનયના સૂચક અનેક રંગનિર્દેશો મળી આવે છે.

સંસ્કૃત નાટ્યસાહિત્યમાં, શ્લોકના પઠનની સાથો સાથ થતો આંગિક ચેષ્ટાઓ રુપે તથા રંગનિર્દેશમાં સૂચવાયેલી નૃત્યસંદૃશ, રુપબધ્ધ Stylised અને નાટ્યધર્મી રુઢિ દ્વારા થતી સંકેતાત્મક આંગિક ચેષ્ટાઓ રુપે આંગિક અભિનયના અનેક ઉદાહરણો મળી આવે છે એટલુંજ નહીં નાટ્યના કાર્યસ્થળ locale અને વાતાવરણ environment તેમજ વિવિધ દૃશ્ય શ્રાવ્ય અસરો ઉભી કરવા માટે આંગિક અભિનયનો વિનિયોગ ભરપૂર પ્રમાણમાં જોવા મળે છે. આમ પ્રાચીન સંસ્કૃત નાટ્ય એ નૃત્ય-નાટ્ય Dance - Drama સ્વરુપનું અને પ્રાચીન સંસ્કૃત નાટ્યપ્રયોગ Play Production પૂર્ણપણે નટાશ્રિત હોવાનું તથા પ્રાચીન સંસ્કૃત રંગમંચ actor's theatre હોવાનું ફલિત થાય છે.